
કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક
વર્ષ ૧૨ · અંક ૧૧ · કારતક ૧૯૯૨ ❋ તંત્રી:
રવિશંકર રાવળ · સંપાદક: બચુભાઈ રાવત



Golden Eagle
Photo: Horst Siewert

Courtesy of the artist and
the German Photo-Annual



મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત: તંત્રી અને પ્રકાશક : રવિશંકર મહાશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

વાર્ષિક લવાજમ, રૂા. ૬ (પરદેશ ૧૨ શિ.) છ માસિક લવાજમ રૂા. ૩ (પરદેશ ૬ શિ.) છુટક ૦-૧૦-૦

મુંબાઈના એજન્ટ : સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨

એક અગત્યના ખબર

વાચકોએ જોયું હશે કે દર વર્ષે અમે જેમ બે માસ અગાઉથી ગ્રાહકોને તેમનાં પૂરાં થતાં લવાજમોની યાદી આપી નવા વરસના લવાજમ માટે છેલ્લો અંક વી.પી. કરવાના ખબર આપીએ છીએ તેમ આ વર્ષે અમે કર્યું નથી.

એનું કારણ અમે આવતા વર્ષથી નવું જ પગરણ કરવાની તૈયારીમાં પડ્યા છીએ. એના ખુશ ખબર વિગતવાર આપ આવતા અંકમાં વાંચી શકશો. હાલ તો એટલું જ કે આવતા વરસથી 'કુમાર' અભિનવ અને સમૃદ્ધ રૂપે બહાર પડશે. એની હાલની યોજનામાં ઘણો વધારો થશે–પૃષ્ઠ સંખ્યામાં, રૂપરંગમાં, ચિત્રસંખ્યામાં, વિભાગોની વિવિધતામાં. છતાં લવાજમ તેનું તે જ રહેશે.

ઉપરાંત એક બીજા આનંદજનક ખબર અત્યારે આપવાના છે. આવતા વર્ષ માટે અમે કાર્યાલય તરફથી થોડાં કૅલેન્ડરો કાઢવાના છીએ. અમારાં પરિમિત સાધનોને લીધે તેની સંખ્યા અમે વધારી શકીએ તેમ નથી. છતાં 'કુમાર'નાં આવતા વર્ષનાં ગ્રાહકો માટે અમે થોડી સંખ્યા અનામત રાખી છે. પહેલી જાન્યુઆરીએ તે બધાં ખતમ થશે.

'કુમાર'ના આપ ગ્રાહક છો, અને તેના આટલા પરિચય પછી આવતે વર્ષે પણ આપ ચાલુ રહેવાના જ એ વાતની અમને તો શંકા નથી. તો પછી, માત્ર થોડા જ દિવસ લવાજમ વહેલું ભરવાથી મળતી આ નાની સરખી ભેટ–'કુમાર'ની યાદગીરી શા માટે ખુઓ?

નીચેના કાર્ડમાં આપનું નામ લખી આપના લવાજમ સાથે એ મોકલી આપશો એટલે કૅલેન્ડર મેળવનારાઓની એ યાદીમાં આપનું નામ અમે રજિસ્ટર કરી આપની નકલ અનામત રાખીશું; જે આપને નવા વર્ષના પહેલા અંક સાથે મળશે. ૩૧મી ડીસેમ્બર સુધીમાં આપના આ ખબર અમને મળશે તો જ આ લાભ મેળવી શકશો–અન્યથા નહિ. અને તેમાં યે વહેલા તે પહેલા. અમને ખાતરી છે કે માત્ર થોડા જ દિવસ લવાજમ વહેલું મોકલવાની આળસમાં તો આપ આ લાભ નહિ ગુમાવો. અને એક વાત.

લવાજમ મનીઑર્ડરથી મોકલતાં રૂ. ૬–૨–૦ ખર્ચ થાય; અને વી.પી. થી મંગાવો તો રૂ. ૬–૫–૦ આપવા પડે. શા માટે આપ એ ત્રણ આના નાહકના ગુમાવો–અને વળી પોસ્ટની સગવડે વી.પી. રવાના થાય એટલો મોડો અંક મેળવો? છતાં આપને વી.પી. થી જ મંગાવવું અનુકૂળ હોય તો આ સાથેના કાર્ડમાં તેની વ્યવસ્થા રાખી છે. જોજો; પેલો કૅલેન્ડરનો લાભ રખે વિસારે પડે! આ અંક વાંચતાં પહેલાં આ નીચેનું કાર્ડ ફાડી ભરી જ નાખીને આગળ વધવું સારું છે. **શુભસ્ય શીઘ્રમ્.**

વ્યવસ્થાપક 'કુમાર' તા. ....

'કુમાર'ના આવતા વર્ષના ગ્રાહક તરીકે મારું નામ ચાલુ રાખશો. તેના લવાજમના રૂ. .... આજ-રોજ મનીઑર્ડરથી મોકલું છું*(અથવા) આવતો અંક વી.પી.થી મોકલી વસુલ કરશો.

ગ્રાહક નંબર .... **નામ** ....

ઠામ-ગામ ....


*બેમાંથી જે રીતે લવાજમ વસુલ કરાવવું હોય તે રાખીને બીજું છેકી નાખવું.

આપને ગ્રાહક તરીકે ચાલુ ન રહેવું હોય તો ઉપરના ભાગ પર છેકો મારી નીચેનું ભરી મોકલશો.

વ્યવસ્થાપક 'કુમાર' તા. ....

આવતા વર્ષથી 'કુમાર'ના ગ્રાહક તરીકે મારું નામ કમી કરશો. મારો ગ્રાહક નંબર .... છે.

નામ-ઠામ ....



શિલ્પ અને સાહિત્ય

ચિત્રકાર • વ્રજલાલ ત્રિવેદી (ગુજરાત કલાસંઘ ચિત્રશાળા)

યૂરોપિયન શૈલીના ચિત્રકળાના અભ્યાસમાં તાદૃશ્ય સર્જનનું મહત્ત્વ ગણાયું છે અને હવે એ શૈલી લગભગ સર્વવ્યાપ્ત થઈ ગઈ છે. ચિત્રકળાના પ્રત્યેક વિદ્યાર્થીએ એક વાર તે પ્રાપ્ત કરી લેવાની જરૂર જણાવાથી આવી સ્થિર રચનાનું દૃશ્ય આબેહૂબ આલેખવાનું શીખી લેવું પડે છે. રંગભરી આકૃતિઓ, પદાર્થો અને છાયા-પ્રકાશનો ચિત્રપ્રયોગ સાધીને આ રચના કરવામાં આવે તો તે પણ કળાકૃતિનું પદ પામી શકે છે. ઉપરની આખી ચિત્રપાટી કંઈક આકર્ષણ અને તરંગ ઉપજાવે છે એટલું તો જોનારને લાગશે જ.

વર્ષ બારમું · અંક અગિયારમો **કુમાર** કારતક · ઓગણીસ સો બાણું

અહમ્

· શિખરિણી ·



ગુહા અંતર્‌કેરી ભરીભરી અહંઘોષ સ્ફુરતો,
જવા વિશ્વે વ્યાપી અદકી વધતી આત્મની વ્યથા,
થતું હૈયાને જે સ્થલસ્થલ કહું મારી જ કથા,
પ્રયાણાર્થે ઘેલો કદમ ભરવા પ્રાણ ઝુરતો.
ચહે અંગો મીઠા સુમસુરભિના પુંજ લચતા,
અને શીર્ષે વાંછે મુકુટ ધરવા શૃંગ ગિરિનાં,
ઊડી ઊંચે તારા ઝડપી રચવા માલ્ય નવિના,
લઘુ ચિત્તે મોટા ઉરછલકતા કોડ મચતા.

મહા વિસ્તારો આ અમિત વિહરે કાલસ્થલના,
ખચેલા સૌન્દર્યે; પણ હું વિણ સૌ શૂન્ય સરખા,
અહીં ઊભીને મેં કરી જ રચના ભાવિ–ભૂતની,
અને મારે જોયે સ્થલ સકલને જીવની મળી.
હતું સૌ: એ સાચું! હતી પણ ખરી હુંની જ મણા;
વિના હું બ્રહ્માંડે કવણ કરતે વિશ્વરમણા?

ઉમાશંકર જોષી

ઉપરના સૉનેટમાંનો 'અહમ્' એ ષડ્‌રિપુઓમાંનો 'અહંકાર' નથી, પણ કોઇકોઇ વેળા આપણા સૌમાં પ્રાદુર્ભૂત થતા પ્રેરણાત્મક 'અહમ્'નું એ પરોક્ષદર્શન છે. ખગોળના અભ્યાસથી પહેલી નજરે જે અલ્પતા ઘણાને લાગે છે કે 'આવડા મોટા વિશ્વમાં માણસ તો અણુથી યે અણુ સરખો છે' તેની સામે ઉત્તર રૂપે આ ઉદ્‌બોધક 'અહમ્' છે. પહેલા અષ્ટકમાં અંગ, અંતર અને આત્મા જે અવકાશભરતી ઊર્મિઓ કોડથી છલકે છે અને વિશ્વને વ્યાપી લેવા તલસે છે તેની ઝંખનાનું ગાન છે, અને એ મહત્ત્વાકાંક્ષાથી મત્ત અંતર છેલ્લી છ લીટીઓમાં પલટો લઇ પુકારે છે કે સ્થલ અને કાલના સૌન્દર્યખચિત આ મહા વિસ્તારોની કિંમત, હું ન હોત તો, કેટલી હતી? કાળનો પ્રવાહ તો અસ્ખલિત છે; પણ હું વચ્ચે ઊભો રહ્યો તેથી જ મારી પીઠ પાછળ ભૂતકાળ ને નજર આગળ ભવિષ્ય પ્રકટ્યા. મારા જેવડા આવડા માણસ માટે જ આ બધી લીલા છે. એટલે કે વિશ્વની કિંમત મનુષ્ય આંકે એટલી જ. સત્યદર્શન, સૌન્દર્યદર્શન છેવટે તો આત્મલક્ષી જ.

સામયિક ચિંતન

નેપથ્યમાં

'મારી પાસે એકાદ સારી લેટ,* એક વરસની ખરચી અને થોડુંક લોઢું ને કોલસા હોય તો હું દુનિયાનો બાદશાહ બની જાઉં.' મારા મિત્રે પોતાના અવાજમાં નિરાશાની છાંટ આણતાં કહ્યું.

'મને પણ એ જ દરદ છે.' મેં એના સૂરની નકલ કરતાં કહ્યું: 'મારે જેટલું જોઇએ છે એટલું મારી પાસે નથી. મને તો, દોસ્ત, એમ જ થયા કરે છે કે જો હેન્રી ફૉર્ડ એનું કારખાનું મને સોંપી દે તો જેમ એણે માણસોને મોટરમાં દોડાવ્યા એમ હું વિમાનમાં ઉડાડું. પણ વોહ દિન કહાં!'

મારા મિત્રના કાન ચમક્યા. મારી મશ્કરીથી એને દુ:ખ થયું હોય એમ લાગ્યું. તેણે કહ્યું, 'તમને મશ્કરી જ સૂઝે છે. પણ આ બેકારી મારૂં મગજ ચસ્કાવી દેશે એમ મને લાગે છે. યાર, કાંઇક ઉપાય તો બતાવો.'

મને લાગી આવ્યું. મેં જરા ગંભીર થઇ કહ્યું, 'મારૂં બોલવું તમને મશ્કરી જેવું લાગ્યું તે માટે દિલગીર છું. પણ કટાક્ષથી મુદ્દો રજુ કરવામાં જે મઝા છે તે સાક્ષરી ભાષામાં નથી. બાકી હું તમને સ્પષ્ટપણે તો એ જ કહેવા માગું છું કે તમારા જેવો કારીગર કદાચ જરૂર હોય તો સાધન પણ ઉપજાવી શકે.'

'હું સમજું છું.' એણે લાંબો નિસાસો નાખતાં કહ્યું, 'એમ તો કારખાનામાં હતો ત્યારે ઘણી યે વખત કાંઇ ભાંગફોડ થાય ત્યારે જોઇતો માલ અમે ઘેર જ બનાવી લેતા; પણ આપણું કામ બધું કન્ટ્રી.'

'તો આપણે પહેલાં એકાદ કન્ટ્રી લેટ બનાવો.' મેં એની જ પરિભાષામાં હાંક્યું.

'પણ એ "ઇંગ્લિશ" કામ ન આપે ને!' તેણે બેપરવાઇથી જવાબ આપ્યો.

'પણ "ઇંગ્લિશ" કામ આપે એવી લેટ પછી આપણે ઉત્તરોત્તર ન બનાવી શકીએ?' મેં પૂછ્યું.

મારા મિત્રને મારા અડબાઉ પ્રશ્નો કંટાળા પર કંટાળો આપતા હતા, પણ એવા નીરસ પ્રશ્નો વચ્ચે કોઈ કોઈ બાળક પોતાના પિતાને પૂછે કે 'આપણે રાજા ન થઇ શકીએ?' અને એ પિતાને જેવું હસવું આવે એવું હસવું મારા મિત્રને મારો આ પ્રશ્ન સાંભળતાં આવ્યું. તેણે જ્ઞાતાના ગૌરવથી કહ્યું, 'આપણો આરો ક્યારે આવે? એ લોકો તો મશીન પર બનાવે છે.'

'તમે બેકાર રહ્યા એટલા સમયની મજૂરી લોઢાંમાં નાખી હોત તો? અને આપણે એ મશીન ન જ બનાવી શકીએ?'

'આપણી પાસે પહેલવહેલાં તો સ્ટીલ ગાળી શકાય એવી ભઠ્ઠી જ ક્યાં છે?'

'બરાબર છે; પણ આપણે બીડ, પિત્તળ, કાંસાં કે લાકડાથી ચલાવી લેવું.'

મારા મિત્રને વધુ હસવું આવ્યું. તેણે કહ્યું, 'તમે એટલું યે સમજતા નથી કે સ્ટીલના જેવી તાકાત એ કોઇનામાં નથી?'

'હું સમજું છું; પણ સાથોસાથ હું એમ પણ સમજું છું કે સ્ટીલના જેટલી તાકાત લાવવા બીજી ધાતુઓની જાડાઇ વધારી શકાય.'

'પણ એવી રીતે મશીન કેવું મોટું ને વજનદાર થાય?'

'પરંતુ સ્થિર રહેતા ભાગનો જ પ્રશ્ન હોય ત્યારે આપણે યંત્રના કદ સાથે શો સંબંધ? પાતા આપાના ખેતરમાં ન્યૂ યૉર્કના બ્રૉડવે જેટલું ભાડું ક્યાં પડે છે કે જગ્યાનો પ્રશ્ન રહે? વિલાયતવાળા જેવડાં યંત્ર વાપરે એવડાં જ વાપરવાનું આપણે કાંઈ ખત કરી આપ્યું છે?'

'પણ લોઢું વધારે જોઇએ એનું શું?'

'યંત્રમાં લોઢાની કિંમત તદ્દન મામૂલી છે. ખરી કિંમત તો બનાવવાની અને ફેરવવાની મજૂરીની જ છે અને તેથી

* [Lathe: યાંત્રિક સંઘેડો. એને માટે કારીગરોએ બનાવેલો આ અપભ્રંશ શબ્દ અહીં વાપર્યો છે.]

કુંભાર કે સરાણિયો, મણિયાર સોનાર કે છીપો-હાથકારી ઉપર ગુજરાન ચલાવતો દેશનો કારીગરમાત્ર પોતાનાં





પરદેશથી અહીં આવતાં યંત્રો મજબૂતમાં મજબૂત ધાતુનાં બનાવવાં જ પરવડે. પણ આપણે કોઈ નબળી ધાતુનો દાગીનો વાપરવાની જગ્યાએ જ ઢાળી લઇએ તો કદાચ તે વજનદાર થાય તો પણ શી ચિંતા?'

તુરત મારા મિત્રની કલ્પનાએ સાંઢિયા જેવડો દરજીનો સંચો ઉપજાવી કાઢયો અને તે પોતે ખડખડાટ હસ્યો; અને આ જ આપણી ખૂબી છે. હિંદ પોતાના તત્ત્વજ્ઞાન માટે ખ્યાતિ પામ્યું કેમકે એની કલ્પનાશક્તિ ખૂબ સશક્ત છે. માત્ર એનો સર્જનાત્મક ઉપયોગ કરવાનું આપણે ઘણી વખત ભૂલી જઇએ છીએ, એટલું જ. વળી તેણે હસતાં ઉમેર્યું, 'કાંસાની છરી, બીડની સોય, પિત્તળનાં બૉલબેરીંગ, એ બધાં કમાલ કામ આપશે, નહિ?'

આ નિર્દય મશ્કરી મને બિલકુલ ન ગમી. મેં કહ્યું, 'આપણો મુખ્ય પ્રશ્ન બની શકે એટલા યંત્રના ભાગોને એક યા બીજી રીતે હિંદી સ્વરૂપ આપવાનો છે. કેટલાક ભાગો એવા પણ હોય જે આપણી યોજનામાં સમાઇ ન શકે, અને તે ભાગોને બહારથી આણવા જોઇએ. પણ તમે બારીક વિચાર કરી જુઓ જોઇએ. કોઇપણ યંત્ર બનાવવામાં આમ બહારથી અવશ્ય લાવવા જ પડે એવા ભાગ કેટલાક નીકળશે?'

'એ બધું સાચું, પણ અમે તે મશીન બનાવવામાં લેટ તો પહેલી જોઇએ એનું શું?'

'ત્યારે તમારી લેટ તો કોઇ જાદુઈ લાકડી લાગે છે.' મેં કૃત્રિમ આશ્ચર્યથી પૂછ્યું.

'માટે જ હું કહું છું ને કે મારી પાસે એક લેટ હોય તો હું કોઇના બાપની પરવા ન કરૂં' તેણે ઉત્સાહથી જવાબ આપ્યો.

'સાચું, હવે મને યાદ આવ્યું:' મેં ચલાવ્યું: 'હું ઇતિહાસ ભણતો ત્યારે અમારે એવું આવ્યું હતું કે પાસિફિક મહાસાગરમાં ખાણ ખોદતાં તેમાંથી પાંચ લેટ નીકળેલી, અને પાંચ બળવાન રાજ્યો તે લઇ ગયાં. પછી બીજાઓએ તેમાં ભાગ માગ્યો તે તેઓએ ન આપ્યો એટલે એક જબરી લડાઇ સળગી. પછી...'

'મને મૂર્ખ બનાવો છો? લેટ તો કારીગર મશીન પર બનાવે.'

'તો મારી ભૂલ થઇ હશે. બીજાં કોઇ મશીન કદાચ એવી રીતે નીકળ્યાં હશે; પણ કાંઇક નીકળ્યું તો હતું જ.'

'હું સમજતો નથી, આ કઇ જાતની મશ્કરી તમે કરો છો? મશીન એમ કયાં રેઢાં પડયાં છે? એ તો ઢાળીને કે ઘડીને બનાવવાં પડે અને પછી લેટ પર કાંતવાં પડે.'

'પણ તમે કહો છો કે મશીન બનાવવામાં લેટની જરૂર પડે, અને લેટ બનાવવામાં મશીનની જરૂર પડે; તો પછી પહેલું શું થયું હશે? અને તે કેવી રીતે થયું હશે?'

મારા મિત્ર પાસે આ પ્રશ્નનો જવાબ ન હતો.

× × ×

અમારા વિવાદની આ સાંકળને કેટલીક કડીઓ કાઢી નાખીને મારે અહીં આપવી પડી છે, તેથી યંત્રકામના અનુભવીઓ બે ત્રણ સ્થળે તેમાં અસંબદ્ધતા જોઇ શકશે. એમ છતાં તેમાં એક તંતુ તો સળંગ ચાલ્યો આવતો સ્પષ્ટ રીતે જોઇ શકાય છે, અને તે તૈયાર વસ્તુઓની આસપાસ આપણી કલ્પનાએ વણેલું કાંઈક ચમત્કારનું તત્ત્વ.

એ તૈયાર વસ્તુ કોઇ યંત્રનો નમૂનો હોય કે પથ્થર પરની કારીગરી, ચિત્ર હોય કે કાવ્ય, નાટકનું કોઈ હૃદયદ્રાવક દૃશ્ય હોય કે બોલપટની કોઇ ભ્રામક યોજના: પણ એ બધાં જ્યારે તૈયાર થઇને આપણી સામે ખડાં થાય છે ત્યારે એ વસ્તુઓના ઘડતરના નેપથ્યમાં ન જઈ શકતી આપણી કલ્પના એ વસ્તુઓની આસપાસ સ્વપ્નસૃષ્ટિના જેવી કોઇ અગમ્યતાની છાયા ફેલાવી દે છે.

આ અસ્ફુટ છાયા કલાના ક્ષેત્રમાં જરૂર આપણી સંરક્ષક છે. પ્રેક્ષકોનાં હૃદય નટના કૃત્રિમ જીવન સાથે એકતાર થયાં હોય એવામાં કોઇ એ નટને તેના ખરા નામે બોલાવે તો પ્રેક્ષકોની સમાધિમાં ચોક્કસ ભંગ પડે. ચિત્રપટમાં આકાશમાં ઊડી જીવસટોસટના ખેલ ખેલતો ખેલાડી માત્ર કાચની રચેલી સૃષ્ટિમાં ઊભો ઊભો જ એ બધો અભિનય રચી રહ્યો છે એમ જો આપણે સાથોસાથ જોઇ શકતા હોઇએ તો એ રોમાંચથી

મોટા ભાગનાં ઓજારો કે હથિયારો હજી ગઈ કાલ સુધી પોતાને હાથે જ તળપદાં સાધનોમાંથી બનાવી લેતા



ઊભા થએલા વાળ આ જ્ઞાનની ક્રૂર શીતળતાથી દબાઇ જાય. એકધારા પ્રવાહવાળું લાગતું કોઇ કાવ્ય એ સ્વરૂપમાં તે આવ્યું તે પહેલાંનું, કવિની પહેલી નકલ પરનું તેનું સ્વરૂપ જોવાનું કમભાગ્ય આપણને મળે તો આપણને એમ જ લાગે કે 'કવિઓ જન્મે છે' એવા ખોટા પ્રલાપોથી કવિઓ પોતાની મહત્તાનાં નગારાં જ ટીપે છે, બાકી વસ્તુતઃ તો બીજા બધા પરસેવો ઉતારતા કારીગરોની માફક તેઓને પણ કાનસ, ચીપીઆ અને ટાંકણાનો (કદાચ સૂક્ષ્મ સ્વરૂપે) છૂટે હાથે ઉપયોગ કરવો પડે છે. અને કદાચ આ જ્ઞાનથી કવિની દૈવી સંપત્તિ બાબતની આપણી કલ્પનાઓના કિલ્લા જમીન પર પટકાઈ પડે. અને ચિત્રસૃષ્ટિનું પણ આવું જ કાંઇક. અને તેથી કલાના નેપથ્યમાં ગયા વિના, માત્ર પ્રેક્ષક તરીકે તેનો આસ્વાદ લેવામાં જ મઝા છે, એ ખરૂં.

પણ જીવનનાં બધાં ક્ષેત્રોમાં આવી ભ્રામક વિચારપ્રણાલિથી, આવી ઉપરછલ્લી દૃષ્ટિથી જોવા ટેવાએલું માનસ જ્યારે ઉદ્યોગની બાબતોમાં પણ એ જ વલણ ચાલુ રાખે છે ત્યારે પ્રજાને દેવાળું ફૂંકવું પડે છે. અને આવી ભ્રમિત કલ્પના જ આપણને યંત્રોથી બનતા માલ માટે બંધાઇ ગઇ છે. યંત્રની સાથે હાથ હોડ ન બકી શકે એ સત્યને આપણે નિર્વિવાદ રાખીએ. પણ એ સામાન્ય માન્યતાએ ઉપજાવેલા પૂર્વગ્રહોની લાંબી પરંપરા આપણા કેટલા યે યુવાનોને હાથ વડે કામ કરતાં અટકાવે છે, એ જ દુઃખનો વિષય છે. એ પૂર્વગ્રહોએ ઉપજાવેલા ભયથી આપણી ઘણી પ્રજાશક્તિનો હ્રાસ થાય છે ત્યાં જ આપણો પરાજય છે.

યંત્રની સાદી વ્યાખ્યા 'તકલીફ બચાવનારૂં સાધન' ભલે હોય, પણ તેથી યંત્ર એવી કોઈ દૈવી વસ્તુ બની નથી જતું કે જેથી ખાણમાંથી કાઢેલી માટી તેમાં નાખીએ એટલે આપોઆપ તૈયાર માલ આપે. બહુબહુ તો, માણસને જે કરતાં વધુ સમય લાગે તેવું કામ તે થોડા વખતમાં કરી આપે. જોકે મનુષ્યની શક્તિને બીજી અનેક રીતે ઓળંગી જનારાં પણ યંત્રો હોય છે ખરાં. પણ એ બધાં અંતે તો આ ઝડપી યંત્રોનાં જ ફરજંદ છે. અને તેથી યંત્રની આ મર્યાદા આપણે પૂરેપૂરી સમજવી જોઇએ છે. મનુષ્યના કે પ્રજાના જીવનમાં એવા પણ પ્રસંગો આવે છે જ્યારે સમય કે શક્તિ અથવા એ બંને મળીને થતી 'તકલીફ'ના કરતાં યંત્ર ખરીદવા માટેનું દ્રવ્ય વધુ કિંમતી થઇ પડતું હોય. અને એ વખતે યંત્ર વિના ચલાવી લેવું વધુ સસ્તું થઇ પડે. એક પૈસાની નજીવી કિંમતનો સોયો કોઇ વેરાન ટાપુ પર જોઇતો હોય તો એક મહિના સુધી હાડકાંને પથ્થર પર ઘસવાં પડે. અને છતાં એ તકલીફ લેખે નથી લાગી એમ કોણ કહેશે?

કલાકારો હમેશાં આ રહસ્ય સમજતા આવ્યા છે. રંગોની અતિ સૂક્ષ્મ છાયાઓ બતાવવા માટે રંગીન પ્રવાહીના નાના ફુવારા સમું 'એર બ્રશ' બધા ચિત્રકારો વાપરી શકતા નથી. અને છતાં પોતાની સાદી પીંછીથી કંટાળેલો ચિત્રકાર આપણી નજરે કોઇ નથી પડતો. દરેક ફોટોગ્રાફરના નસીબમાં પ્રકાશ અને સમય, તેમજ ઉષ્ણતા અને રાસાયણિક ક્રિયાની ગતિ એ બધાં માપવાની છેલ્લામાં છેલ્લી શોધોનો ઉપયોગ કરવાનું લખ્યું નથી હોતું. દરેક શિલ્પીને ભાગે ઇટાલીનો સંગેમરમર જ નથી આવતો. અને હાથીદાંત પર શોભે એવું નાજુક કોતરકામ સુખડ કે સીસમ પર થએલું અનેકવાર આપણી નજરે પડે છે. આ બધા કલાકારોને સમય કે શક્તિ એ બંને પોતાના અંતિમ ધ્યેય આગળ તુચ્છ લાગે છે. અને તેથી જ પાંગળાં સાધનોથી પણ તેઓ સુંદરમાં સુંદર કૃતિઓ સરજી શકે છે.

પણ કમનસીબે હુન્નરના ક્ષેત્રમાં, અને કલામાં પણ જે તબક્કે વ્યાપારી દૃષ્ટિ પ્રવેશે છે ત્યાં, 'તકલીફ' એ કોઇ ભયંકર રાક્ષસ બની જાય છે; અને કલાકાર નહિ બની શકતા કારીગરની નાડીઓનું રૂધિર તે ચૂસી જાય છે. આથી જ આપણો કારીગર ઢાળો પાડવા માટેના પહેલા નમૂનાને સારી રીતે પૉલિશ કરવાની અને માટીની પસંદગી અને મિલાવટમાં ધ્યાન રાખવાની તકલીફ બચાવવા પ્રેરાય છે. પછી ભલેને ઢાળેલા આકારો પર કાનસ મારી મારીને આંતરડાં વલોવી નાખવાં પડે! અને એ જ કારણે કોઇ વર્કશૉપમાંથી પોતાની કાબેલિયતને કારણે રૂખસદ (જીવન એવું જ છે!) પામેલો કોઇ કારીગર પોતાની પાસે એ વર્કશૉપ જેવાં યંત્રો નથી એ દુઃખે મહિનાઓ સુધી નોકરીની શોધમાં રીબાશે, પણ પોતાને આવડતું હોય એવું એકાદું કામ કરી શકે એવું કામચલાઉ યંત્ર બનાવી ઉત્તરોત્તર એને અવકાશે સુધારી લેવાનું તેને નહિ સૂઝે; ખરી વાત કે આવડત ઉપરાંત મૂડીની પણ આ કામમાં જરૂર પડે છે; પણ બેકારીના દિવસોમાં યે પેટ જે માગે છે એટલું ભટ્ટી ન માગે; અને છતાં પેટને તો ગમે તેમ કરીને ય આપવું પડે છે. એટલે વાસ્તવિક રીતે તો યંત્રની શક્તિ સંબંધેના બંધાઇ ગએલા ભ્રમભરેલા પૂર્વગ્રહો જ એને સીધી કે આડકતરી રીતે નડતા હોય છે; સીધી રીતે એમ કે તે પોતે હિંમત હારી જાય છે; આડકતરી રીતે એમ કે બીજાઓ તેની રહીસહી હિંમતને સ્વાહા કરી જાય છે. ત્યાં ઉત્તેજન કે ઉત્સાહનો પ્રશ્ન જ ક્યાં રહ્યો?

અને આવા પૂર્વગ્રહો અહીં હિંદમાં કાંઈક વિશેષ પ્રમાણમાં છે એનું એક ખાસ કારણ છે. આપણી જનતાને યંત્રજગતના નેપથ્યમાં નજર કરવાનો કદી પ્રસંગ જ આવતો નથી. યંત્રસૃષ્ટિના આશાવાદને આપણી નજરે પડવાની આપણે કદી તક જ આપી નથી. અમેરિકાની ભૂગોળ શીખતી વખતે ન્યૂ યૉર્કનાં સ્કાઇસ્ક્રેપરોની ઊંચાઈ આપણને ચકરી આણે છે, અને એ દેદીપ્યમાન વર્તમાન કરતાં અનેકગણો બોધપ્રદ ભૂતકાળ જેણે એક નાના વહાણમાં સમાઇ શકે એટલાં સાદાં ઓજારોથી આ બધું શક્ય બનાવ્યું તે, આ ગગનગામી પ્રાસાદોની છાયામાં ઢંકાઇ જાય છે. આપણે જર્મનીનાં દરિયાઇ અને હવાઈ

જહાન્તે કે ઇંગ્લંડની તોપો જોઇને રાચીએ છીએ; પણ એ બધી સામગ્રીની પાછળ પ્રજાજીવનની સંગઠિત શક્તિનો વહેતો પ્રવાહ આપણું ધ્યાન ખેંચતો નથી. કેમકે નાટક કે યંત્રજગતની માફક ઇતિહાસના હૃદયમાં જવાની પણ આપણને ઓછી પરવા છે.

આપણે જોઇએ છીએ માત્ર પાશ્ચાત્ય વેપારીઓએ પોતાની વડાઇની જાહેરાત કરવા માટે છાપેલાં તેઓની સ્થાવર મિલકતનાં ચિત્રો. આપણાં સારાંસારાં ગામ કરતાં પણ વિસ્તાર અને વસતીમાં વધે એવાં ગ્રાઇસ કે કપનાં કારખાનાંનાં આર્ટ-પેપર પર છાપેલાં એ સફાઇદાર ચિત્રો જોતાં આપણી કલ્પના દિઙ્મૂઢ બની જાય છે. પરંતુ સાથોસાથ એ કારખાનાંમાં નીતરતા પરસેવાનો પણ આપણને ખ્યાલ આવતો હોય તો? પણ એ ચાલાક ફોટોગ્રાફરો એ પરસેવાને પોતાનાં કાળાં કપડાંથી કલાપૂર્ણ રીતે લૂછી નાખે છે; અને તેથી જ આપણી લોકપ્રિય કલ્પનામાં એ યંત્રજગતની સ્મૃતિ વખતે માત્ર કોઇ પરીઓની સૃષ્ટિ જ આવીને ઊભી રહે છે, અને આપણે એમ જ માની લઇએ છીએ કે ત્યાં બધું કામ યંત્રથી થતું હશે અને યાંત્રિકો તો હસતા, રમતા, પ્રેમ કરતા કે મિજમાનીઓ જ ઉડાવતા હશે!

પણ વાસ્તવિકરીતે એવું નથી. યંત્ર પર કામ કરતો પાશ્ચાત્ય કારખાનાંનો પ્રત્યેક કારીગર એ યંત્ર સાથે પોતાની પણ તનતોડ મહેનત નીતારતો હોય છે. યંત્ર તો માત્ર એને તાકીદે કામ આવે છે. કામમાં સફાઇ આણવામાં કામદારની ચાલાકી કામ કરી રહી હોય છે. જોકે ઘણી વખત એ સફાઈ આણવાનું કામ પણ યંત્રને સોંપી શકાયું હોય છે. તેમ છતાં એ કામદારની ચાલાક આંખો, કુશળ આંગળાં અને સમાધિસ્થ બનેલા માનસને તો સતત ક્રિયાશીલ જ રહેવાનું હોય છે; નહિ કે અદબ વાળી યંત્રનું સંગીત સાંભળ્યા કરવાનું કે એનું નૃત્ય જોયા કરવાનું. અને જો કે આપણા બધા કારીગરો આ વસ્તુ સમજતા હોય છે. તોપણ લોકમાનસનો સબળ પ્રવાહ તેઓને પોતાના કલ્પનાજગતમાં ઘસડી જાય છે. અને એ લોકમાનસને નગ્ન સત્ય શીખવવા માટેની ઔદ્યોગિક ફિલ્મો તો, સંસ્કારિતાના ઇજારદાર આપણા ડાયરેક્ટરો પ્રણયગાન-માંથી પરવારે ત્યારે આપણને આપે ને?

આપણા એ લોકમાનસનો બીજો એક નમૂનો આ રહ્યો: એક મિત્રને મેં એક વખત ચિત્ર બતાવ્યું. એ ચિત્ર 'કુમાર'માં વૂડકટ તરીકે જાડા કાગળ પર આવેલું; અને છૂટું પડયું હોય તો આઘેથી ડ્રૉઇંગ પેપર પર કોઇએ ચીતર્યું હોય એવું તે લાગતું હતું. પેલા મિત્રે તે જોઇને આશ્ચર્યથી પૂછયું, 'તમે એ ચીતર્યું?' મેં કહ્યું, 'ના રે ભાઇ, હું શું ચીતરીશ? આ તો એક બહાર પડેલા કલાકારનું છે.' એ ચિત્રનું આશ્ચર્ય વધ્યું. તેમણે પોતાની ખુરશી પરથી હાથ લંબાવી કહ્યું, 'બહુ સુંદર લાગે છે; જોઇએ મારા હાથમાં આપો તો.' મેં તે તેમના હાથમાં આપ્યું ન આપ્યું ત્યાં તો તેમણે તે બેપરવાઇથી મારા તરફ પાછું ફેંક્યું અને બોલ્યા, 'અંહં, આ તો છાપેલું છે. મેં તો ધાર્યું કે હાથે ચીતર્યું છે!'

મને હસવું આવ્યું. એ ચિત્ર છાપેલું હતું માટે એમાંની કલા માટે આશ્ચર્ય પામવા જેવું એમને કાંઇ લાગતું નહોતું. જો ડ્રૉઈંગ પેપર પર ચીતરેલું જોત તો એ આશ્ચર્ય પામત! મેં કહ્યું, 'પણ છપાયા પહેલાં તો તે આમ જ કોઇ માણસને હાથે ચીતરાયું હશે ને?'

મારા મિત્રે ટૂંકો જવાબ આપ્યો: 'ઇ ઠીક, પણ...' અને બાકીના શબ્દો એમના મગજનાં અટપટાં ગૂંચળાંમાં કોણ જાણે ક્યાં અટવાઇ ગયા તે હજુ બહાર નથી આવ્યા.

અને જેવું એ ચિત્રનું એવું જ એ યંત્રનું.

હરિકૃષ્ણ વ્યાસ

આપણી નજરે

અમદાવાદના વિદ્યાર્થીઓની એક પરિષદ તા. ૩૦મી નવેમ્બર અને ૧ લી ડિસેમ્બરના રોજ પ્રો. ખુશાલ તલકશી શાહના અધ્યક્ષપદે અમદાવાદમાં મળી હતી. જેમાં અત્યારની કેળવણીની નિષ્ફળતા સંબંધે તથા તે માટે કાર્યશીલ થઈ સક્રિય પગલાં ભરવા માટેના ઘણા નોંધલાયક ઠરાવો થયા છે.

કાઠિયાવાડના જાણીતા લોકસેવક અમરેલીવાળા રાજરત્ન હરિલાલ પારેખનું અવસાન થયું છે.

સ્વ. સર સુરેન્દ્રનાથ બૅનરજીના નાના ભાઈ કૅપ્ટન જે. એન. બૅનરજી ૭૬ વર્ષની ઉમરે હમણાં ગુજરી ગયા. તેઓ કદી પરણ્યા જ ન હતા અને પાછળ એક લાખ પંચોતેર હજારની રકમ બંગાળામાં શારીરિક તાલીમ માટે મૂકતા ગયા છે.

કૉંગ્રેસની ૫૦મી સાલગ્રેહ એટલે સુવર્ણ મહોત્સવ માટે ડિસેમ્બરની ૨૮મી તારીખ નક્કી થઇ છે. પહેલી કૉંગ્રેસ ૧૮૮૫માં મુંબાઇમાં મળી હતી.

હિંદુસ્તાનના ઉદ્યોગોમાં કપાસનો ઉદ્યોગ પ્રથમ નંબરે આવે છે. તેનાં ૬૧૫ કારખાનાંમાં ૩૬૦,૪૦૦ મજૂરો રોકાએલા છે. બીજે નંબરે સાકરનો ઉદ્યોગ આવે છે. તેનાં ૧૪૨ કારખાનાં-માં ૧૫૦૦ ગ્રૅજ્યુએટો અને રસાયણ જ્ઞાન ધરાવનારાઓ તથા ૭૫૦૦ કેળવાએલા માણસો રોકાએલા છે, જ્યારે તાલીમી અને બીનતાલીમી મજૂરોની સંખ્યા ૨૦૦,૦૦૦ની થાય છે.

સંસ્કૃત સાહિત્ય અને ભારતીય સંસ્કૃતિના પ્રખર વિદ્વાન

(અનુસંધાન આગળ પાન ૪૨૯ મે)

ડૉ. ભીમરાવ રામજી આંબેડકર

મુંબાઇ ઇલાકાના અસ્પૃશ્ય કોમના યેવલે ગામે થોડા વખત પહેલાં ભરાએલી પરિષદમાં દસ હજાર અસ્પૃશ્યોના અધ્યક્ષપદેથી ડૉ. આંબેડકરે જે ભાષણ કર્યું તેનાથી એ આખા સમાજમાં ખળભળાટ સાથે ઘણી જાગૃતિ આવી ગઇ છે. જે ધર્મમાં રહેવાના કારણથી અત્યંત નિકૃષ્ટ પ્રતિનું જીવન ગળે ઘાલવાનો વારો એ સમસ્ત કોમ પર આવ્યો છે અને જેમાં વિષમતા એ જ એક મુખ્ય અંગ છે એવા હિંદુ ધર્મ છોડી, વિના ખટકે બીજા ધર્મનો સ્વીકાર કરવાનું સૌને જાહેર રીતે સૂચવી તેમણે ઉદ્‌ગાર કાઢ્યા કે 'હું અસ્પૃશ્ય જાતિમાં જન્મ્યો એ મારૂં દુર્દૈવ દૂર રાખવાનું ભલે મારે હાથ નહોતું, પણ એ ધર્મ તરફની હીન અને અપમાનાસ્પદ સ્થિતિનો ત્યાગ કરવો એ તો મારે સ્વાધીન છે, અને એટલા જ માટે મરતાં સુધી પણ હિંદુ ધર્મમાં ન રહેવાનો મેં નિરધાર કર્યો છે.'

ડૉ. આંબેડકર જેવા વિદ્વાન, સુસંસ્કૃત અને સમાજના કલ્યાણ માટે મોખરે રહી કામ કરનારા અગ્રણી ગૃહસ્થને આવા ઉદ્‌ગાર કાઢવા વખત આવે એ પરથી અસ્પૃશ્યતાનું પાતક કયા પડ સુધી પહોંચ્યું છે તેની સ્પષ્ટ કલ્પના આવી શકશે. ડૉ. આંબેડકરના આ ઉદ્‌ગારો દ્વારા સાત કરોડ જેટલી લોકસંખ્યાનો અસ્પૃશ્ય વર્ગ જ જાણે પોતાનો મનઃક્ષોભ વ્યક્ત કરી રહ્યો લાગે છે.

પોતાના ધર્મ માટેનું મમત્વ મનુષ્યમાત્રને પ્રથમ દરજ્જે હોય છે. ધર્મ ખાતર મનુષ્ય પ્રસંગ આવતાં મૃત્યુને પણ ગણતો નથી. પણ એ ત્યારે જ કે જ્યારે એ ધર્મથી પોતાનું અને પોતાના સમાજનું હિત છે એવી ખાત્રી એને હોય. આજે આપણો ધર્મ એવી ઉચ્ચ કોટિનો છે? હરિજન બાંધવો તરફ એ કઈ દૃષ્ટિએ જોઇ રહ્યો છે? મનુષ્યમાત્ર ઇશ્વરની પ્રજા છે એવી ઉદાર વૃત્તિ એ ધર્મના માર્તંડોમાં છે ખરી? સમાજના એક આખા અંગને જનાવરોથી પણ હીન લેખવાનું જે અમાનુષીપણું અને તેમના મનોભાવો પર અપમાનોના જે અસહ્ય ઘા આપણે આજ શતકોના શતકોથી કરતા આવ્યા છીએ તેની બળતરાએ જ ડૉ. આંબેડકર જેવાના મુખમાંથી ધર્મત્યાગનો નિરાશાવાદી ઝનૂનનો ઉદ્‌ગાર કઢાવ્યો છે. એમાં દોષ એમનો નહિ, પણ એ જખમો દેનાર સ્પૃશ્ય હિંદુનો છે.

અસ્પૃશ્યો પ્રત્યે ભલે અદૂરદૃષ્ટિ સનાતની વર્ગની સહાનુભૂતિ નહિ હોય, પણ નવા વિચારના બુદ્ધિવાદી તરુણ વર્ગનો તો તેમને મજબૂત ટેકો છે એટલું તેઓ વીસરે નહિ. આ તરુણો સત્યના, સમતાના અને સ્વતંત્ર વિચારોના ભોક્તા છે. સ્પૃશ્યાસ્પૃશ્યનો ભેદ નષ્ટ કરાવવો એ તેમનું એક બિરદ છે. આવી પરિસ્થિતિમાં હિંદુ ધર્મ છોડી જવા જેવો હારી ખાવાનો વિચાર ડૉ. આંબેડકર જેવા વીર વૃત્તિના મનુષ્યને માટે ઉચિત નથી. અસ્પૃશ્યતાનિવારણનું પોતે માથે લીધેલું કર્તવ્ય ચાલુ રાખીને તેઓ આગળ ચાલશે તો એ સિદ્ધિ જ મેળવવાના છે. યશોદેવતા તેમના સ્વાગતની તૈયારી કરી રહેલો છે.

('કિર્લોસ્કર' માસિકના તંત્રી શ્રી શંકરરાવ કિર્લોસ્કરના સંપાદકીય લેખમાંથી)

ગુણીપણું, વિદ્વત્તા, જ્ઞાન આપણને માનયોગ્ય લાગે છે ખરાં? વળી આપણે વારંવાર 'વિદ્વાન સર્વત્ર પૂજ્યનીય છે' એમ બોલ્યા કરીએ છીએ પણ તદનુસાર આચરણ કરીએ છીએ ખરા? ડૉ. ભીમરાવ રામજી આંબેડકર—અસ્પૃશ્યતાના નાયક, એમના અંગત ગુણો, એમની વિદ્વત્તા અને એમની સમાજસેવા એ પૈકી કશાની રજભારે કલ્પના આપણને છે ખરી? ઘણા મોટા ભાગનો જવાબ નકારનો જ મળશે. 'ઉંહ, એ તે વળી ક્યારના મહાન થઇ પડ્યા?' એવું બોલનાર ઘણા નીકળશે.

કારણ ડૉ. આંબેડકર એટલે મહારોના અગ્રણી, બધું એકાકાર કરનાર, હિંદુધર્મદ્રોહી, દેશવિઘાતક, બ્રાહ્મણોના કટ્ટા દ્વેષ્ટા, મનુસ્મૃતિ (હા મનુસ્મૃતિ!) સળગાવનાર, હિંદુ-હિંદુમાં ફૂટ પાડનાર, મહાડ નાસિક આદિ વગેરે સ્થળે સ્પૃસ્ય હિંદુ વિરુદ્ધ અસ્પૃશ્યોનો સત્યાગ્રહ સળગાવનાર, સરકારનો બગલબચ્ચો, કૉંગ્રેસ વિરોધી, મહાત્મા ગાંધીને ન માનનાર, પોતાના જીવ ઉપર આવે તોય લીધી વાત ન છોડનાર, એવાં કેટલાંયે વિશેષણોનું

પ્રથમ પંક્તિના કાયદાપંડિત, ઉત્તમ અર્થશાસ્ત્રી, નામાંકિત વિદ્વાન, અપ્રતિમ પુરુષાર્થી

–એ બધાં કરતાં યે જેમનું સાચું ઓળખાણ તો છે

અસ્પૃશ્યોના નીડર અગ્રણી



લેખે ડૉ. આંબેડકરનું નામ લેતાં જ આગળ આવે છે.

એ વિલાયત જઇવિદ્યાવિભૂષિત થઇને આવ્યા પછી પણ આવી સ્થિતિ હતી, તો પ્રાથમિક ને માધ્યમિક શિક્ષણ લેતાંલેતાં તેમનો તિરસ્કાર ,માનખંડન અને અપમાન કેટલી વેળા થયાં હશે તે તો કલ્પનાથી પણ સમજાય. બાળવયમાં આવા પ્રકારનો કેર જોઈ મન ઉપર તેનું કેવું પરિણામ થયું હશે? એક જ દાખલો લઇએ. અંગ્રેજી શાળામાં ગયા પછી ભીમરાવને સંસ્કૃત શીખવાની ઈચ્છા થઇ. પણ ત્યાં જ જાતિનો પ્રશ્ન આડો આવ્યો અને તેમને નાઇલાજે પર્શિયન શીખવું પડ્યું. સંસ્કૃત શીખવાની ના પાડનારા શાસ્ત્રી બુવા બોલ્યા: આ તો દેવભાષા. અતિશૂદ્રો એ શીખે તો પાપ લાગે; અને હું તને શીખવું તો મને મહાપાપ લાગે! આવી પરિસ્થિતિમાં એમના મનમાં કેવીકેવી લાગણીઓ ઉભરાતી હશે?

જીવનના મુખ્ય પ્રસંગો

ડૉ. આંબેડકરનો જન્મ ૧૮૯૨ની ૧૪મી એપ્રિલે થયો. ઇંદોર નજીક આવેલા મહૂમાં એ જન્મ્યા હતા એ બીનાથી તેમના વડીલ લશ્કરમાં હશે એવો તર્ક થાય જ અને તે ખરો છે. રામજી માલોજી આંબેડકર મહૂની લશ્કરી છાવણીની એક પલટનમાં હતા અને તેમણે સરહદની અનેક લડાઇઓમાં બહાદુરી બતાવી ચાંદ મેળવ્યા હતા. તેમને ઘેર ભીમરાવ નામના પુત્ર જન્મ્યા. તે જ ડૉ. આંબેડકર.

આંબેડકરનું મૂળ ગામ રત્નાગિરી જિલ્લામાં દાપોલી નજીક આંબેડ કરીને છે, પણ ભીમરાવ ત્યાં ભાગ્યે જ વસ્યા છે. ચોથી ચોપડી સુધીનું પ્રાથમિક શિક્ષણ દાપોલીમાં અને પછી અંગ્રેજી ચોથી સુધી સતારામાં, એટલો અભ્યાસ કરી ભીમરાવ પાંચમીથી બી.એ. સુધી મુંબાઇમાં જ ભણ્યા. એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાંથી ૧૯૦૮ની સાલમાં મૅટ્રિક થઇને ગાયકવાડની શિષ્યવૃત્તિ મેળવી ને બી.એ. સુધી એલ્ફિન્સ્ટન કૉલેજમાં શિક્ષણ લીધું. ૧૯૧૨માં બી. એ. થઇને પછીના વર્ષમાં ગાયકવાડ મહારાજની કૃપાથી તે અમેરિકા ગયા અને ત્યાં કોલંબિયા યુનિવર્સિટીમાં એમ. એ. અને પી. એચ. ડી. એમ બે પદવી મેળવી ૧૯૧૬મા પાછા આવ્યા અને વચનપૂર્તિ કરવા વડોદરાની નોકરી પર રજુ થયા.

પણ તેમના હાથ નીચે કામ કરનાર કારકુન સુદ્ધાં તેમના ટેબલને અડે નહિ! તેમને આપવાના કાગળો પણ અદ્ધરથી પડતા મૂકે! આંબેડકરને પોતાના ટેબલ પાસે આવવાની ના કહી દીધી એટલેથી જ પત્યું નહિ; જે પારસી હૉટેલમાં આંબેડકર રહેતા હતા તેના માલિકનો બહિષ્કાર કરવાની ધમકી આપી આંબેડકરને ત્યાંથી કઢાવ્યા. રહેવાની જગ્યા મળે નહિ, ઑફિસમાં વેગળા રહેવાનું, એ બધાથી ચિડાઇ આંબેડકરે વડોદરાની નોકરીનું સજીનામું આપ્યું અને મુંબાઇમાં સિડનહામ કૉલેજ ઑફ કૉમર્સમાં અધ્યાપકની જગ્યા મેળવી.

પણ ભીમરાવ માત્ર પ્રોફેસરી ઉપર સંતુષ્ટ રહ્યા નહિ. તેમની આકાંક્ષાઓ તો મોટી હતી. બેત્રણ વર્ષ અધ્યાપનનું કામ કરીને તે ઇંગ્લંડ ગયા અને લંડન યુનિવર્સિટીની ડી.એસ.સી.ની પદવી મેળવી. સાથેસાથે બૅરિસ્ટર પણ થયા. ૧૯૨૪ની સાલમાં તે પાછા સ્વદેશ આવ્યા અને મુંબાઇની હાઇકૉર્ટમાં બૅરિસ્ટરી કરવા લાગ્યા.

મહાડમાં તલાટીના કૂવાના પાણી અસ્પૃશ્યોને પણ ભરવા દેવાનો જે પ્રચંડ સત્યાગ્રહ ૧૯૨૭માં થયો તેનું નેતૃત્વ ડૉ. ભીમરાવ આંબેડકરનું હતું. મનુસ્મૃતિ એમણે સળગાવી તે એ જ સમયે. ૧૯૨૭માં મુંબાઇની પ્રાંતિક

ધારાસભામાં તેમની નિમણૂક થઇ ને ૧૯૩૦ના નાસિકના સત્યાગ્રહમાં ડૉ. આંબેડકર પ્રમુખ હતા, પણ ગોળમેજી પરિષદ માટે ખાસ નીમાએલી પરિષદમાં તે હોવાથી તેની કામગરી વધારે મહત્ત્વની ઠરી અને તે ઇંગ્લંડ ગયા. ત્યાંથી આવ્યા પછી મહાત્માજીએ પ્રાણાંતિક ઉપવાસો આરંભ્યા તે વખતે ખુદ મહાત્માજીએ કહ્યું હતું કે 'ડૉ. આંબેડકર મારો પ્રાણ તમારી મૂઠીમાં છે.' આજે ડૉ. આંબેડકર મુંબાઇની લૉ-કૉલેજના પ્રિન્સિપાલ છે.

ગાજરપારખુ સમાજ

તેમના આયુષ્યની આ મહત્ત્વની બીનાઓ પર થોડો વિચાર કરતાં કેટલીક તો કૌતુકાસ્પદ લાગશે. તે દરેક જોકે તેમના પોતાના માટે તો ગૌરવદાયક છે પણ આપણો સમાજ જાત્યંધ ગાજર પારખુ રહ્યો. ડૉ. આંબેડકરની કોઇને સાચી પિછાન પણ થઇ નહિ તેમ તેમનામાં રહેલા અંગત ગુણોની કદર પણ કોઇ કરી શકયા નહિ.

એક મહારનો છોકરો,—સમાજે હાંકી કાઢેલી જાતિમાં જન્મેલો, આર્થિક દૃષ્ટિએ પાંગળો અને ધાર્મિક દૃષ્ટિએ નાકોવત બનેલો, સામાજિક નજરે કોઢિયા જેવો અને રાજકીય દૃષ્ટિએ નિર્માલ્યવત્ લેખાતો, એવો, અસ્પૃશ્યજાતિના એક લશ્કરી સિપાઇનો છોકરો—ભણે છે, પદવીઓ મેળવે છે, અમેરિકા-ઇંગ્લંડના વિદ્વાનોની પોતાના પાંડિત્ય માટે શાબાશી પામે છે, એમ. એ., પીએચ. ડી., ડી. એસસી., બાર-એટલૉ એવી ડિગ્રીઓથી વિભૂષિત થાય છે, પ્રોફેસર અને પ્રિન્સિપાલ જેવી જગ્યા પર ચડે છે તેમાં તેની કર્તવ્યનિષ્ઠા હોશિયારી, નિશ્ચયાત્મકતા મહેનત વગેરે સર્વ અસામાન્ય ઠરતાં નથી શું? પણ કોને પડી છે? આંખો બંધ રાખી બેઠેલાને શું દેખાય?

એમની મુશ્કેલીઓની કલ્પના યથાર્થપણે નહિ થઇ શકે. ઘરની ગરીબી તેમાં વડીલને વૃદ્ધાવસ્થાએ મળતું રૂા. ૫૦નું પેન્શન કંઇ નહિ તો ડઝન જેટલાં માણસોના કુટુંબને મુંબાઇ જેવા શહેરમાં કેટલુંક પૂરૂં પડે? અને મજૂરોની ચાલીમાં કબૂતરખાના જેવી ગર્દીમાં ભીમરાવનો અભ્યાસ કેમ થયો હશે? પરંતુ નિશ્ચયબલ બધું કરી શકે છે. રાત્રે લોકો સૂઇ જાય, બધું સૂમસામ થાય ત્યારે દોઢ કે બે વાગ્યે ઊઠી એકાદ ખૂણામાં ભરાઇને અભ્યાસ ચલાવે. એ રીત વર્ષોનાં વર્ષ ચાલી.

પોતાના લોહીમાં વડીલોપાર્જિત લશ્કરી પાણી પામેલા ભીમરાવ કાયદેપંડિત પ્રોફેસર થયા ત્યારે તેમની લડાયક વૃત્તિને યોગ્ય અવસર મળ્યો. સ્પૃશ્ય હિંદુ સાથે સ્વહક્ક માટે ઝગડવામાં જ તેમનું પુષ્કળ સાર્વજનિક આયુષ્ય ખર્ચાયું છે. 'મૂક નાયક', 'સમતા', 'જનતા', 'બહિષ્કૃત ભારત' ઇત્યાદિ મરાઠી સાપ્તાહિકો તેમણે ચલાવ્યાં; સંઘો સ્થાપ્યા અને પરિષદો ભરાવી; ધારાસભામાં જઇને અસ્પૃશ્યોની અધમ દશા દૂર કરવાના થાય એટલા પ્રયત્નો કર્યા; મહારવતન બિલ તૈયાર કર્યું; ઠેકઠેકાણે પરિષદો અને સભાઓમાં પોતાનું કથન અડાણી, નિરક્ષર, દલિત, દુબલ અને અસહાય વર્ગને ગળે ઉતાર્યું અને તેમના હકોનું રક્ષણ કરવાનું બીડું ઝડપ્યું.

પરિશ્રમ, આકાંક્ષા, સતશીલ

તેમના યશોકાર્યનો મર્મ બિસ્માર્કના શબ્દોમાં કહીએ. બિસ્માર્ક કહેતા: 'To youth I have but three words: work, work, work'. ડૉ. આંબેડકરની અભ્યાસની મહેનત જોઇ વિસ્મય થવાય છે. ડી. એસસી. પરીક્ષા માટે લંડનમાં એ હતા તે વખતે અરધા ભૂખ્યા રહી બાર કે ચૌદ કલાક અખંડ અભ્યાસ કરવાની એમની શક્તિ જોઇ ઈતર જનો પણ છક થઇ જતા. તેમની મહત્ત્વાકાંક્ષા પણ એવી જ અજબ છે. 'તમને હિંદના વાઇસરૉય નીમે તો તમારી આકાંક્ષા પૂરી થાય ખરી?' એમ એક સ્નેહીએ તેમને પૂછ્યું. 'અરે, તોપણ નહિ' એવો જવાબ તેમણે આપ્યો. આકાંક્ષા અને કાર્યપરાયણતા એ બે ગુણો સાથે તેમનામાં નિર્વ્યસનીપણું છે. વિલાયતમાં એટલો બધો વખત રહેવાનું થયું છતાં ચિરૂટ કે સિગારેટનું વ્યસન પણ તેમને લાગ્યું નથી.

પ્રખર અભ્યાસ

ડૉ. આંબેડકરની મહેનત લેવાની પદ્ધતિ બધાં જ કાર્યોમાં જણાઇ આવે છે. કોઇપણ જાતનું લખાણ હોય, ભાષણ હોય અથવા કૉલેજનો પાઠ્ય વિષય હોય તે દરેકમાં કસીને મહેનત તો કરવાની જ. તેમાં ખામી રહેવી ન જોઇએ. બૅરિસ્ટરના કામમાં પણ એ જ પ્રકાર. તેમના મદદનીશો એવા પરિશ્રમથી કંટાળી જઇ માથાં કૂટી મરે, અકળાય, મૂંઝાય, પણ ડૉ. આંબેડકર જરા યે ચસક દે નહિ. સાઇમન કમિશનની મદદ કરવા પ્રાંતિક કમિટીઓ નીમવામાં આવી હતી તેમાં મુંબાઇની

(અનુસંધાન આગળ પાન ૪૨૫ મે)




મસ્તી

ચિત્રકાર · કનુ દેસાઈ

સર્વપ્રિય બાળચેષ્ટાથી રીઝી રહેલી પ્રસન્ન માતા બાળકના હાસ્યમાંથી ફૂટતા આનંદના પ્રવાહે નાહી રહી છે. પણ કેવી સાદી રેખાઓમાં આ ગુર્જર રમણી આલેખાઇ ગઈ છે! તેના મસ્તકથી માંડી જમીન પર ટેકવેલા હાથ સુધી નજર કરતાં રેખાઓ ભુલાઈને સુકોમળ સ્વચ્છ દેહલતાનો જ પરિચય થાય છે. અને વસ્ત્રો પણ કેવળ લીટીઓના ઝટકા નથી. મુલાયમ ઘડો પાડતી, ગુજરાતી સંસાર શોભાવતી એ આછોતરી સાડી ચિત્રકારના અવલોકનનું સુંદર દૃષ્ટાંત છે. ઘણીવાર ચિત્રોનાં પાત્રો આંખના તખતા પર ધસી આવતાં દેખાય છે, પણ કનુનાં ચિત્રો કોઈ ખૂબીભરી રીતે જુદી જ દશામાં ગોઠવાએલાં છતાં આકર્ષક અને રમ્ય બને છે. —ર.મ.રા.

(તાજેતરમાં બહાર પડેલા 'જીવનમંગલ' નામના એમના નવા ચિત્રસંગ્રહમાંનું એક ચિત્ર)



ઉદયપુરના રાજ્યમહેલનું પ્રવેશદ્વાર

(રાજપૂત ઢબની સ્થાપત્યકલાનો વિશિષ્ટ નમૂનો)

વિજ્ઞાનના એક અગમ્ય સિદ્ધાંત ઉપર રચાએલી અદ્ભુત વાર્તા

દૃષ્ટિપલટો

- તમે તમારા ગામમાં બેઠા હો;
- અને છતાં તમારી નજરે દેખાય કોઇ બીજા જ દેશનાં દૃશ્યો;
- જે તમારા ગામથી આઠ હજાર માઇલ દૂર પૃથ્વીના બીજા ગોલાર્ધમાં આવેલો હોય;
- ત્યાંનાં દૃશ્યો બધાં તમને આબેહૂબ દેખાય;
- એ દેશમાં રાત હોય તો અહીં ધોળે દહાડે પણ તમને ત્યાંના તારા જ દેખાય;
- અને તમારા ગામનું કશું જ નહિ!



'અને હવે હું તદ્દન જુદું જ જોઉં છું. સૂર્ય હમણાં જ ઊગ્યો લાગે છે; દરિયો જરા તોફાની છે, કોઇ નવી જાતનાં પક્ષી ઊડે છે . . . . .'

આ માન્યામાં આવે એવું લાગતું નથી, ખરૂં? પણ વૈજ્ઞાનિક શકયતાઓ ઉપર સિદ્ધહસ્ત વાર્તાઓ લખનાર મિ. એચ. જી. વેલ્સની આ નીચેની વાર્તા વાંચ્યા પછી તમને શું લાગે છે તે વિચારજો.

અમે હજુ એ વિષે એકમત થઇ શકતા નથી. સામાન્ય માન્યતા એવી છે કે કાન્તિપ્રસાદ સ્વાદિયાને થએલો એ વિચિત્ર અનુભવ કોઇ માનસિક વિકૃતિનું પરિણામ હશે. પણ પ્રિન્સિપાલ માનશંકર તો એને જુદી જ દૃષ્ટિએ સમજાવે છે. આ માનશંકર આ બનાવને જે અર્થ આપે છે એ અર્થ માન્ય રાખીએ તો ભવિષ્યમાં અનેક ચમત્કારો શક્ય બનવાની સંભાવના જણાય છે: જેમકે એ હિસાબે આપણે આપણી મોજ આવે ત્યારે દુનિયાને પેલે પાર બનતા બનાવોને સગી આંખે જોઇ શકીએ, અથવા તો આપણને સહેજ પણ ખ્યાલ ન હોય એ વખતે આપણી ખાનગીમાં ખાનગી બાબતો દુનિયાને બીજે છેડેથી કોઇ ચોર આંખો જોઇ રહી શકે, વગેરે. નસીબજોગે રા. સ્વાદિયા એ વિકૃતિ (મગજની કે આંખની તે હજુ નક્કી થયું નથી)ના ભોગ બન્યા ત્યારે તેના વધુમાં વધુ પરિચયમાં મારે આવવાનું થએલું, અને તેથી સ્વાભાવિક રીતે જ જનતા આગળ એ રહસ્યમય કિસ્સો રજુ કરવાનું પણ મારે ભાગે આવે છે.

અમે એ વખતે ગંતુરરોડ પર પેલા લાટ સાહેબના બંગલાની પાછળના મેદાનમાં આવેલી ટી. કે. લૅબોરેટરીમાં કામ કરતા હતા. નાના ઓરડામાં જ્યાં વજન કરવાના કાંટા ગોઠવેલા છે ત્યાં હું થોડાં રસાયણો જોખવા ગયો હતો, અને મિ. પ્રસાદ પ્રયોગશાળાના મોટા વચલા ઓરડામાં વિદ્યુતયંત્રો પાસે ઊભા રહી ડાયનેમોની ડિઝાઇન સંબંધે કાંઇક નોંધ લેતા હતા. બહાર ધોધમાર વરસાદ વરસતો હતો અને વીજળીના કડાકા એવું તો મગજ પકવી દેતા હતા કે કામમાં એકાગ્રતા આણવી મુશ્કેલ થતી જતી હતી. એવામાં એક મોટો કડાકો આંખ અને કાનને બ્હેરાં કરીને ચાલ્યો ગયો. તે પછી થોડી વારે મેં પાસેના ઓરડામાં કાચ ફૂટવાના જેવો કાંઇક અવાજ સાંભળ્યો. કામ પડતું મૂકી મેં તે તરફ કાન માંડ્યા. થોડી વાર તો કાંઇ સંભળાયું નહિ. બહારનાં છાપરાં પર પડતી વરસાદની તડીનો જ અવાજ આવતો હતો. પણ થોડી મિનિટ બાદ ફરી એક અવાજ સંભળાયો. આ વખતનો અવાજ તો ફૂટવાનો જ હતો. કોઇ વજનદાર વસ્તુ ઉપરથી

ઊથલી પડી હોય એવા તે અવાજ હતો. હું તરત ત્યાંથી દોડયો અને એ મોટા ઓરડામાં જવાનું બારણું ખોલી અંદર જોયું.

ઓરડાની વચ્ચે સ્વાદિયા કોઇ વિચિત્ર પ્રકારનું હસતા તથા અસ્થિર જેવા દેખાતા ઊભા હતા. એના મોઢા ઉપર ગભીર મૂંઝવણના ભાવ સ્પષ્ટ લિહી આવ્યો હતો. મારી દિશામાં સપાટો લેતી તેની આંખે મને જોયો હોય એવું ન લાગ્યું. દેશજાગ્રતિના છેલ્લા જુવાળ વખતે સ્વાદિયાએ ચા અને કૉફી પણ તજ્યાં હતાં એટલે વધુ માદક કોઇ પદાર્થની પાપી કલ્પના એમના સંબંધમાં તો મારાથી કેમ જ કરાય ? અને તો પછી આ શું! એની આંખથી એકાદ વાર જેટલે કોઈ અદૃશ્ય વસ્તુ પકડવા તેણે જરા ડરતાં ડરતાં હાથ લંબાવ્યો. પણ જાણે હાથમાં કાંઇ આવ્યું નહિ.

'સાળું આમ કેમ થાય છે?' તે બબડયા. તેણે હાથ સામે જોયું. કોઇ અતિશય દુઃખની લાગણી તેના ચહેરા ઉપર છવાઇ ગઇ અને પછી બંને હાથ પોતાના ચહેરા તથા માથા પર દાબી જોયા,—જાણે ખાત્રી કરવા કે માથું તો સલામત છે ને!

'પ્રસાદ!' મેં સહાનુભૂતિભર્યા સૂરે પૂછ્યું, 'તમને શું થયું છે?'

તેણે મારી દિશામાં નજર ફેરવી. તેની નજર મારી ઉપર, નીચે, બાજુ પર તથા મારા સોંસરવી જતી લાગી. પણ મારા પોતાના પર તેની દૃષ્ટિ ન જ ઠરી.

તેણે પાછું બબડવા માંડયું, 'મોજાં જબરાં આવે છે; અને પેલી સ્ટીમરની બનાવટ પણ સુંદર છે. પણ આ તો શંકરલાલનો અવાજ સંભળાયો—એ હો!' તેણે છેવટના એ શબ્દ ખૂબ ઊંચેથી કોઈ દૂરના માણસને સંભળાવવા હોય એમ ઉચ્ચાર્યા અને મારી દિશામાં આવવા માટે તેણે પગ ઉંચક્યા. પણ એ પગની ગતિ એવી હતી કે જાણે કેમ નીચે જમીન પર સરેસ પાથર્યો હોય અને તેથી તે ચોંટતા જતા હોય!

પહેલાં તો મેં ધાર્યું કે કુદરતની માફક તે પણ કાંઇક તોફાને ચડયા હશે. પણ ત્યાં તો મેં એના પગ આગળ અમારા સારામાં સારા ઇલેક્ટ્રોમીટરના ટુકડા પથરાએલા જોયા. મેં ઠપકો આપ્યો, 'ભલા માણસ, આ શી આદરી છે? આ ઇલેક્ટ્રોમીટર તૂટી ગયું!'

'હા, શંકરલાલ જ, બીજો કોઇ નહિ.' તે બબડયાઃ 'કાંઇ ફિકર નહિ. ભલે મારા હાથ ખોવાઇ ગયા, પણ મિત્ર તો છે ને! કાંઇક ઇલેક્ટ્રોમીટરની વાત ચાલતી લાગે છે. અરે! કેણી કોર! એ... શંકરલા... લ!' તેણે છેવટના શબ્દો વખતે વળી બૂમ મારી.

એ પછી એણે મારા તરફ આવવા માંડયું. વચ્ચે તે બબડયા. 'માખણ જેવું મુલાયમ લાગે છે.' પણ બીજી જ પળે તે સ્ટૂલ સાથે અફળાયા અને જરા પાછા હઠયા. વળી બબડયાઃ 'અહીં જરા આકરૂં આવ્યું.' અને પછી ત્યાં જ ઊભા.

મને બહુ લાગી આવ્યું. મેં નરમાશથી કહ્યું, 'સ્વાદિયા! તમને આ શું થયું?'

તેણે વળી ચારે બાજુ જોયું: 'નક્કી શંકરલાલ જ છે. પણ ભાઇસાહેબ, મારી નજરે મર ને!'

મને લાગ્યું કે કોઇ અકસ્માતથી તેણે આંખો ગુમાવી હશે. તેથી હું ટેબલને ફરીને ગયો અને તેના ખભા પર હાથ મૂક્યો. એ સ્પર્શથી એ જેવા બીના તેવી બીક મેં કદિ જિંદગીમાં જોઇ નથી. મારી પાસેથી એકદમ કૂદીને તે દૂર જઇ ઊભા અને ભયભીત આંખોએ તથા વિકરાળ બનેલા ચહેરે તેણે મારી દિશામાં જોયું. તે બોલ્યાઃ 'આ શું થઇ ગયું!'

'એ તો હું છું, શંકરલાલ. યાર, આમ ડરે છ શું?' મેં જરા કડક અવાજે કહ્યું.

પણ એથી તો એનો ભય વધ્યો. તેણે મારા તરફ તાકીને જોયું. પણ એ નજર મને જોતી જ ન હતી; મારા સોંસરવી ચાલી જતી હતી. વળી તેણે બબડવા માંડયું: 'આ કિનારો બિલકુલ સાફ લાગે છે. અને પ્રકાશ પણ પૂરેપૂરો છે. વળી સંતાવાની પણ કોઇ જગ્યા દેખાતી નથી. છતાં....' અહીં તેણે પોતાના આખા શરીર પર આતુર અને ભયગ્રસ્ત એક નજર ફેરવી પછી તરત એક અતિ કરુણ નિઃશ્વાસ નાખી બોલ્યા, 'હું પોતે જ મરી ગયો લાગું છું!'

મને એની અતિશય દયા આવી. મેં અવાજમાં બન્યું એટલું માર્દવ આણી કહ્યું, 'કાન્તિપ્રસાદ, ડરો નહિ.' અને શાંતપણે એના એ શબ્દો ફરીફરીને ત્રણ-ચાર વાર કહ્યાઃ આથી એનો ભય કાંઇક ઘટયો. છતાં પહેલાંના જેવી જ શૂન્ય નજરે તેણે પૂછ્યું, 'શંકરલાલ, આ તમે પોતે જ બોલો છો?'

'કેમ, મને તમે જોઇ શકતા નથી?' મેં પૂછ્યું.



પહેલાંના જેવી જ શૂન્ય નજરે તેણે પૂછ્યું,
'શંકરલાલ, આ તમે પોતે જ બોલો છો?'

પ્રસાદને આ પ્રશ્નથી હસવું આવ્યું. તેણે કહ્યું, 'હું તો મને પોતાને પણ જોઈ શકતો નથી. આપણે છીએ કયે ઠેકાણે?'

'આપણે અહીં પ્રયોગશાળામાં જ છીએ.'

'પ્રયોગશાળામાં?' તેણે કાંઇક વિચારમય સ્થિતિમાં પૂછ્યું: 'પ્રયોગશાળામાં તો હું હતો પેલો વીજળીનો કડાકો થયો ત્યાં સુધી. પણ અત્યારે હું બીજે ક્યાંક છું. સામે પેલી સ્ટીમર દેખાય છે તે શું?'

'સ્ટીમર–બીમર કાંઇ નથી. જરા ભેજું ઠેકાણે લાવો.' મેં કહ્યું.

'સ્ટીમર નથી?' તેણે બબડતાં કહ્યું: 'મને તો લાગે છે કે આપણે બંને મરી ગયા છીએ; પણ ખૂબી એ છે કે હજી જાણે શરીર છે જ એવું દેહભાન આપણને રહ્યા કરે છે. એનો અર્થ એવો કે હજુ આપણે આ નવી સૃષ્ટિમાં નવા નિશાળિયા છીએ. वासांसि जीर्णानि! મને લાગે છે કે પેલી વીજળી પડી એમાં એ ખોળિયું ખલાસ થઇ ગયું. બાકી કામ તો ઝપાટાબંધ થયું, નહિ શંકરલાલ?'

'પ્રસાદ, આવાં ગપ્પાં હાંકો મા. જુઓ આપણે બંને જીવતા જ છીએ, અને પ્રયોગશાળામાં જ ઊભા છીએ. તમે હમણાં જ એક નવું ઇલેક્ટ્રોમીટર ભાંગ્યું.'

પણ તેણે મારી વાત તરફ ધ્યાન ન આપતાં દિવાલ તરફ જોયું. 'મારા કાન ખરાબ થઈ ગયા લાગે છે. સ્ટીમરમાંથી હમણાં જ તોપ ફૂટી. પેલા ધૂમાડા હજુ પૂરા વીખરાયા નથી અને છતાં; મેં કાંઈ અવાજ જ ન સાંભળ્યો!'

મેં એના ખભા પર હાથ મૂક્યો. જરા ચમકીને તેણે તરત પાછું સ્વાસ્થ્ય મેળવી લીધું: પછી મારા હાથને તેણે હાથ વતી સ્પર્શ કરતાં કહ્યું, 'આપણને શરીર છે, પણ અદૃશ્ય. કદાચ ઇથરનાં બનેલાં હોવાં જોઇએ. અરે, સામે પેલા ખડકની પેલી પારથી બોટ પેલી સ્ટીમર તરફ ચાલી જાય છે. પણ આ દેશ કયો હશે?'

એવામાં પ્રોફેસર અજાણ્યા ત્યાં દાખલ થયા: 'કેમ, શું ચાલે છે?' તેમણે દાખલ થતાં જ પૂછ્યું.

પ્રોફેસરનો અવાજ સાંભળતાવેંત જ મિ. કાન્તિપ્રસાદે તાળી પાડીને નાચવા માંડ્યું. તેણે હર્ષના અતિરેકમાં આવી જઇ પૂછ્યું, 'શું પ્રોફેસર અજાણ્યા પણ આપણી સાથે ભૂત થયા છે? કમાલ! સાહેબ, સારું થયું હો! અમને એકલાં બહુ મુશ્કેલી પડતી હતી.'

મેં પ્રોફેસરને ટૂંકમાં સમજાવી દીધું કે પ્રસાદ યૌગિક મૂર્છાના જેવી કોઇ સ્થિતિમાં પટકાઇ ગએલા છે, એટલે પ્રોફેસરને એમાં ખૂબ રસ ઉત્પન્ન થયો. અમે બંનેએ મળી એને એ સ્થિતિમાંથી જાગૃત કરવા બનતો પ્રયાસ કર્યો; પણ એ દરિયાકિનારો અને સ્ટીમર અને બોટનું દૃશ્ય એની આંખ આગળથી દૂર થતું ન હતું.

એની આંખો કાંઇજ જોઇ શકતી ન હતી, એટલે કે આપણી સૃષ્ટિ તેને અદૃશ્ય હતી. તેથી તેના હાથ પકડી હું અને પ્રોફેસર તેને પ્રોફેસરના ખાનગી ઓરડામાં લઇ ગયા અને પ્રો. અજાણ્યા તેની સાથે વાત કરવામાં રોકાયા; તે દરમિયાન હું પ્રિન્સિપાલ માનશંકરને ત્યાં તેડી ગયો.

પ્રિન્સિપાલનો અવાજ સાંભળતાં પ્રસાદ કાંઇક નરમ થયા. પછી તેણે પોતાની મુશ્કેલી વ્યવસ્થિત રીતે જણાવવા માંડી. પોતાના હાથ ક્યાં છે તેની તેને ખબર પડતી ન હતી; પોતાને કેડ સુધી જમીનમાં કેમ ચાલવું પડે છે વગેરે. પ્રિન્સિપાલે પોતાની ભ્રુકુટિ હમેશની ટેવ મુજબ સંકોચી આ વાત પર ખૂબ વિચાર કરી જોયો. પછી તેણે પ્રસાદનો હાથ પોતાના હાથમાં પકડી પાસેના કૉચને ફરતો ફેરવ્યો અને કહ્યું, 'આ

કૉચ છે,—પ્રોફેસર 'અજાણાના ખાનગી ઓરડામાંનો કૉચ, પીઠપર નાળિયેરનાં છોતરાંની ગાદી અને બેઠક પર સ્પ્રિંગ, . . . સમજાય છે?'

પ્રસાદે જણાવ્યા મુજબ બધે ફરીથી હાથ ફેરવી જોયો અને પછી તેણે કબૂલ કર્યું કે સ્પર્શથી તો તે કૉચને ઓળખી શકે. પણ છતાં કૉચ તો પહેલાંના જેવો જ અદૃશ્ય રહેતો હતો!

'ત્યારે તમે ભાળો છો શું?' પ્રિન્સિપાલે પૂછ્યું. પ્રસાદે જણાવ્યું કે છીપોથી પથરાએલો દરિયાનો કિનારો જ તે જોઇ શકતા હતા. પ્રિન્સિપાલે તેને બીજી કેટલીક વસ્તુઓ હાથમાં આપી અને સ્પર્શ પરથી તેને ઓળખવા કહ્યું.

'સ્ટીમરને સુકાન પાસે . . . .' પ્રસાદે અસંગત ઉત્તર આપવા માંડ્યા.

'એ સ્ટીમર ભલે હમણાં ત્યાં જ પડી રહી. પ્રસાદ! આમ જુઓ, સાંભળો. દૃષ્ટિના ભ્રમ વિષે તમે માનસશાસ્ત્રમાં કાંઈ વાંચ્યું છે?'

'કાંઇક, કાંઈક.'

'બરાબર, ત્યારે તમે જે જુઓ છો એ બધો એવો ભ્રમ છે. સમજ્યા?'

'પણ મારૂં શરીર . . . .!'

'તમારૂં શરીર અનામત છે. અને તમે એ શરીર સહિત પ્રોફેસર અજાણાના ખાનગી ઓરડામાં કૉચ પર બેઠા છો. તમારી આંખને કાંઇક થઇ ગયું છે. શું થયું છે તે આપણે પછી વિચારીશું. પણ એના પરિણામરૂપે તમે કાંઇ જોઇ શકતા નથી. તમારા શ્રવણ અને સ્પર્શ બંને બરાબર છે. સમજાયું?'

'પણ હું તો ઘણું બધું જોઉં છું. પણ સબૂર!' તેણે પોતાની આંખો હાથથી દાબી બંધ કરી દીધી અને પછી ઉદ્‌ગાર કાઢ્યો, 'વાહ!'

'હવે ગભરાશો નહિ. શંકર તમને ઘેર પહોંચાડવા સાથે હમણાં જ આવે છે. બીજું કાંઇ?'

'હા. મને જરા આરામથી અહીં બેસાડો. હં બરાબર. હવે આપને થોડી તસ્દી આપું? મને એ બધું ફરીથી સમજાય એમ કહી જાઓ.'

પ્રિન્સિપાલે બધી સૂચનાઓનું પુનરાવર્તન કર્યું અને પ્રસાદે પોતાની આંખો બંધ રાખીને એ બધું સાંભળ્યું. 'હા. હવે બધું બરાબર લાગે છે મારી આંખો અત્યારે બંધ છે અને મને બધું સાચું લાગે છે. આ શંકરલાલ મારી સાથે કૉચ પર બેઠો છે. અને આ અજાણા સાહેબના કોટનો છેડો. આપણે બધા પાછા જાણે પ્રયોગશાળામાં જ છીએ અને તદ્દન અંધારામાં છીએ; બરાબર.'

પછી તેણે આંખો ખોલી: 'અને હવે હું તદ્દન જુદું જ જોઉં છું. સૂર્ય હમણાં જ ઊગ્યો લાગે છે. દરિયો જરા તોફાની છે. પેલી સ્ટીમરનો એકેએક ભાગ ચોખ્ખો દેખાય છે અને આ નવી જાતનાં કોઇ પક્ષી ઊડતાં દેખાય છે; અને આ બધું મને તદ્દન સ્પષ્ટ જ દેખાય છે. વળી હું જાણે ગળા સુધી રેતીમાં દટાએલો છું.'

તેણે ફરી આંખો બંધ કરી અને ફરી ઉઘાડી: 'હું જોઉં છું કોઇ નવા દેશમાં સમુદ્રકિનારો અને સૂર્યોદય; અને છતાં હું 'બેઠો' છું પ્રોફેસર અજાણાના ખાનગી ઓરડામાં! યા કિસ્મત!'

આ સ્થિતિ ત્રણ અઠવાડિયાં સુધી ચાલી. અંધાપાના દુ:ખ કરતાં પણ આ દુ:ખ મોટું હતું, કેમકે પ્રસાદની સ્થિતિ એ બધો સમય એટલી પરવશ હતી કે બાળકની માફક એની બધી તજવીજ કરવી પડતી. શરૂમાં તો જો તે ચાલવા જાય તો એની કલ્પિત સૃષ્ટિનાં દૃશ્યોને આધારે હિંમતથી પગ માંડવા જતાં તે કોઇ વસ્તુ સાથે અફળાઈ બેસે અને જ્યાં સુધી એ પછાડ કે ફટકાનું દુ:ખ ટકે ત્યાં સુધી જ વાસ્તવિક જગતનું એનું ભાન જાગ્રત રહે. પણ પછી ધામેધામે જોયા વિના પણ અમારા શબ્દો સાંભળવાની તથા દૃષ્ટિ કરતાં સ્પર્શ અને શ્રવણ પર વધુ વિશ્વાસ રાખવાની ફાવટ તેને આવવા માંડી, અને તેમતેમ પ્રિન્સિપલની સૂચનાઓ તેને વધુ સ્પષ્ટ સમજાવા લાગી. મધુરી, મારા કાકાની દીકરી, જેની સાથે પ્રસાદનું વેવિશાળ થયું હતું તે ઘણી વખત તેની પાસે આવતી, અને પોતે દૃષ્ટિ પૂરતો કોઇ જુદી જ સૃષ્ટિમાં હોવા છતાં વાસ્તવમાં કોઇ અપાર્થિવ જગતમાં તો નથી જ અને હાથ વડે તેને સ્પર્શી તથા કાન વડે સાંભળી શકે છે એ વિચારે પ્રસાદને ઘણું આશ્વાસન મળતું.

મધુને પોતાનું દુ:ખ સમજાવતી વખતે તેણે કેટલીક અજાયબ જેવી વાતો કરી. પ્રયોગશાળામાંથી મોટરમાં બેસાડી અમે તેને ઘેર લઈ ગયા એ વખતનો અનુભવ કાંઇક રેતીના થર સોંસરવા તેને ઘસડવામાં આવતો

હોય એવો તેણે જણાવ્યો અને જ્યારે તેના મકાને આવતાં તેને ઉપલે માળ તેડી જવામાં આવ્યો ત્યારે એ કલ્પિત ટાપુમાં તેને એટલે ઊંચે હવામાં ઉપાડવામાં આવતો હોય એવું તેને લાગતું હતું એમ તેણે જણાવ્યું, અને તેથી છેવટે તેને ભોંયતળિયે રાખવાનું જ વધુ સલામત લાગેલું. એને નજરે પડતાં દશ્યનું પણ એણે સ્પષ્ટ વર્ણન કર્યું. વનસ્પતિ રહિત કોઇ ટાપુ તે હશે એમ અનુમાન થતું હતું. સમુદ્રમાં આમતેમ સ્નાન કરતા ખડકો અને તે પર શેવાળ આવી રહેલાં હતાં. ત્યાં એક નવી જાતનાં સફેદ પક્ષીઓ ઊડતાં હતાં અને તે પક્ષીઓ એટલાં સંખ્યાબંધ હતાં કે ઘણા ખડકોને સફેદ રંગ આપી દેતાં હતાં. એ પક્ષીઓના પ્રસાદે આપેલા વર્ણન ઉપરથી તેમજ પાછળથી તેણે ચિત્ર જોઇ કરેલા સમર્થન પરથી તે પક્ષીઓ દક્ષિણના સમુદ્રોમાં માલૂમ પડતાં વિશિષ્ટ પક્ષીઓ હતાં એમ ખાત્રીપૂર્વક કહી શકાય. અને છતાં ખૂબી તો એ છે કે આ જાતનું પક્ષી પ્રસાદે એ પહેલાં જીવતું, મૂએલું કે ચિત્રમાં પણ જોયું ન હતું. એ ખડકો તથા કેટલેક ઠેકાણે પથરાએલા રેતીના થરોથી આગળનો સમુદ્ર મોટે ભાગે તોફાની રહેતો. એક વખત તો એ સમુદ્રમાં મોટું વાવાઝોડું થએલું અને વીજળીના કડાકાએ પ્રસાદને ચીસ નખાવેલી. સમુદ્રમાંથી કયારેક કયારેક સીલ નામનાં જાનવરો, જેને પ્રસાદ પોતે જોએલાં ચિત્રોની સ્મૃતિ પરથી તરત ઓળખી શકયા, તે કાંઠા પર આવતાં. પણ એ બધાંમાં પ્રસાદને ખરો રસ તો પેલાં પક્ષીઓ જોવામાં પડતો, જે આમતેમ ફરતાં પ્રસાદના શરીરસોંસરવાં પણ જતાં લાગતાં, અને પ્રસાદની હાજરી તરફ બેદરકાર તે સ્વેચ્છાએ વિહરતાં!

પણ એક દિવસ આ બધા કરતાં વધુ વિચિત્ર અનુભવ તેને થયો. તેની તબિયત વધુ ન બગડે એ માટે સાંજે હમેશાં તેને ફરવા તેડી જવા માટે ગાડીવાળાને સૂચના આપી દીધેલી. કયારેક અમારામાંથી કોઇ તેની સાથે ફરતા જતું અને કયારેક તે એકલા જ જતા. એક દિવસ ગાડીવાન માંદો પડેલો એટલે તેણે ગાડી લઇને પોતાના વતી પોતાના નાના ભાઇને મોકલ્યો. એ છોકરો કાને તદ્દન બહેરો હતો. માત્ર આંખની ચાલાકી અને અકસ્માતનો ભોગ ન થવાય એવા રસ્તાની પસંદગીને આધારે જ તે સહીસલામત ગાડી હાંકી શકતો. એની સાથે કામ પાડનારા બધા તેને સારી રીતે પિછાનતા અને નિશ્ચિંત ગાડીમાં બેસતા. પ્રસાદ પણ બેઠા. નિર્જન રસ્તાઓ પર ગાડી લઇ જવાનું એ બહેરાને વધારે ફાવતું એટલે નજીકના ગામડા તરફ જતા એક ઢાળ તરફ તેણે ગાડી લીધી. એ ઢાળ ઊતરતી વખતે તેમજ ઊતર્યા પછી નીચાણવાળા રસ્તા પર ગાડી ચાલી એ બધો વખત પ્રસાદને અસહ્ય દુઃખ થયું. એ વખતે ગાડીવાનનું ધ્યાન ખેંચવા એણે ઘણાં વલખાં મારેલાં, પણ બહેરા ગાડીવાળાને પાછું વાળીને જોવાની દરકાર જ શાની હોય? છેવટે પાછી વળતાં ગાડી એ ઢાળ ચડી ઉપરના રસ્તા પર આવી અને પાછા તેણે આકાશમાં તારા ભાળ્યા ત્યારે તેને નિરાંત થઈ.

'તમે તારા ભાળ્યા? અને ધોળે દિવસે?' મેં પાછળથી એ વિષયની વાત નીકળેલી ત્યારે પૂછેલું.

'હા, કેમ? આપણે અહીં દિવસ હોય છે ત્યારે ત્યાં રાત હોય છે.' તેણે કહ્યું.

એ પછી મેં તેને એ વખતે થએલા દુઃખનું વર્ણન કરવા કહેલું અને તેણે આશ્ચર્યકારક બયાન રજુ કરેલું.

તે કહે, 'પહેલાં તો મને એવું લાગ્યું કે કોઇ મને બળાત્કારે પાણી તરફ ખેંચી રહ્યું છે, અને છેવટે હું પાણીમાં પડયો પણ ખરો! માથે ચંદ્ર પ્રકાશતો હતો અને જેમજેમ પાણીની સપાટી પાસે મારી આંખ જતી ગઇ તેમતેમ જુદા દૃષ્ટિકોણે નવીન રૂપ ધારણ કરતો જતો એ વિસ્તાર ક્ષિતિજમાં દૂર અને દૂર પસરતો જતો લાગ્યો. એ આખા વિસ્તારની ઉપરની સપાટી જાણે પરાગ રજનું અસ્તર હોય ને એના પર નીચે બંને બાજુઓએ માત્ર અવકાશ હોય એમ એની ઉપરની પ્રકાશિત બાજુએ મને ભાસ આપ્યો. હું એ અસ્તર સોંસરવો ત્રાંસવટ ઊતરતો હતો. ધીમેધીમે પાણી મારી આંખ સુધી આવ્યું ત્યારે મારી આંખ હતી એટલા ભાગમાં એ અસ્તર તૂટી ગયું અને આંખ એની નીચે પહોંચી કે તરત પાછું ઉપર બંધાઇ ગયું. એ જ પળે ચંદ્રે કૂદકો મારીને આકાશમાં પોતાનું સ્થાન બદલ્યું તથા તેનો પ્રકાશ ઝાંખો અને લીલાશપડતો થઇ ગયો, અને માછલીઓ તથા ચળકતા કાચમાંથી બનાવ્યાં હોય એવાં જીવો મારી આસપાસ ફરી વળ્યાં. જેમજેમ હું નીચે ઊતરતો ગયો તેમતેમ ઝાંખો પ્રકાશ આપતી સમુદ્રની અંદરની વનસ્પતિ મારી નજરે ચડવા

ગાંડી. એક વાર તો મારે એવા એક જાળામાંથી પસાર થવું પડ્યું. ધીમેધીમે તારાઓ દેખાતા બંધ થતા ગયા અને ચંદ્ર વધુ ને વધુ ઝાંખો તથા લીલો થતો ગયો, તેમજ સમુદ્રની વનસ્પતિ પ્રકાશની ઉગ્રતા તથા રતાશમાં વધતી ગઇ. એ સિવાય બધું ઝાંખું અને ન સમજાય એવું હતું તથા બધું ધ્રૂજી રહ્યું હતું. અને આમ છતાં આ બધો વખત જે ગાડીમા હું બેઠો હતો તેનાં પૈડાં તથા ઘોડાના ડાબલાનો અવાજ તો હું સાંભળતો જ હતો!

'આમ બહુ ઊંડે ઊતરતાં બહારથી આવતો બધો પ્રકાશ અદૃશ્ય થયો અને અંદરના વેલાઓથી રોશની વધુ તેજ થઈ. એ ઊંડા વેલાઓની સર્પાકાર ડાળીઓ આરતીની ઝબુકતી દીવેટો હોય એમ આમથી તેમ ઝૂલી રહી હતી. પણ પછી તો એ વેલાઓ આવતા બંધ થયા અને નવી જ જાતની માછલીઓ મેં જોઈ. અગ્નિથી આલેખેલી હોય એવી ચળકતી રેખાઓ તેના શરીર ઉપર બંને બાજુએ હતી. અને એ માછલીઓ ક્યારેક જાણે મારી સામે ટગરટગર જોતી તો ક્યારેક મનસ્વીપણે ફરતી દોડતી મારા શરીરમાં સહેલ કરતી સોંસરવી તરી જતી!

'અચાનક હું જે દિશામાં જોઇ રહ્યો તે જ દિશામાં થોડે દૂર અંધારામાં ઓચિંતો પ્રકાશ થયો અને એ પ્રકાશની દિશામાં અનેક માછલીઓ મારી આગળ-પાછળ તથા બાજુએ તથા ઉપર નીચેથી જતી મેં જોઇ. મને પણ એ પ્રકાશ જોવાનું કુતૂહલ થયું. ધીમે-ધીમે હું પણ ત્યાં પહોંચ્યો. મેં જોયું કે લોઢાની એક ફરતી આવી રહેલી જાળીની અંદર વીજળીનો ઝળહળતો દીવો હતો. એ જાળીમાંની બારીઓમાંથી ઘણી માછલીઓ અંદર ગઇ, એવો અચાનક તે લૅમ્પ હોલવાઇ ગયો અને બારીઓ બંધ થઇ ગઇ. મારી અંજાએલી આંખોએ થોડીવાર તો કાંઇ ન જોયું. છેવટે અંધારામાં કાંઇક ગોળગોળ ફરતું દેખાયું. એ મારા તરફ ફરતું આવતું લાગ્યું. મને બીક લાગી કે કદાચ હું તેના ઝપાટામાં આવી ક્ષુંદાઇ જઇશ. મેં પાછા હઠવા ઘણા પ્રયત્નો કર્યા, અકળાઇને ગાડીવાળાને ઘણી યે બૂમો મારી, પણ વ્યર્થ. છેવટે પેલું ફરતું હતું તે—જોકે એનો સ્પષ્ટ આકાર તો હું જોઇ ન શક્યો, છતાં કોઇ રાક્ષસી સ્ક્રૂ જેવું તે લાગ્યું. અમુક ચોક્કસ રીતે મરડાઇ ગએલી પાંખો જેવું તેને કાંઇ હતું—પાછી ગતિએ ચાલતું દૂર અંધારામાં અદૃશ્ય થયું. એટલામાં તો મારી ગાડી ફેરાવો ખાઇને એ ઢાળ ચડી ગઇ અને હું પાણી બહાર આવી ગયો!'

આમ ત્રણ અઠવાડિયાં પસાર થયાં. એ બધો વખત કાન્તિપ્રસાદનું શરીર ક્યાંક હતું અને આંખો કાંઇ જુદું જ જોતી રહી. એ પછી એક સોમવારે સવારે હું તેને ઘેર જતો હતો એવામાં પ્રસાદના પિતા મને સામે મળ્યા અને મને જોતાં જ ખુશખબર આપ્યા: 'શંકર, હવે પ્રસાદ પોતાનો અંગૂઠો જોઇ શકે છે!' આટલું કહેતાંમાં તો એમની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં. 'હવે તે તરત જ સારો થશે એમ લાગે છે.'

હું ઉતાવળો ચાલતો પ્રસાદ પાસે પહોંચ્યો. તેના હાથમાં એક ચોપડી હતી. તેને પોતાની આંખો સામે આમથી તેમ તે ફેરવી રહ્યા હતા અને વખતેવખતે ધીમુંધીમું સ્મિત કરી રહ્યા હતા. મેં ઉત્સાહિત સ્વરે પૂછ્યું, 'કાં સ્વાદિયા, કાંઈ જોઈ શકાય છે?'

'એમ લાગે છે ખરૂં. અહીં આટલામાં મારી જૂની સૃષ્ટિમાં કેમ જાણે બાંકું પડ્યું હોય અને તેમાંથી બહાર નજર જઇ શકતી હોય એમ લાગે છે. જોકે હજુ હું લાગું છું તો એ ખડકો પર જ. અને પેલાં પક્ષીઓ હજુ આમતેમ ભમે છે, તથા થોડા વખત પહેલાં તો એક વ્હેઈલ પણ સમુદ્રમાં દેખાતી હતી. પણ હવે તો ત્યાં અંધારું થઇ ગયું છે એટલે કાંઇ ચોકખું દેખાતું નથી. પણ એ . . . અહીં તમે જે કાંઇ મૂકો એ હું જોઇ શકું છું . . . . તમે ગમે તે મૂકો ને! જોકે દેખાય છે તદ્દન ઝાંખું. અને તે પણ કોઇકોઇ જગ્યાએ તો ભાંગેલું દેખાય છે, એટલે માત્ર અસ્પષ્ટ આભાસ જેવું જ લાગે છે. પણ દેખાય છે, દેખાય છે અને દેખાય છે એ વાત તો નક્કી. આજ સવારના પહોરમાં મેં આ શોધ કરી. કાનજી મને કપડાં પહેરાવતો હતો ત્યારે મેં આ બાંકામાંથી કાંઇક સુંદર ડિઝાઇન જોઇ, મેં તેનું વર્ણન કર્યું તો માલૂમ પડ્યું કે કાનજીના ખમીસનું કાપડ એવી ડિઝાઇનવાળું હતું. ઓ શંકરલાલ!' આમ કહેતાં તેની આંખમાં આંસુ આવી ગયાં: 'મને જાણે એમ જ થાય છે કે મારા આ કેદખાનામાં મારા સદ્ભાગ્યે આ એક જાળિયું પડી ગયું છે; તેમાંથી હું તમારા જગતના સંસર્ગમાં રહી શકીશ.

જુઓ તો, આપણે જરા ટ્રાઇ લઇએ. ત્યાં કાંઇક મૂકો. એ . . . આમ. હં. સોનાના બટનમાં ૐ લખેલો છે. ઓગ્રેસ! આ તમારા કોટનું જ બટન. કાં ભાઇ! હવે શું અંગૂઠો રાખ્યો? એનું વર્ણન કેવી રીતે કરું! આકાશ –મારી આ સૃષ્ટિનું આકાશ–તદ્દન શ્યામ અને તારાથી છવાએલું છે એની વચ્ચે એક ઠેકાણે બાકામાં કોઇ રાક્ષસી અંગૂઠો કોઇ ભૂતના શરીરનો હોય એવો, અસ્પષ્ટ દેખાતો, વચ્ચે ફૂટી નીકળ્યો છે!'

આ પછી પ્રસાદની સૃષ્ટિ ધીમેધીમે સુધરતી ગઇ. અને એ સુધારાનો આખો ઇતિહાસ તેણે જે રીતે રજુ કર્યો તે જોતાં દૃક્પટની કાર્યપ્રણાલીને અનુકૂળ મળતો આવે છે. પછી તો એના દૃષ્ટિક્ષેત્રમાં જુદેજુદે સ્થળે આવાં વધુ બાંકા પડવા માંડ્યાં. પ્રથમ તો એટલા ભાગમાં એના કલ્પિત જગતનું દશ્ય અસ્પષ્ટ બનતાં બનતાં તદ્દન પારદર્શક બની જતું, અને એ પારદર્શક બારીમાંથી તે બહારના, એટલે કે તેની આસપાસના વાસ્તવિક જગતની ઝાંખી છાયા જોઇ શકતા. અને પછી જેમ એ પારદર્શકતા વધતી જતી તેમ બહારના જગતનું દર્શન વધુ સંગીન બનતું જતું. ધીમે ધીમે આવાં બાંકાંનાં કદ તથા સંખ્યા વધવા માંડ્યાં, અને એકબીજાં સાથે જોડાવા પણ માંડ્યા. અને એમ કરતાં કરતાં છેવટ તો માત્ર થોડી એક જગ્યાઓ જ પુરાયા વગરની રહી ગઈ. પણ હવે દૃષ્ટિક્ષેત્રનો વધુ વિસ્તાર વાસ્તવિક જગતને ભાગે આવતો હોવાથી વધુ મહત્ત્વ તેને મળ્યું, અને તેથી આ સત્ય જગતમાંથી બારીઓ પડતી હોય, અને તે સોંસરવી કોઇ બીજી સૃષ્ટિ જોવાની હોય એવો આભાસ લાગવા માંડ્યો. જોકે આ બંને સૃષ્ટિઓના સંક્રાંતિકાળમાં પ્રસાદને જરા મુશ્કેલી પડતી; કેમકે ફોટોગ્રાફરની ભૂલથી એક જ પ્લેટ બે જુદે જુદે સ્થળે એક્સ્પોઝ કરાય અને એવી રીતે પડેલાં ચિત્રોની રેખાઓ જોવી મુશ્કેલ પડે એમ એક જ દૃક્પટ પર પડતી બે સૃષ્ટિનાં પ્રતિબિંબો તેને મૂંઝવતાં. પણ ધીમે ધીમે એ મૂંઝવણ સોંસરવો માર્ગ કરવાની તેને ટેવ પડી ગઇ.

શરૂઆતમાં તો આંખ આમ સુધરવા માંડી એટલે પ્રસાદ એકદમ ઉત્સાહમાં આવી ગયા, અને કુદરતના આ કાર્યમાં મદદ કરવા માટે કસરત, ખોરાક વગેરેની ઝીણી બાબતોમાં પણ ખૂબ કાળજી રાખવા માંડ્યા. પણ માનવ હૃદયની વિચિત્રતા તો એ છે કે જેમજેમ એ કલ્પિત સૃષ્ટિનું તેનું પ્રતિબિંબ દૃષ્ટિથી ભુંસાવા માંડ્યું તેમતેમ તેને તેમાં વધુ રસ પડવા માંડ્યો. આ જીવનનાં બીજાં દશ્યો પર સહેજ સુરખીની આછી ચમક લાવતા એ સૃષ્ટિની ઝાંખી છાયા ક્યારેક ક્યારેક દેખાતી રહે તો સારું એમ હવે એને લોભ લાગવા માંડ્યો, અને આથી આંખને સારી કરવા માટે એણે કેટલાક દિવસોથી શીર્ષાસનનો પ્રયોગ શરૂ કરેલો તે પડતો મૂક્યો. પેલા સમુદ્રના ઊંડાણમાં ફરીથી ડુબકી મારવાની તેને હોંશ થવા માંડી, અને એ સમુદ્રનો અનુભવ નીચાણવાળી જગ્યાએ થયો હતો એમ યાદ આવવાથી શહેરની ઘણી નીચે જગ્યાઓ તથા પાસેના ગામડાની વાવ સુધી જવાનું પણ તે ભૂલ્યા નહિ. દિવસના વખતમાં આ બાહ્ય જગતનો પ્રકાશ એ કલ્પિત સૃષ્ટિની રેખાઓને ઓગાળી નાખતો હતો તેથી તેણે પોતાના પ્રયોગ રાત્રે કરવા માંડ્યા. પણ છતાં એ સૃષ્ટિ ધીમે ધીમે સરતી જ રહી, અને મધુ સાથે પ્રસાદનાં લગ્ન થયાં એ અરસામાં તેનું એક ઝાંખું અને છેલ્લું દર્શન તેને થએલું એમ તે કહે છે.

પણ હવે એક વિચિત્ર કિસ્સો આવે છે. પ્રસાદની આંખો પાછી પહેલાના જેવી તંદુરસ્ત થયા પછી એ વાત વિસારે પડેલી. એવામાં એક દિવસ એક વિચિત્ર અકસ્માતે એ આખી વાતને અમારી આગળ નવા રંગ સાથે રજુ કરી. પ્રસાદના પડોશીનો દીકરો નવલચંદ્ર ઇન્ડો-અમેરિકન સ્ટીમશિપ કંપનીની એક સ્ટીમર ફૂલમારમાં નોકર છે. અમેરિકાની કોઈ સોસાયટીએ દક્ષિણ તરફના પ્રદેશોમાં શોધખોળ કરવા જવા માટે એ સ્ટીમર ભાડે રાખેલી તેની સાથે તે પણ ત્યાં ગયો હતો. તેને પ્રસાદ પર ઘણો સ્નેહ હતો. એકવાર તે રજા ઉપર ઘેર આવ્યો ત્યારે અમે સૌ મળવા એકઠા થયા હતા તે વેળા પોતે જે સ્ટીમરમાં નોકર હતો તે સ્ટીમરના ફોટોગ્રાફોનું આલ્બમ તેણે અમને બતાવ્યું. અમને ખાસ રસ એન્જીન રૂમનો ફોટો જોવામાં પડે તેમ હતો. એટલે તે સિવાયનાં પાનાં ઝડપથી ફેરવવા માંડ્યાં. પણ એક ફોટો ઉથલાવ્યો એટલે પ્રસાદે મને રોક્યો: 'સબૂર!'

'દૂરનો ફોટોગ્રાફ છે, એમાં તે શું જોવું છે?' મેં કહ્યું.

પણ પ્રસાદે એ ફોટો અતિશય બારીકાઇથી જોયો. પ્રસાદના આવા બાલિશ રસ માટે મને કંટાળો આવવા માંડ્યો. પણ હવે તે આલ્બમ હાથમાંથી છોડે એમ ન લાગ્યું. તેણે જુદાંજુદાં દૃષ્ટિબિંદુઓથી લીધેલા સ્ટીમરના બીજા એવા જ ફોટા જોયા. 'બસ, આ જ સ્ટીમર!' તેણે તેના પર આંગળીથી ટકોર મારતાં કહ્યું અને નવલચંદ્ર તરફ ફરી ગંભીર ચહેરે તે બોલ્યા, 'નવલભાઇ, મેં આ તમારી સ્ટીમર જોઇ છે.'

'નૉનસેન્સ' નવલચન્દ્રે કહ્યું: 'સ્ટીમર હજુ સુધીમાં કલકત્તા સિવાય બીજા કોઇ હિંદી બંદર પર પણ ગઇ જ નથી, અને તેં મારી જાણ પ્રમાણે ઇ. આઇ. રેલવેના પાટા પણ નથી જોયા.'

'એ ગમે તેમ પણ મેં તમારી સ્ટીમર જોઇ છે; આજથી બે વર્ષ પહેલાં મને જે આંખની બીમારી ત્રણ અઠવાડીઆં ચાલી હતી તે વખતે હું જે સ્ટીમરની વાત કરતો હતો તે આ જ સ્ટીમર.' પ્રસાદે કહ્યું.

'એની કાંઇ બીજી ખાત્રી?' નવલચન્દ્રે પ્રશ્ન કર્યો.

'હા. શેવાળથી છવાએલા તથા વિચિત્ર પક્ષીઓથી એક ખડકાળ ટાપુની પાસે તે લંગરેલી હતી, એક સફેદ બોટ—હમણાં હું તમને આલ્બમમાં એ પણ બતાવીશ, જુઓ આ ચાર બોટ છે તેમાંની ત્રીજી—ટાપુની એક ભૂશિર પાસેથી પસાર થતી હતી; ત્યાર પહેલાં થોડી વારે સ્ટીમરમાંથી તોપ ફૂટેલી. સ્ટીમરના તુતક પાસે ડાબી બાજુથી ઇલેકટ્રિક લૅમ્પ અને જાળી માછલાં પકડવા માટે નીચે ઉતારેલાં હતાં, અને આ ગંજાવર સ્ક્રૂપ્રેપોલરે મને બીવડાવી માર્યો હતો; ખરૂં ને મારા સાહેબ!'

'અરે! અરે! અરે!' નવલચન્દ્રે ઉદ્‌ગાર કાઢ્યા. 'કાન્તિ! તું તે કોઇ જાદુગર છે?'

'ગમે તે કહો, પણ હું આ બધી નજરે જોએલી વાત કરૂં છું.'

અને ખરે જ, પ્રસાદની માફક અમને પણ આને શું કહેવું તે અતિ વિકટ પ્રશ્ન થઇ પડ્યો. કેમકે પ્રસાદે કહેલી બધી વાત સાચી હતી એમ નવલચન્દ્રે સમર્થન કર્યું. નવલચન્દ્રે પોતાની ડાયરી કાઢી, અને જે તારીખે જે સમયે પ્રસાદે પહેલું દૃશ્ય જોયું હતું તે જ તારીખની નોંધમાં લખ્યું હતું: 'વહેલા મળસ્કામાં સ્ટીમર છોડી હોડી લઇને ટાપુ ઉપર શોધખોળ માટે ટુકડી ગઇ. પણ હવા બરાબર ઠીક ન લાગી. તોફાન આવવાની વકી લાગવાથી સ્ટીમરે તોપ ફોડી ખબર આપ્યા, એટલે ધાર્યા કરતાં વહેલું પાછું વળવું પડ્યું.' અને આ ઉપરાંત પ્રસાદની એકે એક ઝીણામાં ઝીણી વિગત સાચી હોવાનો નવલચન્દ્રે પુરાવો આપ્યો. આથી નિઃશંક એમ કહી શકાય કે પ્રસાદે હજારો માઇલ દૂર આવેલા એ ટાપુ સુધી આંખે ઘેર બેઠાં જોયો છે, એટલું જ નહિ, પણ પ્રસાદ તે ટાપુમાં આમથી તેમ ખૂબ ફરેલા પણ છે; કેમકે પ્રસાદની અહીં જુદીજુદી દિશામાં થતી હીલચાલ વખતે તેની આંખ પૃથ્વીને સામે છેડે આવેલા એ ટાપુનાં જ જુદાંજુદાં બિંદુએ જતી લાગતી. આથી જ તેને મેડી પર ચઢતાં પોતાની કલ્પિત સૃષ્ટિમાં અદ્ધર લટકવાનાં તથા ઊંડાણવાળી જગ્યાએ જતાં દરિયામાં ડુબકી મારવાનો આભાસ થતો, તથા અહિં તેના શરીરને સ્પર્શ કરતી વસ્તુઓ, કપડાં, હવા વગેરેના સ્પર્શજ્ઞાનનું તેની આ નવી સૃષ્ટિની ભાષામાં ભાષાંતર થઇ તેની સમજમાં આવતું.

પણ આ બધું કેમ થયું તેનું સંતોષકારક સમાધાન કોઇ કરી શકતું નથી. માત્ર પ્રોફેસર—અત્યારે પ્રિન્સિપાલ—માનશંકર આ પ્રકરણ પર કાંઇક ઝાંખો પ્રકાશ પાડે છે.

પણ પ્રોફેસર માનશંકરનું સમાધાન માન્ય રાખીએ તો ચોથું પરિણામ (Dimension) અને અંદર ગરડાઈ શકવાની દિશાઓની શક્તિ એમ બે અગમ્ય અસ્તિત્વોનો સ્વીકાર કરવો પડે છે. અને હું પોતે ગણિતવિદ્ ન હોવાથી મારા મનનું સમાધાન એથી થતું નથી. ગમે તેવા કલ્પિત સિદ્ધાંતો સ્વીકારવા છતાં બે સ્થળો એકબીજાથી આઠ હજાર માઇલને છેટે આવેલાં છે એ સત્ય ફેરફાર પામતું નથી, એવી જાતની દલીલ મેં પ્રિ. માનશંકર પાસે કરી ત્યારે તેમણે કહ્યું કે 'કાગળ પર બે બિંદુઓ વચ્ચે એક ફૂટનું અંતર હોય એ અંતર સીધી સપાટી પર છે. જો એ સપાટીમાં જાડાઈ ઉમેરીએ, એટલે કે કાગળને બેવડો વાળીએ તો પહેલાનું અંતર તો જેવું ને તેવું કાયમ રહી શકે, અને છતાં એ બે બિંદુઓ ઈંચની અંદર લાવવાં હોય એટલાં નજીક લાવી શકાય; એટલે કાગળની સપાટીની અપેક્ષાએ તે બિંદુઓ હજુ પણ એક ફૂટને અંતરે જ છે અને છતાં એકબીજા સાથે અડીઅડીને પણ રહેલાં છે. આવું જ ધન જગતનું પણ બની શકે.

દિક્ની આપણી સૃષ્ટિ ચતુર્થ પરિમાણ દિક્કાલમાં જઇ એવી રીતે મરડાય કે આપણી દૃષ્ટિને હજારો માઇલનું લાગતું અંતર એ નવી સૃષ્ટિમાં તદ્દન નાબૂદ થઇ ગયું હોય.'


પ્રિન્સિપાલે કરેલી આ બધી દલીલો વાચક કદાચ સમજી શકશે, પણ હું તો એમાં કાંઇ સમજતો નથી. પ્રિન્સિપાલ માનશંકરનું માનવું એમ છે કે વીજળીનો પેલો જબરો કડાકો થયો ત્યારે લૅબૉરેટરીમાંના પેલા ઇલેકટ્રોમૅગ્નેટમાં અજબ ખેંચાણ આવ્યું, અને એ જ અરસામાં તેના બે ધ્રુવની વચ્ચે પ્રસાદ કાંઇક લેવા વળેલા,—જે પ્રસાદ કબૂલ કરે છે. એટલી વારમાં પ્રસાદના દક્પટનાં તત્ત્વોની રચનામાં કોઇ ન સમજાય એવો ફેરફાર થઇ ગયો; જેથી તે દિક્માં નહિ પણ દિક્કાલમાં જ જોઇ શકે; અને આમ બને તો જ માણસ પોતાના શરીરની અપેક્ષાએ એક સ્થળે જીવન વિતાવતો હોય છતાં દૃષ્ટિની અપેક્ષાએ બીજે સ્થળે જોતો હોય, એ શક્ય બને.


પ્રિન્સિપાલે પોતાના સિદ્ધાંતના સમર્થન માટે તેમજ તેમની કલ્પનામાં રમી રહેલી કોઇ મહાન શોધને જગત પર ઉતારવા માટે આ પછી ઘણા પ્રયોગો કર્યા છે; પણ આ લખાય છે ત્યાં સુધીમાં તો થોડાએક કુતરાને આંધળા બનાવવા સિવાય બીજું કાંઇ સંગીન પરિણામ લાવી શકયા નથી; અને બીજું કાંઇ પરિણામ આવે એવી મને પોતાને તો શ્રદ્ધા પણ નથી. મારી અલ્પ મતિ પ્રમાણે તો આ કિસ્સામાં સૃષ્ટિનું કોઇ જુદું જ રહસ્ય કામ કરી રહ્યું છે, અને તેનું સંપૂર્ણ દર્શન થવા માટે ગણિતશાસ્ત્રના કરતાં બીજી કોઇ—કદાચ ઉચ્ચતર—ચાવી દાબવાની જરૂર છે. **હરિકૃષ્ણ વ્યાસ**


(એચ. જી. વેલ્સની અંગ્રેજી વાર્તાના આધારે)


સાબુનું શિલ્પ-૨


ગયા અંકમાં બતાવેલી પદ્ધતિએ આ વખતે સાબુના ચોસલામાંથી સસલું કોરી કાઢવાની રીત જોઇએ. સસલાનો ઘાટ ઉતારવા સાબુનું મોટું ચોસલું કે ગોટી પસંદ કરજો. ચિત્રમાં બતાવ્યા પ્રમાણે આગળ, પાછળ અને પડખેના ભાગની જોઇતી ઊંચાઇ મળી રહે છે કે નહિ તેની ખાત્રી કરજો. ચિત્ર જેવડું જ અથવા બમણું કે ત્રણગણું માપ લેજો. પછી, 'ઉપરથી' અને 'પડખે' વાળી આકૃતિઓમાં બતાવ્યા પ્રમાણે ચાર ભાગ આછી લીટીથી પાડવા અને આકૃતિમાં ટપકાંવાળી લીટીથી દર્શાવ્યા મુજબ, પહેલાં, ખરા આકારથી જરા વધારે જગ્યા રહે તે પ્રમાણે ચપટા ઓજારની અણીથી કે તારવાળા ઓજારથી છોડાં ઉતારી નાખવાં. કામ કરતાં દરેક બાજુની ઊંચાઈ, પહોળાઇ અને સંકડાઈ ઉપર નજર કર્યા જ કરવી. ઉતાવળ જરા યે ન કરવી. ચિત્રમાં બતાવેલા 'પડખે' ના ભાગ ઉપર ધ્યાન આપશો તો જણાશે કે સસલાનું મોં પા ભાગમાં નીચું જાય છે. ત્યાંથી ઢાળ ચડતોચડતો પાછળના પા ભાગની લીટી પર જઇ પછી એકદમ પૂઠના પા ભાગમાં નીચે ઊતરી જાય છે. તે જ પ્રમાણે ઉપરથી પણ ચિત્ર પ્રમાણે જ છોલી નાખી આકાર મેળવતા જવું. આમ, વખતોવખત ચારે બાજુ ફેરવી જોવાનું ભૂલશો નહિ. આંખો અને નસકોરાંની રેખાઓ સૌથી છેલ્લે કોરીને બનાવી લેવી. બધું કામ એકાદ ન્યૂસપેપર પાથરીને તે પર કરવું, જેથી સાબુનો છોલ ભેગો કરી કપડાં ધોવાના કામમાં લઇ શકાય. (આઇવરી સોપની જા.ખ. ઉપરથી)











સ્મરણયાત્રા

વાચનનો પ્રારંભ

નાનપણમાં અમારે વાંચવાલાયક ચોપડીઓ હાથમાં ઝાઝી આવતી નહિ. શાહપુરની નેટિવ જનરલ લાયબ્રેરીમાં જ્યારે હું પહેલો ગયો અને ત્યાં જોયું કે મહિને ઓછામાં ઓછા બે આના આપવાથી છાપાં વાંચવા મળે છે, એટલું જ નહિ પણ એ પુસ્તક-સંગ્રહમાંથી વાંચવાને ચોપડીઓ પણ મળે છે, ત્યારે મને બહુ આશ્ચર્ય થયું. આવી જાતની વ્યવસ્થા જેને સૂઝી હશે તેની કલ્પકતા વિષે મારા મનમાં ભારે માન ઉપજ્યું. ચોપડીઓ ખરીદવી ન પડે અને છતાં ઘણી વાંચી શકાય એ સગવડ શું ઓછી છે? જેને આ યુક્તિ સૂઝી હશે તે માનવજાતિનો કલ્યાણકર્તા છે એમાં શક નથી એમ તે દિવસે અસ્પષ્ટપણે મને લાગ્યું. ઘરમાં તો શિવાજીનું ચરિત્ર, શિવાજીના ગુરુ દાદાજી કોંડદેવનું ચરિત્ર, રમેશચંદ્રના જીવનપ્રભાતનો મરાઠી અનુવાદ અને હરિશ્ચન્દ્ર નાટક એટલું જ વાંચેલું. ઘણુંખરૂં તો સમજાયું પણ નહોતું. પુરાણ સાંભળવા જઇએ તેમાં ખૂબ મઝા પડતી. લાયબ્રેરીમાંથી પહેલવહેલી વાંચેલી ચોપડી—'મોચનગડ'–વિષે તો મેં લખ્યું જ છે. આમ, વાંચવાનો શોખ શરૂ થયો હતો, એટલામાં અમે મીરજ ગયા. તે વખતે હું મરાઠી ચોથી ભણતો હોઇશ. મીરજમાં પિતાશ્રીને મીરજમળા સંસ્થાનના હિસાબ તપાસવાના હતા. એ સંસ્થાનના દફતરમાં કોણ જાણે શા કારણે મરાઠી ચોપડીઓનું એક કબાટ હતું. કેશુને એ પુસ્તકસંગ્રહની ક્યાંકથી ભાળ લાગી હશે. એ ત્યાંથી વાંચવા માટે ચોપડી લઇ આવ્યો. મને પણ ચોપડી લાવવાનું મન થયું. મેં પિતાશ્રીને કહ્યું કે મારે વાંચવા માટે ચોપડી જોઇએ. એમણે એ સંગ્રહ જેના હાથમાં હતો એ કારકુનને કહી દીધું કે આને વાંચવાની ચોપડી આપજો.

પિતાશ્રી અમારા ભણતર તરફ કે ઘડતર તરફ જરા યે ધ્યાન આપતા નહિ. એમને પોતાને ચોપડીઓ કે છાપાંઓ વાંચવાનો શોખ નહોતો. વાતો હાંકવા એમની પાસે ઝાઝી મંડળી પણ આવતી નહિ. કોઇ આવી જ ચડે અને વાતો કરે તો વિવેક ખાતર સાંભળે ખરા, પણ એમાં પોતે ઝાઝો રસ ન લે. કચેરીનું મુખ્ય કામ, માંદાઓની માવજત, દેવપૂજા, સ્તોત્રપાઠ એવા જ એમના મુખ્ય વિષયો હતા. સાંજે નિયમિત ફરવા જાય. શાક પોતે ખરીદે. રાત્રે સાડા આઠ વાગે કે સૂઇ જવું ને સવારે વહેલા ચાર વાગ્યે ઊઠી ઇશ્વરચિંતન કરવું એ એમનો હમેશનો અબાધિત કાર્યક્રમ. એમને બીજું કશું સૂઝતું જ નહિ;–માંદા પડવાનું પણ સૂઝતું નહિ.

અમે શું ભણીએ છીએ, શું વાંચીએ છીએ, કોની સાથે દોસ્તી રાખીએ છીએ, અથવા અમારા મગજમાં શું ચાલે છે, એ જાણવાની તેઓ જરા યે દરકાર રાખતા નહિ. છતાં એમને શું ગમે છે, શું નથી ગમતું, એનો અમને કંઇક ખ્યાલ હતો. એમનું સાદું અને સ્વચ્છ જીવન એની મેળે પોતાની અસર અમારા ઉપર પાડતું. પણ સાહિત્યની બાબતની એમની બેદરકારી અમને ખૂબ નડી.

કારકુને મને પૂછ્યું, 'તમારે કેવી ચોપડી જોઇએ છે?' 'હું શું જાણું?' મેં કહ્યું: 'મઝા પડે એવી સરસ ચોપડી તમે જ પસંદ કરી આપો.' તેણે પાંચદસ ચોપડીઓ હાથમાં લઇ એમાંથી એક મને કાઢી આપી અને કહ્યું, 'આ લઇ જાઓ; આમાં બહુ જ મજા પડશે.' એણે એ બધી ચોપડીઓ વાંચી હતી એમાં તો શક જ નથી. એણે મને જે ચોપડી આપી હતી તેનું નામ હતું 'કામકંદલા.' એ નાટક હતું કે નવલકથા હતી તે મને બરાબર યાદ નથી. મુગ્ધભાવે હું એ વાંચવા લાગ્યો. મને એમાં ઝાઝો રસ ન પડ્યો. રસ પડે એવી મારી ઉંમરે ન હતી. છતાં હું જોઇ શક્યો કે એ ચોપડી ગંદી છે, અશ્લીલ છે.

ચોપડીની મારા ઉપર અસર થઇ તે કરતાં બીજા એક વિચારની જ વધારે અસર થઇ. હું મનમાં બોલ્યો, 'ત્યારે કેશુ પણ આવી ગંદી ચોપડીઓ વાંચે છે અને એમાં રસ લે છે? પેલો કારકુન ઉંમરે મોટો માણસ છે. અમારા જેવા નાના છોકરાઓને આવી ચોપડીઓની એ ભલામણ કેમ કરતો હશે? ચોરી કરે તો માણસ એકલો જ કરે, બે જણ જ્યારે ચોરી કરે ત્યારે અર-

સ્પરસ ચોર છે એટલી ઓળખાણ તો થઇ જ જાય ને? કોઇ માણસ સાથે ચોરીમાં સહકાર કરવા જતાં એની આગળ તો બેશરમ થવું જ પડે ને? કેશુ અને આ કારકુન એકબીજા વિષે કેવો અભિપ્રાય ધરાવતા હશે? અને કશા સંકોચ વગર મને એણે આવી ચોપડીઓ આપી એટલે મારે વિષે પણ એ કારકુન શું ધારતો હશે? અને કેશુ તો મારો મોટો ભાઇ; મને જે હમેશ ડાહ્યા થવાનો ઉપદેશ કરે છે, હમેશ હું જેના આશ્રય તળે જ રહું છું એ કેવી ચોપડીઓ વાંચે છે, એની હવે મને ખબર પડી છે એ તો કેશુ જાણતો જ હશે. આવી ખરાબ ચોપડીઓ આ પહેલાં મારા હાથમાં આવી નથી એ પેલો કારકુન ન જાણતો હોય, પણ કેશુ તો જાણે જ છે. એણે મને ચોપડી લેતાં કેમ ન રોકયો? અમે કેવી જાતની ચોપડીઓ વાંચીએ છીએ એની પિતાશ્રીને ખબર નથી એ તો હું બરાબર જાણતો હતો. અને કોઇએ શીખવ્યા વગર જ મને સૂઝી આવ્યું કે આવી વાતો પિતાશ્રીથી છાની જ રાખવી જોઇએ.

ઉપર લખેલી વિચારપરંપરા તે વખતે આવી ભાષામાં અથવા આટલી સ્પષ્ટતાથી તો હું ન જ લખી શકત. પણ એમાંનો એકે એક વિચાર તે વખતનો જ છે એની હું ખાત્રી આપવા માગું છું. 'અમુક કામ કરવું એ ખોટું છે એમ તે વખતે હું જાણતો નહોતો,' એમ કહી જ્યારે કોઇ પોતાનો બચાવ કરે છે ત્યારે એ વાત સહેજે મારે ગળે નથી ઊતરતી. સારું શું અને ખોટું શું એનો કંઇક સ્થૂળ ખ્યાલ કોણ જાણે કઇ રીતે પણ માણસને બહુ જ વહેલો મળે છે.


સદ્ભાગ્યે તે વખતે મારામાં આવી ચોપડીઓનો રસ ઉપજ્યો ન હતો. મ્યૂઝિયમ જોવા જવું, કવિતાઓ ગોખવી, રમતો રમવી, ગોન્દુ જોડે વાતો કરવી અને નવરા હોઇએ ત્યારે મોટા થઇને મંદિર કે મકાન કેવી રીતે બાંધશું એનો વિચાર કરવો એ જ મારો મુખ્ય વ્યવસાય હતો. બિલાડીઓ અને કબૂતરો એ તે વખતનાં મારા જીવનનાં મુખ્ય સાથીઓ હતાં. એક બ્રાહ્મણ વિધવા ડોશી અમારે ત્યાં ભિક્ષા માગવા આવતી. એની પાસે લોકગીતોનો ભંડાર હતો. મારી બાને લોકગીતોનો શોખ ભારે. એને એ શોખ આક્કાએ (મારી બેને) લગાડ્યો હતો. લોકગીતોનો એમનો ભંડોળ જબરો હતો. સીતાનો વિલાપ, દ્રૌપદીની ભીડ, દમયંતીની મૂંઝવણ, રુક્મિણીનો વિવાહ, હનુમાનની લંકા-લીલા, શ્રીકૃષ્ણે ગોપીઓની કરેલી વિડંબના એ જ એ ગીતોના મુખ્ય વિષયો હતા. કોઇક કોઇક વાર સ્મશાનવાસી બાવો મહાદેવ અને એની અનન્ય ભક્તિ કરનાર શૈલજા પાર્વતી વિષેનું લોકગીત નીકળતું. મારી બા અને મારી ભાભીઓ બધાં જ લગભગ નિરક્ષર, એટલે શ્રૌત પદ્ધતિથી જ તેઓ કવિતાનો આસ્વાદ લઇ શકે અને ગુરુમુખથી જ ગીતો મોઢે કરી શકે. પેલી ડોશી લગભગ આખી બપોર અમારે ત્યાં ગાળતી. એમાં એને પ્રાપ્તિ પણ ઠીક થતી; અને બાને તેમજ ભાભીને કાવ્યનો રસ મળતો. હું આ રસમાં ભાગીદાર થવા ચૂકતો નહિ. બા જોડે હું પણ કેટલાં યે લોકગીતો અનાયાસે શીખી ગયો હતો. સહેજ ઉંમર વધ્યા પછી મારા મગજમાં એવું ભૂત ભરાયું કે બૈરાંઓનાં ગીતો યાદ રાખવાં એ મરદને છાજે નહિ, એટલે પ્રયત્નપૂર્વક મારો એ રસ મેં મારી નાખ્યો અને એ લોકગીતો હું ભૂલી ગયો!

પણ તે વખતના આવા શુદ્ધ રસ આગળ 'કામકંદલા'માં હું મશગૂલ ન થઇ શકયો. એ ચોપડી મેં પૂરી કરી એના પહેલાં જ અમારો મીરજનો વાસ પૂરો થયો અને અમે જત ગયા. મેં એની એ એક જ ચોપડી વાંચી. એની અસર એ વખતે કશી ન થઇ, પણ ઉનાળામાં વાવેલું બીજ જેમ એમ ને એમ પડયું રહે છે અને ઘન વર્ષે પાંગરે છે, તેમ ઉંમર વધ્યા પછી એ ચોપડીના વાચને પોતાની અસર બતાવી અને મનમાં મેલા વિચારો આવવા લાગ્યા. પણ ઘરની રહેણીકરણી અને સંસ્કારો શુદ્ધ, પિતાશ્રીની ધર્મનિષ્ઠા જબરી અને મોટા ભાઇની નૈતિક ચોકી નિરંતર જાગૃત, તેથી એ મેલા વિચારોના અંકુરો ત્યાં ને ત્યાં જ દબાઇ ગયા અને તેથી કલ્પનાની વિકૃતિ ઉપરાંત ઝાઝી માઠી અસર થઇ નહિ. વાતાવરણ શુદ્ધ હોય તો ખરાબ વાચનમાંથી પણ માણસ કાંઇક બચી શકે છે. ખરાબ વાચન એ ખરાબ તો ખરું જ; એનાથી બાળકોને બચાવવાં જોઇએ. પણ નિર્દોષ અને પ્રેમાળ કૌટુંબિક વાતાવરણ એ જ સૌથી અગત્યનું છે. શુદ્ધ વાત્સલ્યનો આસ્વાદ મળતો હોય ત્યાં જીવન સહેજે સુરક્ષિત રહે છે,

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

વ ન વ ગ ડા નાં વા સી

લેખકની માંદગીને કારણે ત્રણ માસ લગી બંધ રહેલી આ જળજંગલ-વાસી જીવસૃષ્ટિની અભ્યાસનીય પરિચયમાળા ફરી શરૂ થાય છે



જળાશય પાસે રહેતી લાલ શમળી

ગરુડ અને શમળી

'હુત્ તારી જણનારી લાજે!'

અને આમ ન કહું તો કરું યે શું? શિયાળના સુસવાટાથી ઊભી પૂંછડીએ નાસતા ચોપગાંના રાજા સિંહને જુઓ તો તમે પણ શું કહો? માથે કાગડા કાઉંવાઉં કરે તેથી ભડકીને પક્ષીઓનો અણચૂંટ્યો રાજા ગરુડ નાઠો એ જોઇ મેં આમ કહ્યું. કહેવું નહોતું તો યે ગાળ દેવાઇ ગઇ. શું થાય?

પણ હું તમને અથથી માંડીને કહું. શેરથાનું નામ તો તમે સાંભળ્યું છે ને? ગયે ઉનાળે હું ત્યાં ગયો હતો. એક દિવસ સવારે હું 'જઠરાગ્નિ વાસ' છોડવા ('દિશાએ જવા' માટે ક. દ. ડા. એ યોજેલો શબ્દ) નીકળ્યો. ત્યાં ગામને ફરતી બાવળી છે. એમાં હું પેઠો કે એક બાવળને માથે કલબલાટ સાંભળ્યો. ઊંચે નજર કરી તો બે કાગડા ઊડતી પાંખે કા કા કરતા જોયા. દબાતે પગલે એ ઝાડ હેઠે હું ગયો, કે જોઉં તો ખરો કે આ કાગડાને કકળાટ કરાવનાર વળી કઇ માનો જણ્યો છે? કાગડાને તમે નથી ઓળખતા. બદમાશમાં બદમાશ: હરામીમાં હરામી: નઠોરમાં નઠોર: અને લડવામાં તો ગોલણોને પણ કોરે મૂકે એવા. આ ચૌદશીઆને હંફાવનાર કાળાકોશીઆ સિવાય કોઇ પંખી નથી જાણ્યું. કોયલ એને છેતરે ખરો, પણ સામી છાતીએ કાગડાથી બાથ ભીડનાર તો એકલો કોશીઓ જ. પણ અહીં કોશીઆનો ગાળો નહોતો. એટલે આ અકારા પંખીને અકળાવનાર વળી કોણ નીકળ્યો એ જોવા હું ઊંચોનીચો થાઉં છું, ત્યાં ડાળની ઓથે એક શમળી દેખાઇ. કાગડો ને શમળી આડોશીપાડોશી, એટલે એમને તો રોજની લડાઇ. એમાં કાંઇ દમ જેવું નથી એમ ધારી હું ત્યાંથી ખસું ત્યાં તો પેલી શમળી ઊડી.... અલ્યા, આ તો શમળી ન હોય. શમળીનો રંગ વિનાનો રંગ, કૂવડના ચોટલા જેવાં વિખરાએલાં એનાં પીંછાં, છપ્પનિયા જેવી ભૂખડી બારશ એની દેહ, અવળા ઓડીબારા જેવી પૂંછડી—આમાંનું કાંઇ ન મળે. આ તો ભારે બાંધીદડીના શરીરવાળું પંખી. ગોળાશપડતી પૂંછડી; બેઠો ઘાટ;— હં, આ તો ઘોળવો.* કહેવાય તો પંખીઓનો રાજા, ને પેલા કાગડાથી ડર્યો! ડરીને માળો મૂકી નાઠો: આગળ એ ને પાછળ કાગડા. ફટ્ ભૂંડા!

આ તે **ગરુડ**? ઠેઠ વેદવારાથી એને સૌ ઓળખે. એનાં વખાણ કરીકરીને બ્રાહ્મણોએ એને છેક છાપરે ચડાવ્યો છે. પંખીઓનો એ રાજા. પંખીને ભીડ પડે, મૂંઝવણનો પ્રસંગ આવે કે ઝટ જાય દોડે ગરુડ પાસે. બ્રાહ્મણોને સ્વર્ગમાંથી 'સોમ' પણ એણે લાવી આપ્યો. વળી સોમરસમાં પાણીની ભેળસેળ હોય તો યે એ જ પારખી કાઢે અને નોખાં કરી આપે.§ વિષ્ણુ ભગવાનનો એ સખા: એમનું વાહન. ભક્તોને ભીડ પડે, એમની લાચારીનો જ્યાં પોકાર થાય કે 'અલ્યા ગરુડ ગરુડ' કરતા કે થાય ઊભા: ન જુએ રાત કે દિવસ. પ્રાણીમાત્રના પ્રાણ હરનાર. ભયંકર સર્પોનો એ શત્રુ: સૌનો એ ભીડભંજક. એ ગરુડના વંશજના આ ઢંગ!

પણ એકલા બ્રાહ્મણોનો જ વાંક ક્યાં છે? જર્મન સામ્રાજ્યનું ગૌરવસૂચક ચિહ્ન એ ગરુડ જ. અમેરિકન પ્રજાના સ્વાતંત્ર્યની મૂર્તિ સમો પણ ગરુડ જ. રશિયાના ઝારોની ખુદાઈ સત્તા દર્શાવવા તો બે માથાવાળા ગરુડની મૂર્તિ આલેખાતી. એનો ગગનવિહારી સ્વભાવ,

---

* ઘોળવો એ ગુજરાતી ગરુડ

§ હંસ દૂધ અને પાણી જુદાં કરી આપે, એ લોકકથાનું આ મૂળ


ઊંચેઊંચે—જ્યાં કોઇ ન ઊડી શકે ત્યાં—અનિયંત્રિત અવ્યાહત ગતિએ ઊડવાની ટેવ. અતિશય ઊંચા સ્થાને એ રહે. પરોપદ્રવ ન કરે એથી એને પક્ષીઓનો રાજા કહ્યો. છતાં કાગડાથી ડરીને નાસે? શો કળજુગ!

ગરુડ એટલે Eagle. બાજ, શમળી, ગીધ બધાં એનાં સગોત્રી. એ ગોત્ર Accipitres. એનો પોતાનો વંશ Aquilinae નામે તદ્વિદોમાં જાણીતો છે. ગરુડની જાતો પણ ઘણી છે: Golden Eagle, Imperial Eagle, Tawny Eagle, Fish Eagle, Serpent Eagle વગેરે.

આમાંનો ગોલ્ડન ઈગલ (જુઓ પૂઠું) તો ગરુડોમાં રાજા સરખો. એની કાયા વિશાળ. એની બે પાંખો પહોળી કરો તો એના બે છેડા વચ્ચે આઠ નવ ફૂટ જેટલી જગ્યા રહે, એવો એ महासुपर्ण. એના દેહનો વર્ણ તો ઊજળો રતાશપડતો, પણ એની ખરી શોભા એની ગરદન પરનાં રૂપાળાં, આછી સોનેરી ઝાંયવાળાં, નારંગી રંગનાં પીછાં છે. સવારે, બપોરે કે સાંજે એ ઊંચે આકાશમાં લહેરાતો ઊડતો હોય એવે વખતે એ પીછાં પર સૂરજનાં કિરણ રમત કરે ત્યારે એમાંથી સોનેરી તેજના ફુવારા ઊડે.* આપણા દેશમાં એ સિંધુપ્રદેશનો વતની છે. ગુજરાતમાં ભૂલેચૂકે યે ફરકતો નથી, એટલે આપણને એનું દર્શન દુર્લભ છે.

એનાથી ઊતરતું સ્થાન ઇમ્પીરીઅલ ઇગલનું. ગોલ્ડન ઇગલથી એ નાનો, પણ એના જેટલો વિરલ નહિ. માત્ર ગુજરાતમાં વસતો નથી.

પણ આ બંને મહાનુભાવો પરદેશી. આપણા ગુજરાતનો અસલ વતની અને ખૂબ પરિચિત (પરિચિત એટલે વ્યાપકપણે વસનારો) તો ટૉની ઈગલ જ. એનું શાસ્ત્રીય નામ Aquila Rapax. એને આપણે ત્યાં 'ધૉળવો' કહે છે. શરીરે બરોબર ગજ લાંબો. એની પાંખો પહોળી કરો તો ખાસી પાંચ છ ફૂટ થાય. માદા તો એથી યે મોટી: પુરા છ ફૂટની પાંખોવાળી (શિકારી પંખીઓમાં માદા નરથી મોટી હોય છે). બંનેના દેહનો વર્ણ ઘેરાશપડતો બદામી—કપિલા ગાય જેવો. માથું અને ગળું કાળાશપડતાં. છાતી ઉપર સહેજ આછાં



ગુજરાતનો પરિચિત ગરુડ: ધૉળવો


છાંટણાં. પાંખોમાં બે આડા પટા. ચાંચ કઠોર, છેડે અણીદાર આંકડા જેવી વળેલી, રંગે ભૂરી. એની અણી કાળાશપડતી. પગનાં આંગળાં પીળાં: છેડે કાળા નખ.

દેખાવે મોટી શમળી જેવો લાગે, પણ શમળીથી જુદો પડે. શમળીનું માથું ગોળાશપડતું: ગરુડનું બેઠા ચપટા ઘાટનું. શમળીના પગે ઢીંચણ સુધી જ પીછાં, ઢીંચણ નીચે પગ ઉઘાડા: ગરુડના આખા પગ, સાથળથી ઠેઠ પગનાં આંગળાં સુધી, પીછાંમાં ઢંકાએલા. શમળીની પૂંછડી છેડે Λ આવી શંકુ આકારે, વચ્ચેથી કપાએલી: ગરુડની ગોળાશપડતી. બંનેના રંગમાં પણ ફેર.

આખા હિંદુસ્તાનમાં સર્વવ્યાપક ગરુડ તો આ એકલો જ. આપણા ગુજરાતમાં યે ઠામઠામ એ જોવામાં આવે છે. ક્વચિત શમળીઓના ટોળામાં ફરતો દેખાય. ઘણી વખત કોઇક ઝાડની ઊંચી ટોચે નિરાંતે બેસી આસપાસના પ્રદેશનું નિરીક્ષણ કરતો જોઇએ. દેખાવ બીક લાગે એવો, પણ સ્વભાવે બહુ જ ખુશમિજાજી. બેસે ત્યારે ઢગલો થઇને પડે, પણ ઊડે ત્યારે અત્યંત ગૌરવવાળો લાગે. શમળીઓથી યે ઉપર, ઊંચે આભમાં, સ્થિર દેખાતી પાંખો પર તર્યાં જ કરતો એને જોવો એ પણ એક લ્હાણ છે. એની આ ટેવને લીધે એને नृचक्षस् (માણસો પર નજર રાખનારો) તથા सुपर्ण (સુંદર પાંખોવાળો) એટલે 'ભારે ઊડનારો' કહ્યો છે.

સાહિત્યકારો ભલે એને ઊંચે છાપરે બેસાડે, પણ કેટલીક બાબતોમાં તો એ ગીધને પડખે શોભે એટલી હલકી કોટિએ ઊતરે છે. એક તો એને મૂએલું માંસ ખૂબ ભાવે. વળી નાનાં પંખીને પણ એ હણે. એ

* સ્વ. ગોવર્ધનરામે 'અવની પરથી નભ ચડ્યું વારિ...' કાવ્ય દ્વારા 'ફફડાવી પાંખો સોનેરી'વાળી પંક્તિઓથી આ જ પક્ષીની મહત્તા ગાઇ છે.



આપણી જાણીતી શમળી : એની Λ આવી
અને ગરુડની ગોળાશ પડતી પૂંછડીઓ સરખાવો

ઉપરાંત દેડકાં, સાપ, સસલાં, કાચંડા, તીડ બધું યે એને ખપે. બીજું, એ ભલે દેખાવે ગંભીર દમામવાળો લાગે અને રાજા નામથી હિંમતવાળો ને બળવાન લેખાય, પણ એનામાં ખરેખરી મર્દાનગી તો ઓછી છે. કાગડાથી નાસતો મેં એકલાએ નહિ પણ બીજા ઘણાએ એને જોયો છે;–અને ઇમ્પીરીઅલ ઇગલને શમળીઓ પણ રંજાડે છે એવો પણ ઘણાનો અનુભવ છે. ગોલ્ડન ઇગલ જેવું પંખી પણ બાજ જેવાથી બીએ છે.

આખો શિયાળો એમની પ્રજોત્પત્તિનો કાળ. એમના માળા કાંટાળાં ઝાડ—ખાસ કરીને બાવળ—ની ઊંચી ટોચે જ એ બાંધે છે. એની પાંખો ખૂબ લાંબી, એટલે માળામાં બેસતી વેળા અને એમાંથી ઊડતી વખતે તે કાંટામાં ન ભરાય એ હેતુથી જ એ હમેશાં ઝાડની ટોચે રહે છે. એના માળા ઝાડની વચ્ચે કદી પણ જોવામાં આવતા નથી. એ માળા ગામને ગોંદરે ઘણી જગ્યાએ જોવામાં આવે છે.

ગુજરાતમાં જાથુકના રહેનારા એના પીતરાઇઓમાં એક Spotted Eagle તળાવ, સરોવર, નહેરો વગેરે જેવાં ભારે જળાશયોની સમીપે જ રહે છે. બીજો એક Bonelli's Eagle નામનો ગરુડ માત્ર દુર્ગમ ટેકરીઓ કે પહાડની કરાળ તેડો પર માળા બાંધી રહેતો હોવાથી સાધારણ રીતે નજરે પડતો નથી. Common Serpent Eagle(એનું ગુજરાતી નામ 'રાવળ')ને ગાઢ જંગલો કે ગીચ ઝાડીવાળા પ્રદેશમાં રહેવાનું જ ગોઠે છે. પણ આ બધાને માત્ર છેટેથી જોઇને જ ઓળખવાનું કાર્ય પક્ષિવિદ્યાવિશારદોને યે દુષ્કર છે, એટલી નિકટની સમાનતા એમનાં સ્વરૂપની છે.

છેલ્લે આવ્યો Fish-Hawk (मत्स्यनाशनः) કે Osprey નામનો ગરુડ (Pandion Haliaetus). આ જ સંસ્કૃત સાહિત્યનો कुरर કે कुररी. * દરિયાકિનારે, મહી, નર્મદા અને તાપી જેવી મહાનદીઓના કાંઠે તથા પ્રાંતીજના બૉખ જેવાં વિશાળ જલાશયોના તટે એ નજરે પડે છે. એમાં પણ એનું પ્રિય સ્થાન તો સમુદ્રતટ જ. સાબરમતીને કાંઠે મેં એને કદી જોયો નથી. એ આખું વરસ આપણે ત્યાં નથી રહેતો.

બાકી રહી ગરુડની માશી શમળી (क्षेमंकरी). એ ભંગી જેવું જીવન જીવે તેથી એને Pariah kite કહે છે. વૈજ્ઞાનિકો એને Milvus Govind નામે સંબોધે છે. એને ક્યાં ઓળખાવવી પડે તેમ છે? એનો વીજળી જેવો વેગ ('ચિલઝડપ' બોલ એના હિંદુસ્તાની નામ 'चिल' ઉપરથી નીકળ્યો છે), સુસવાટાભેર હાથમાંથી યે ખાવાનું ઝડપી જવાની એની હિંમત, ગમે તેવા પવનમાં યે એની કતરાએલી પૂંછડીની તરેહતરેહની ગતિ બદલવાની શક્તિ—આ બધું કોને અજાણ્યું છે?

પણ એની એક બ્હેન છે—એનાથી નાની. એને કોઇક જ ઓળખતું હશે. એનું નામ Brahminy Kite—(Haliastur Indus)रुह मुबारक—લાલ શમળી. બરોબર શમળી જેવો જ આકાર, પણ રૂપરંગ અને રહેઠાણ એનાથી ભિન્ન પ્રકારનાં. માથું, ગરદન અને છાતી સુધી ગળાનો ભાગ તદ્દન સફેદ: બાકીનું બધું શરીર ઘોડાના જેવું ચકચકિત લાલ રંગનું. ચાંચનો રંગ આછો વાદળી, શીંગડા જેવો. પગ મેલા પીળા રંગના. એ પણ ઘૂંટણ સુધી જ પીછાંથી ઢંકાએલા. આખા હિંદુસ્તાનમાં એની વસ્તી છે; પણ તળાવ, નદીનાળાં વગેરે પાણીની પાસે જ વસનારૂં એ પક્ષી, દેડકાં, તીડગોલ્લાં, તીતીઘોડા, માછલાં વગેરે પર નિર્વાહ કરે.

प्रसह—શિકારી પંખી (Raptores)માંનાં ગીધ, ગરુડ અને શમળીનાં જીવન આપણે જોયાં. બાકી રહ્યાં બાજ અને ઘુવડ. એમનો પરિચય વળી અન્ય પ્રસંગે.

વનેચર

---

* વિક્રમોર્વશીય: અંક ૧લો. રઘુવંશ: ૧૪:૬૮:—
सा मुक्तकण्ठं व्यसनातिभाराच्चक्रन्द विग्ना कुररीव भूयः ।

સ્વર્ગ અને પૃથ્વી

'રવીન્દ્રનાથ!'

'જી.'

'તું આપણી જાગીર તો એક વાર જોઇ આવ. કેટલી જમીન, કેટલાં ઘર, શી માલમિલ્કત વગેરે તારી નજરોનજર જોઈ આવીશ તો ભવિષ્યમાં એ તને જ કામ આવશે.'

ઘરમાંથી વડીલની આજ્ઞા થઇ એટલે જુવાન રવીન્દ્રનાથે પદ્માના એ સૌન્દર્યભર્યા, સમૃદ્ધ અને ફળદ્રુપ પ્રદેશમાં થોડા દિવસ જઇ આવી પોતાની જમીનદારી નિરખી આવવાનું કબૂલ્યું.

બેંતાલીસ વર્ષ પહેલાંની આ વાત. પોતાની જાગીર પદ્માને કિનારે, એટલે કવિએ સામાન્ય ઘરને બદલે નદીમાં હોડીમાં જ રહેવાનું પસંદ કર્યું. કારણ પદ્મા ત્યાં આગળ પોતાનું વિરાટ નારીરૂપ પ્રગટ કરે છે. દસ માઇલના પહોળા પટમાં વિસ્તરેલી, મલપતી, મસ્ત અને ભવ્ય પદ્મા જાણે પોતાના સાગર સ્વામીને મળતાં પહેલાં ત્યાં પોતાનું મૌલિક શક્તિ સ્વરૂપ ધારણ કરે છે.

પદ્માના કિનારાના આ લાંબા નિવાસ દરમિયાન અભણ અને અસંસ્કારી, પણ સજ્જન સહૃદય અને માણસાઇભર્યાં ગામડિયાંઓના સજીવન સંસર્ગમાં કવિ આવ્યા. નિસર્ગની અપૂર્વ અને વિરાટ ભવ્યતાની સાથેસાથે કવિએ માનવતાનું સહજ સૌન્દર્ય પણ ત્યાં જોયું અને માણ્યું. કેવળ કલ્પનામય જગતમાં મસ્ત રહેનાર એ જુવાન કવિની કલ્પનાસમાધિ ત્યાં તૂટી, અને સૌન્દર્યની સ્મૃતિસાધનામાં રત રહેનાર સૌન્દર્યદૃષ્ટા રવીન્દ્રનાથ, જ્યાં જીવન અને મૃત્યુ, તેજ અને તિમિર, પુણ્ય અને પાપ, સત્ય અને અસત્યનાં દ્વંદ્વો સનાતન કાળથી પોતાની સંગ્રામલીલા વિસ્તારતાં આવ્યાં છે એવા વાસ્તવિક માનવજીવનની વચ્ચે આવ્યા. અહીં કવિએ કલ્પનામય સ્વર્ગ અને વાસ્તવિક પૃથ્વી વચ્ચેના ભેદનો સાક્ષાત્કાર કર્યો, અને આ સાક્ષાત્કારને પરિણામે પ્રથમની કવિતાઓ કરતાં તદ્દન જુદા જ સ્વરૂપની, માનવજીવનનાં અનેક પડોને સ્પર્શ કરતી અને સ્વભાવના અનેક થરો ઉકેલતી રંગદર્શી અને હૃદયંગમ કવિતાઓ તથા નવલિકાઓ સરજાઈ. કવિએ અહીં પોતાની દૃષ્ટિએ નિહાળેલી અને અંતઃકરણમાં સાક્ષાત કરેલી યથાર્થ માનવતા એમની એ સમયની રચાએલી સર્વ કવિતાઓ અને નવલિકાઓની જનેતા છે.

કલ્પના અને વાસ્તવિક—સ્વર્ગ અને પૃથ્વી વચ્ચેનો કવિએ અનુભવેલો આ તીવ્ર ભેદ એમણે પોતાની 'સ્વર્ગમાંથી વિદાય' એ કવિતામાં સમર્થરીતે આલેખ્યો છે. સંવત ૧૯૫૦ માં આ કવિતા રચાઇ છે અને કવિના કાવ્યસંગ્રહ 'ચિત્રા'માં એ પ્રગટ થઇ છે. કલ્પનામાં રમતા રવીન્દ્રનાથ આ કાવ્યસંગ્રહમાં વાસ્તવિક માનવજીવનનાં સુખ અને દુઃખ, આનંદ અને વિષાદ, હાસ્ય અને રૂદન એ સર્વમાં સમભાવે ભીંજાઇને માનવતાનું સંગીત ભેટ ધરે છે. આ દૃષ્ટિએ 'ચિત્રા' એ કવિના પલટાએલા માનસનું અને ભીના અંતરનું પ્રતિબિંબ બનીને એમના સર્જનપ્રવાહનું સીમાચિહ્ન બની જાય છે.

મૂળ બંગાળી કવિતા તો એટલી છંદભરી, શબ્દલાલિત્યથી લસતી અને ભાવલાવણ્યથી ભરપૂર છે, એટલી પ્રસાદમય અને પ્રવાહી છે કે તેને મુકાબલે આ ભાષાંતર મને પોતાને તો વિકૃત કંકાલ જેવું લાગે છે. મૂળનાં સૌન્દર્ય, સામર્થ્ય અને છંદ અદ્ભુત છે. માતા ધરિત્રીનો આવો મહિમા, વિષાદનું આવું ભવ્ય રૂપ, માતૃભૂમિનું આવું સરસ મનોરમ ચિત્ર કોઇ કવિની લેખિનિમાંથી સરજાયું હશે કે કેમ તે કોણ જાણે!

પોતાના પુણ્યભોગ સમાપ્ત થયા પછી સ્વર્ગમાંથી વિદાય લેતી વખતે પૃથ્વીનો પુરાતન વાસી કહે છે:

હે મહેન્દ્ર !
મારા કંઠની મંદારમાલા મ્લાન થઇ ગઈ;
મારા મલિન લલાટની જ્યોતિર્મયી રેખ ભુંસાઇ ગઇ;
મારૂં પુણ્યબળ ક્ષીણ થયું.
હે દેવદેવીઓ !
સ્વર્ગમાંથી આજે મારે વિદાય થવાનો દિવસ છે.
આ દેવલોકમાં દેવ પેઠે મેં સો લાખ વર્ષ વિતાવ્યાં છે.
આજે અંતિમ વિયોગની ક્ષણે
મને એવી આશા હતી, કે સ્વર્ગની આંખોમાં
હું જરાક આંસુની રેખા જોઇશ.
શોકહીન, હૃદયહીન સુખ-સ્વર્ગભૂમિ
ઉદાસીન ભાવે આજે એકીટશે જોઇ રહી છે;
લાખ લાખ વર્ષ થયાં પણ એની આંખોએ
પલક મારી નથી.
જ્યારે મારા જેવા સેંકડો લોકો
નિરાધાર નક્ષત્રની જેમ પલવારમાં
ધરિત્રીના અનંત જન્મમૃત્યુના પ્રવાહમાં
સમાઇ જાય છે,
તે વખતે, પીપળાને પોતાનું એક જીર્ણ પાંદડું
પડી જાય ને જેટલી વેદના થાય,
તેટલી પણ વ્યથા સ્વર્ગને થતી નથી.

જો એટલી વેદના થાત,
વિરહની છાયારેખા દેખાત,
તો સ્વર્ગનો ચિરંજીવ પ્રકાશ
મૃત્યુલોકની જેમ જ કોમળ શિશિરબાષ્પથી
મ્લાન થઇ જાત;
આખું નંદનવન નિઃશ્વાસનું માર્યું કંપી ઊઠત;
મંદાકિની પોતાના કિનારા પર
કરુણ ગાને ગુંજી ઊઠત;
દિવસના અવસાને સંધ્યા નિર્જન પ્રદેશને પેલે પાર
દિગંત ભણી ઉદાસ ભાવે ચાલી જાત; અને
નિઃસ્તબ્ધ નિશીથ મૌન મંત્રથી નક્ષત્રોની સભામાં
પોતાનો વૈરાગ્યસંદેશ સંભળાવી જાત;
વચ્ચેવચ્ચે સ્વર્ગપુરીમાં નૃત્યપરા મેનકાનાં
કનકનૂપુરોનો તાલભંગ થઇ જાત;
ઉર્વશીનાં સ્તનોને અડકીઅડકીને, રહીરહીને
સુવર્ણવીણા ઉદાસીન ભાવે કઠિન વેદનાશીલ
દારૂણ કરુણ મૂર્છનાનો ઝંકાર કરી ઊઠત;
અને દેવતાઓનાં અશ્રુહીન નેત્રોમાં
વિનાકારણ જલની રેખાઓ દેખાત;
પતિની પાસે એક જ આસન પર બેઠેલી શચિ
અકસ્માત ચકિત થઇને,
જાણે પિપાસાનું પાણી શોધવા માંડત;
વચ્ચેવચ્ચે પૃથ્વી પરથી આવતા વાયુપ્રવાહમાં
એનો સુદીર્ઘ નિઃશ્વાસ ઉચ્છ્વસિત થઇ ઊઠત
અને નંદનવનની કુસુમમંજરીઓ કરમાઇને ખરી પડત.

હે સ્વર્ગ !
તારૂં સુખ ભલે હસતું રહે; ભલે અમૃતપાન કર્યા કરે.
દેવગણ !
સ્વર્ગ તમારા લોકોનું જ સ્થાન છે;
અમે તો પરાઇ ભૂમિના વસનાર છીએ.
મૃત્યુલોક સ્વર્ગ નથી,
એ તો માતૃભૂમિ છે;—
એટલે જો એને કોઇ બે દિવસ પછી પણ
બે ઘડીને માટે છોડીને ચાલ્યું જાય,
તોપણ એની આંખોમાં આંસુની ધારા
વહેવા માંડે છે.
ગમે તેટલો ક્ષુદ્ર, ક્ષીણ, અભાગી એ કેમ ન હોય,
ગમે તેટલો પાપગ્રસ્ત અનુતપ્ત કેમ ન હોય,
તોપણ પોતાના વ્યગ્ર આલિંગન-પાશમાં જકડીને
એ સર્વને બાંધવા તલસે છે.
ધૂળવાળા એના શરીરના સ્પર્શથી
માતાનું હૃદય જાણે હમણાં ઉછળી પડશે
એમ લાગે છે.
સ્વર્ગમાં તમારી પાસે ખૂબ અમૃત છે,
પરંતુ પૃથ્વી પર અનંત સુખદુઃખમિશ્રિત પ્રેમધારા
અશ્રુજલથી ભૂતલના સ્વર્ગખંડોને ભીંજવી રહી છે.

હે અપ્સરે !
તમારૂં નયનતેજ પ્રેમવેદનાથી કદિ મ્લાન ન થાઓ;
હું વિદાય લઉં છું.
તમે કોઇને પ્રાર્થના ન કરો.
પૃથ્વી પર નદીને તીરે કોઇ ગામમાં,
અત્યંત દરિદ્ર ઘરઆંગણે,

પીપળાના વૃક્ષ હેઠળ,
જો મારી પ્રેયસી અવતરશે,
તોપણ એ બાલિકા યત્નપૂર્વક
પોતાના વક્ષઃસ્થલમાં કેવળ મારે જ માટે
સુધાનો ભંડાર એકત્ર કરી રાખશે; અને
શૈશવકાળમાં નદીને કિનારે,
પ્રભાતે શિવની મૂર્તિ રચી,
વરદાનમાં મને જ માગી લેશે.
સંધ્યા સમયે બળતા દીવાને જલપ્રવાહમાં વહાવીને,
શંકિત કંપિત અંતઃકરણે ઘાટ પર એકલી ઊભી રહીને
એકીટશે જોતી એ પોતાનું સૌભાગ્ય નીરખશે.
એકવાર કોઇ ધન્ય ક્ષણે મારા ઘરમાં
નેત્રો નીચે ઢાળીને, ઉત્સવના બંસીરવની સાથે
એ પ્રવેશ કરશે.
એના ચંદનચર્ચિત ભાલદેશે
રક્તપટામ્બર વિરાજમાન હશે.
ત્યાર બાદ, સુદિન હો કે દુર્દિન,
સુખ હો કે દુઃખ,
પણ એ ગૃહલક્ષ્મી
કલ્યાણનાં કંકણ અને પાંતીમાં મંગલ સિંદુર
હમેશાં ધારણ કરી રહેશે.

હે દેવગણ!
વચ્ચેવચ્ચે સુદૂરના સ્વપ્ન સમાન
આ સ્વર્ગ પણ યાદ આવશે.
જ્યારે કોઇ મધરાતે
જાગીને અકસ્માત જોઇશ કે
નિર્મલ શય્યા પર ચાંદની છલકી રહી છે,
એમાં પ્રિયતમા નિદ્રાધીન થઇને સૂતી છે,
એના શિથિલ બાહુઓ સ્વાસ્થ્ય અનુભવે છે,
અને લજ્જાની ગ્રન્થીઓ ઢીલી પડી ગઇ છે;
મારા મૃદુ સોહાગ ચુંબનથી એ ચકિત ભાવે
જાગી ઊઠશે, અને ગાઢાલિંગનથી
મારા વક્ષઃસ્થલને લતાની જેમ લપેટાઇ જશે;
દખ્ખણના વાયરા ફૂલની સુગંધ લઇ આવશે
ને દૂર વૃક્ષની ઘન શાખાઓમાં કોયલ ટહૂકી ઊઠશે;—
ત્યારે સ્વર્ગ સ્વપ્નાની જેમ સાંભરશે.

હે દીનહીન, આંસુભરી આંખોવાળી
દુઃખાતુરા મ્લાન માતા!
હે મૃત્યુભૂમિ, મા વસુંધરા!
આજે ઘણા દિવસ પછી
મારૂં અંતર તારે કાજે રડી રહ્યું છે.
જ્યાં વિદાયના દુઃખથી શુષ્ક આ બંને આંખો
આંસુથી ભરાઇ ગઇ છે,
ત્યાં જ સ્વર્ગની છાયાછબી
અતીત કલ્પના સમાન કો જાણે કયાં યે વિલીન થઈ.
તારૂં નીલ આકાશ, તારો પ્રકાશ,
તારૂં જનાકીર્ણ લોકાલય
સિંધુતીર પરનો સુદીર્ઘ પટ,
નીલ ગિરિશૃંગ પરની શુભ્ર હિમરેખા,
તરુશ્રેણિની વચ્ચેનો નિઃશબ્દ અરુણોદય,
શૂન્ય નદીને પેલે પારની અવનતમુખી સંધ્યા,—
આ સર્વ એક બિન્દુ આંસુના જલમાં
દર્પણ-પ્રતિબિંબની જેમ આવી પડ્યાં છે.

હે હતપુત્રા જનની!
તારા અંતિમ વિયોગને દિવસે
જે શોકાશ્રુધારાએ ઝરીઝરીને
તારા એ માતૃસ્તનને અભિષિક્ત કર્યાં હતાં—
આજે આટલા દિવસો પછી
એ અશ્રુ સુકાઇ ગયાં છે,
તોપણ હું મનમાં તો જાણું છું કે
જ્યારે હું તારે ખોળે પાછો આવીશ,
તે વખતે તારા બંને બાહુઓ મને જકડી લેશે;
મંગલનો શંખ વાગશે,
સ્નેહની છાયામાં,
સુખદુઃખમય પ્રેમભર્યા સંસારમાં,
પોતાને ઘેર, પુત્રપુત્રીઓના મધ્યમાં
મને તું ચિરપરિચિતની જેમ સ્વીકારી લઇશ;
અને બીજે જ દિવસથી, મારી તરફ
દરેક ક્ષણે કંપતા પ્રાણે
અને દેવો ભણી શંકિત હૃદયે
કરુણ દૃષ્ટિ માંડીને તું જાગતી રહીશ;—
તું એને માટે સર્વદા ચિંતાતુર રહીશ કે
જેને મેળવ્યો છે
એને પાછો ખોઇ ન બેસું!

(અનુવાદ) કિસનસિંહ ચાવડા

ડૉ. ભીમરાવ રામજી આંબેડકર

(અનુસંધાન પાછળ પાન ૪૦૮ થી ચાલુ)

કમિટીના ડૉ. આંબેડકર એક સભાસદ હતા. તેમણે એ કમિટીના રીપોર્ટમાં જોડેલી ભિન્નમત પત્રિકા જુઓ, અથવા તેમનું કોઇપણ ભાષણ વાંચો કે એમના બે નામાંકિત ગ્રંથો ('The Problem of the Rupee' અને 'Evolution of Provincial Finance in British India') જુઓ સર્વત્ર તેમની પ્રચંડ મહેનત દેખાઇ આવશે.

રૂપિયાના પ્રશ્ન સંબંધી લખેલા એમનાં પુસ્તકની 'લંડન સ્કૂલ ઑફ ઇકૉનૉમિક્સ'ના પ્રો. કૅનને પ્રસ્તાવના લખી છે. એનો સારાંશ એ છે કે આંબેડકરનો અને મારો એક મત ન હોય ત્યાં એમનું કહેવું બરાબર હશે. તેના મતમાં ભૂલ એટલે તેમનો વ્યક્તિવાદ અભિનવ અને વિચારોત્પાદક છે. બીજા પુસ્તકની પ્રસ્તાવના લખનાર પ્રો. સીલિગ્મન કોલંબિયા યુનિવર્સિટીના અર્થશાસ્ત્રના પ્રોફેસર છે. તેમણે ડૅા. આંબેડકરની વિદ્વત્તા અને અભ્યાસની તારીફ કરી છે. તેમના મતે તે અપૂર્વ પુસ્તકમાં હિંદને તેમજ બીજા દેશોને ઉપયોગી થઈ પડે એવી પુષ્કળ માહિતી છે. આવા પ્રકારનું પુસ્તક લખવાનો પ્રયત્ન તેમના મતે કોઈપણ સ્થળે કોઇએ પણ કર્યો નહોતો. ડૅા. આંબેડકરની વિદ્વત્તાની અથવા જ્ઞાનની આથી વધારે સિફારસ શી હોઇ શકે?

બે જબરજસ્ત વ્યસનો

પણ આવા અભ્યાસને અંગે ડૉ. આંબેડકરને બે વ્યસનો લાગ્યાં. એક પુસ્તકો વેચાતાં લેવાનું અને બીજું પૂરેપૂરાં વાંચવાનું. દિવસો જતાં તેમની એ વ્યસનાસક્તિ વધતી ચાલી અને આજે તેમની પાસે કાંઈ નહિ તો યે સાતઆઠ હજાર સુનંદા ગ્રંથોનો સંગ્રહ થઇ ગયો છે, જેની કિંમત સહજ ત્રીસચાળીસ હજાર ઉપર હશે. તેમાંના કેટલાક અલભ્ય ગ્રંથો તો કેટલી મોટી કિંમત આપીને પણ એમણે લીધા હશે તેની કલ્પના કોઇને આવવી મુશ્કેલ છે.

પોતાનાં પુસ્તકો બરોબર વ્યવસ્થિત સચવાય એટલા માટે જ કોઇએ ઘર બાંધ્યું હોય એવું ઉદાહરણ તો મને ડૅા. આંબેડકરનું જ જણાયું. તેમના વકીલી ઓરડામાં બધા વકીલી ધંધાના ગ્રન્થો વ્યવસ્થિત રાખવાની સોઇ કરી છે, સૂવાના ખંડમાં ચરિત્રગ્રન્થોની જગ્યા મુકરર કરી છે, બાકીના વિષયવાર જરૂર પડે તે પ્રમાણે ગોઠવેલા છે. પણ તેમાં આધુનિક નવલકથાઓ, નાટકો, કાવ્યો, વાર્તાઓ એવા પ્રકારની ચોપડીઓ શોધી જડશે નહિ. સર્વત્ર ગંભીર વિષય અને અભ્યાસનાં પુસ્તકો: સંદર્ભગ્રન્થ, કાયદા, ઇતિહાસ, રાજ્યવ્યવસ્થા, અર્થશાસ્ત્ર, રાજકારણ, એવા જ વિષયનાં પુસ્તકો દેખાશે.

સ્વભાવ દોષ

આંબેડકર કેવળ આવા અભ્યાસી ને ઉદ્યોગી જ બન્યા તેથી તેમના સ્વભાવમાં થોડો અવગુણ પણ છે. કામમાં રોકાએલા હોય ત્યારે કોઇપણ માણસની ડખલગીરી તેમની આગળ ચાલે નહિ; પછી તે ગમે તે હોય. ગાંધીજીએ ઉપવાસ આરંભ્યા ત્યારે સર્વ મદાર આંબેડકર ઉપર હતો, તેથી તેમની પાસે સમાધાન કરવા મોટા મોટા નેતાઓના ફેરા થવા લાગ્યા. તે વખતે સાવંતવાડીનો એક ખટલો (કેસ) આંબેડકરના હાથમાં હતો અને તેના સંબંધી તે વિચારમગ્ન હતા તે વખતે શ્રી ઠક્કર બાપા એમને મળવા ગએલા. ઠક્કર બાપાએ કહ્યું, 'નિદાન એક દોઢ કલાક તો મને જોઇશે'. થયું એટલા માટે જ વાત બંધ રહી અને ઠક્કર બાપા ત્રાસીને ચાલી નીકળ્યા. પણ આંબેડકરે પોતાનું કામ પૂરૂં થતાં જ તેમને પાછા બોલાવ્યા. એવા છે એ.

ધાર્મિક મત

તેમનો ધર્મવિષયક મત વળી ઓર જડબાતોડ છે એ વાત તો હમણાંના એમના હિંદુ ધર્મનો ત્યાગ કરવાના ધડાકાથી સૌ જાણે છે. અસ્પૃશ્યોને આજ પર્યંત દેવોનું દર્શન થયું નહિ એટલે તેઓ કંઈ ગરી નથી ગયા, અથવા દેવાલયમાં જઇ આવેલાં ગધેડાં, કૂતરાં, બિલાડાં વગેરે જનાવરો મનુષ્યો બની ગયાં નથી, તો પછી દેવાલયમાં જવાની હઠ શા માટે જોઇએ?

દૈવ, નસીબ એવાં ઓઠાં પર તો તેઓ લગીરે વિશ્વાસ મૂકતા નથી. દૈન્યાવસ્થા એ દૈવ-દુર્વિપાકનું ફળ છે એવી સમજણ અને આત્મવંચક કલ્પનાને પાયામાંથી ફટકાવી કાઢો એવું તેમણે અનેક વાર પોતાના અનુયાયીઓને કહ્યું હતું. મંદિરપ્રવેશ બાબતમાં કૉંગ્રેસ પક્ષોમાં ગડમથલ ચાલેલી તેનું પોકળપણું બતાવવા માટે એક ભાષણમાં તેઓ બોલેલા: 'દેવાલયમાંની મૂર્તિ પાસે મૂકવાના આધ્યાત્મિક ભાવને બદલે પેટની કોથળી કેમ ભરાશે તેની વિવેચના તમારે હાથ ધરવી જોઇએ.' રાજકીય હક્ક કેમ મેળવવા અને મેળવ્યા પછી તેનો ઉપયોગ કેવો કરવો એ વિષયમાં તેમનું ધોરણ કેટલું દૂરદષ્ટિભર્યું

ડૉ. ભીમરાવ રામજી આંબેડકર

(અનુસંધાન પાછળ પાન ૪૦૮ થી ચાલુ)

કમિટીના ડૉ. આંબેડકર એક સભાસદ હતા. તેમણે એ કમિટીના રીપોર્ટમાં જોડેલી ભિન્નમત પત્રિકા જુઓ, અથવા તેમનું કોઇપણ ભાષણ વાંચો કે એમના બે નામાંકિત ગ્રંથો ('The Problem of the Rupee' અને 'Evolution of Provincial Finance in British India') જુઓ સર્વત્ર તેમની પ્રચંડ મહેનત દેખાઇ આવશે.

રૂપિયાના પ્રશ્ન સંબંધી લખેલા એમના પુસ્તકની 'લંડન સ્કૂલ ઑફ઼ ઇકૉનૉમિક્સ'ના પ્રો. કૅનને પ્રસ્તાવના લખી છે. એનો સારાંશ એ છે કે આંબેડકરનો અને મારો એક મત ન હોય ત્યાં એમનું કહેવું બરાબર હશે. તેના મતમાં ભૂલ એટલે તેમનો વ્યક્તિવાદ અભિનવ અને વિચારોત્પાદક છે. બીજા પુસ્તકની પ્રસ્તાવના લખનાર પ્રો. સીલિગ્મન કોલંબિયા યુનિવર્સિટીના અથશાસ્ત્રના પ્રોફેસર છે. તેમણે ડૉ. આંબેડકરની વિદ્વત્તા અને અભ્યાસની તારીફ કરી છે. તેમના મતે તે અપૂર્વ પુસ્તકમાં હિંદને તેમજ બીજા દેશોને ઉપયોગી થઈ પડે એવી પુષ્કળ માહિતી છે. આવા પ્રકારનું પુસ્તક લખવાનો પ્રયત્ન તેમના મતે કોઇપણ સ્થળે કોઇએ પણ કર્યો નહોતો. ડૉ. આંબેડકરની વિદ્વત્તાની અથવા જ્ઞાનની આથી વધારે સિફારસ શી હોઇ શકે?

બે જબરજસ્ત વ્યસનો

પણ આવા અભ્યાસને અંગે ડૉ. આંબેડકરને બે વ્યસનો લાગ્યાં. એક પુસ્તકો વેચાતાં લેવાનું અને બીજું પૂરેપૂરાં વાંચવાનું. દિવસો જતાં તેમની એ વ્યસનાસક્તિ વધતી ચાલી અને આજે તેમની પાસે કાંઈ નહિ તો યે સાતઆઠ હજાર સુનંદા ગ્રંથોનો સંગ્રહ થઇ ગયો છે, જેની કિંમત સહજ ત્રીસચાળીસ હજાર ઉપર હશે. તેમાંના કેટલાક અલભ્ય ગ્રંથો તો કેટલી મોટી કિંમત આપીને પણ એમણે લીધા હશે તેની કલ્પના કોઇને આવવી મુશ્કેલ છે.

પોતાનાં પુસ્તકો બરોબર વ્યવસ્થિત સચવાય એટલા માટે જ કોઇએ ઘર બાંધ્યું હોય એવું ઉદાહરણ તો મને ડૉ. આંબેડકરનું જ જણાયું. તેમના વકીલી ઓરડામાં બધા વકીલી ધંધાના ગ્રન્થો વ્યવસ્થિત રાખવાની સોઇ કરી છે, સૂવાના ખંડમાં ચરિત્રગ્રન્થોની જગ્યા મુકરર કરી છે, બાકીના વિષયવાર જરૂર પડે તે પ્રમાણે ગોઠવેલા છે. પણ તેમાં આધુનિક નવલકથાઓ, નાટકો, કાવ્યો, વાર્તાઓ એવા પ્રકારની ચોપડીઓ શોધી જડશે નહિ. સર્વત્ર ગંભીર વિષય અને અભ્યાસનાં પુસ્તકોઃ સંદર્ભગ્રન્થ, કાયદા, ઇતિહાસ, રાજ્યવ્યવસ્થા, અર્થશાસ્ત્ર, રાજકારણ, એવા જ વિષયનાં પુસ્તકો દેખાશે.

સ્વભાવ દોષ

આંબેડકર કેવળ આવા અભ્યાસી ને ઉદ્યોગી જ બન્યા તેથી તેમના સ્વભાવમાં થોડો અવગુણ પણ છે. કામમાં રોકાએલા હોય ત્યારે કોઇપણ માણસની ડખલગીરી તેમની આગળ ચાલે નહિ; પછી તે ગમે તે હોય. ગાંધીજીએ ઉપવાસ આરંભ્યા ત્યારે સર્વ મદાર આંબેડકર ઉપર હતો, તેથી તેમની પાસે સમાધાન કરવા મોટા મોટા નેતાઓના ફેરા થવા લાગ્યા. તે વખતે સાવંતવાડીનો એક ખટલો (કેસ) આંબેડકરના હાથમાં હતો અને તેના સંબંધી તે વિચારમગ્ન હતા તે વખતે શ્રી ઠક્કર બાપા એમને મળવા ગએલા. ઠક્કર બાપાએ કહ્યું, 'નિદાન એક દોઢ કલાક તો મને જોઇશે'. થયું એટલા માટે જ વાત બંધ રહી અને ઠક્કર બાપા ત્રાસીને ચાલી નીકળ્યા. પણ આંબેડકરે પોતાનું કામ પૂરૂં થતાં જ તેમને પાછા બોલાવ્યા. એવા છે એ.

ધાર્મિક મત

તેમનો ધર્મવિષયક મત વળી ઓર જડબાતોડ છે એ વાત તો હમણાંના એમના હિંદુ ધર્મનો ત્યાગ કરવાના ધડાકાથી સૌ જાણે છે. અસ્પૃશ્યોને આજ પર્યંત દેવોનું દર્શન થયું નહિ એટલે તેઓ કંઈ ગરી નથી ગયા, અથવા દેવાલયમાં જઇ આવેલાં ગધેડાં, કૂતરાં, બિલાડાં વગેરે જનાવરો મનુષ્યો બની ગયાં નથી, તો પછી દેવાલયમાં જવાની હઠ શા માટે જોઇએ?

દૈવ, નસીબ એવાં ઓઠાં પર તો તેઓ લગીરે વિશ્વાસ મૂકતા નથી. દૈન્યાવસ્થા એ દૈવ-દુર્વિપાકનું ફળ છે એવી સમજણ અને આત્મવંચક કલ્પનાને પાયામાંથી ફટકારી કાઢો એવું તેમણે અનેક વાર પોતાના અનુયાયીઓને કહ્યું હતું. મંદિરપ્રવેશ બાબતમાં કૉંગ્રેસ પક્ષોમાં ગડમથલ ચાલેલી તેનું પોકળપણું બતાવવા માટે એક ભાષણમાં તેઓ બોલેલાઃ 'દેવાલયમાંની મૂર્તિ પાસે મૂકવાના આધ્યાત્મિક ભાવને બદલે પેટની કોથળી કેમ ભરાશે તેની વિવેચના તમારે હાથ ધરવી જોઇએ.' રાજકીય હક્ક કેમ મેળવવા અને મેળવ્યા પછી તેનો ઉપયોગ કેવો કરવો એ વિષયમાં તેમનું ધોરણ કેટલું દૂરદષ્ટિભર્યું

છે તે જુઓ. નવીન સુધારામાં કાઉન્સિલમાં શુમારે ૨૦૦ સભાસદ થશે. પૈકી સરેરાશ ૧૧૫ સભાસદોનો સમૂહ થાય. એમાં હિંદુઓને સોએક જગ્યા મળે. અસ્પૃશ્યોને ભાગે પંદર જ છે. તે વખતે પંદરનું મહત્ત્વ આપોઆપ વધશે. મતાધિક્ય કરવામાં તેમની જરૂર પડવાની જ. તેથી સારી તૈયારી કરી યોગ્ય પ્રતિનિધિ બનજો એવી સૂચના તેમણે અસ્પૃશ્યોને આપી; કારણકે તેમના કહેવા પ્રમાણે અસ્પૃશ્યોને પથરાનાં દેવમંદિરોની જરૂર નથી. તે ખુલ્લાં રહે અથવા લીલ બાઝેલાં તળાવનાં પાણી ભરતાં રહે. તેની લડાઇ નથી. ફક્ત રાજકીય સત્તા માટે જ તેમના મોરચા છે. હિંદુ ધર્મ માટે તેમના મનમાં માન જ નથી; એટલે જ તેમણે મનુસ્મૃતિ સળગાવી. હિંદુઓનાં અંતઃકરણો પથ્થર ઇંટની ભીંત જેવાં નિર્જીવ છે, તેમને મનુષ્યને મનુષ્ય ગણવાની અથવા બીજાના સમાન હક્ક આપવાની અક્કલ નથી, આ પ્રમાણે તેમણે તેમના બંધુઓને અનેકવાર સંભળાવ્યું છે. ડૉ. આંબેડકરનો એ અનુભવ ખરો છે એની તો આપણો અસ્પૃશ્યતાનો ઇતિહાસ સાક્ષી આપશે.

પરિણામકારી વક્તા

દેખાવમાં કદાવર લાગતા એ ભારેખમ ડૉ. ભીમરાવ આંબેડકરને જોતાં જ એક પ્રકારની ભીતિ લાગે છે. તેમના ચહેરા પર થોડીક ઉગ્રતાની છટા ફરકે છે; પણ આંખમાં વિદ્વત્તા ઝળકે છે. તેમનું બોલવું સાંભળતાં જ તેમની વિદ્વત્તાની પ્રતીતિ થવા લાગે છે. વિદ્યાર્થીની બુદ્ધિનું માપ લક્ષમાં રાખી હળવેહળવે એક વિધાન સમજાવવું, પછી બીજું, એવી તેમની વિવેચનપદ્ધતિ છે; પછી વિષય ગમે તે હોય. તેથી જ કૉલેજમાં વિદ્યાર્થીઓને આંબેડકરનો સમય ચૂકવો પડે તો જીવ પર લાગે છે. વિષયમાં નહિ સમજનારાને પણ તેમનું બોલવું જાણે સાંભળ્યા જ કરવાનું મન થાય છે. કારણ ભાષા પરનું એમનું પ્રભુત્વ, અસ્ખલિત વાણી અને સ્પષ્ટ તેમજ થોડામાં જ પોતાનું કહેવાનું રજુ કરવાની એમની શૈલી અદ્વિતીય છે.

ભાષા એવી દણકેબાજ કે પ્રતિપક્ષી સાંભળતો હોય તો તેની ખણખણાટ કરતી સ્પષ્ટતાથી ઠંડો જ પડી જાય. પણ ભૂલ્યેચૂક્યે એમાં ક્ષુદ્રપણું કે હીનવૃત્તિ ક્યાંય દેખાય નહિ. પ્રતિપક્ષીને પણ તેમનું ધૈર્ય અને નીડરપણું જોઇ સાંભળીને ક્ષણભર અભિમાન થાય એવું વક્તૃત્વ તથા લેખન ડૉ. આંબેડકરમાં છે. ગોળમેજી પરિષદ વેળા લંડનમાં હિંદી પ્રતિનિધિઓને તો તેમની ખરી ખબર પડી જ; પરંતુ બ્રિટિશ મુત્સદ્દીઓ અને મંત્રીઓ પણ ડૉ. આંબેડકરનું સ્પષ્ટવક્તાપણું જોઇ છક થઇ ગયા. તેમના બીનતોડ યુક્તિવાદ અને અચૂક તર્કશાસ્ત્રથી તેમણે આંબેડકરનું ખરૂં શ્રેષ્ઠત્વ પિછાન્યું.

પરિસ્થિતિનું અચૂક નિશાન

ગોળમેજીમાં ડૉ. આંબેડકરે કહ્યું હતું કે ગુલામોથી પણ નીચતર એવું જીવન અસ્પૃશ્યોને કંઠે વળગેલું છે. ગુલામો અસ્પૃશ્ય નહોતા, પણ અમે તો છીએ. સરકાર ઉપરે તેમની ટીકા કડક હતી 'દોઢસો વર્ષમાં સરકારે અમારી સ્થિતિમાં કોઇ પણ પ્રકારની સુધારણા આણી નથી. દોઢસો વર્ષો પહેલાં અમને દેવાલય, પોલીસ, અને લશ્કરી ખાતામાં બંધી હતી તેવી જ આજસુધી છે; દોઢ સો વર્ષ પહેલાં વાવકૂવાપર અમારે પાણી બીજા પાસેથી માગીને લેવા માટે ઊભા રહેવું પડતું તેવું હાલ પણ છે. દોઢસો વર્ષના ઇંગ્લંડના અમલ નીચે કંઇ જ દૃશ્ય પરિણામ અમારા હક્કો પર થયું નથી.' આમ તેમણે સાફસાફ કહ્યું.

અંગ્રેજ રાજ્યકર્તા આ બાબતમાં કંઇ પણ કેમ કરી શક્યા નહિ તેનું કારણ એમના મતે એવું હતું કે પ્રચલિત સામાજિક અને આર્થિક વ્યવસ્થામાં ફેરફાર કરવાથી લોકમત ખળભળી ઊઠે અને તેમાંથી અસંતોષનો પ્રતિકાર ઉત્પન્ન થાય એવી બીક સરકારને લાગી હોવી જોઇએ. એવી સરકાર શા કામની? એવો પ્રશ્ન આંબેડકરે ગોળમેજી પરિષદમાં પૂછ્યો હતો.

વ્યવસાય ધોરણ અને વ્યવસ્થા

ડૉ. આંબેડકરનું સાદાપણું કંઇ ઓર જ છે. અમેરિકાથી આવ્યા પછી પણ ઘણાં વર્ષ લગી તે ચાલીમાં જ રહેતા હતા એ વાત ઘણા માને પણ નહિ. તેમના સાહેબી પોષાકમાં ઉમરાવી ઠાઠ છે ખરો, પણ તે પોષાક પૂરતો. જાણીજોઇને રૈંજીપૈંજી દેખાવું એમને જરા યે ગમતું નથી. તેમની બીજી રીતભાત પણ એ પ્રમાણે ઉચ્ચ છે. તેમણે દાદરમાં ઘર બાંધ્યું છે, પણ તે પુસ્તકો માટે જ બાંધ્યું છે એમ કહી શકાય. તેની અંદરની વ્યવસ્થા બહુ જ ઉચ્ચ પ્રતિની છે, વીજળીના દીવા, પંખા, ચોડેલાં ચિત્રો, તેની ફ્રેમો, બેસવાની ખુરશી, લખવાનું ટેબલ પુસ્તકોનાં કબાટો એ પ્રત્યેક વસ્તુ પાછળ ડૉકટરનો કાંઇ ને કાંઇ ખાસ હેતુ જણાય જ છે.

નિર્હેતુક હોય એવું કંઇ પણ ત્યાં જણાતું નથી.

એ ઘરનું નામ એમણે 'રાજગૃહ' રાખ્યું છે. રાજાનું ઐશ્વર્ય દર્શાવવાનો તેમાં હેતુ છે એમ કોઇએ સમજવું નહિ. તે ગ્રંથાલયમાં દાખલ થતાં જ બુદ્ધની એક મોટી તસવીર નજરે પડે છે અને તે જોતાં જ 'રાજગૃહ' નામનું પ્રયોજન સમજાય છે. ગૌતમબુદ્ધના જન્મસ્થાનનું નામ રાજગૃહ (હાલનું રાજગીર) હતું.

ડૉ. આંબેડકરને બુદ્ધ તરફ અને તેમના કાર્ય તરફ અતિ આદરબુદ્ધિ છે. બૌદ્ધધર્મીઓની ગુફાઓ, વિહાર અને મઠ જોઇને તેમને વિલક્ષણ પૂજ્યબુદ્ધિ થઇ છે. તે સ્થળોમાં બેસીને કે અન્ય પ્રકારે સ્પર્શ કરીને એ જગ્યા અપવિત્ર બને એવું કંઇ કરવાનો આપણો અધિકાર નથી એમ તે કહે છે.

બુદ્ધે જૂના વૈદિક ધર્મ વિરુદ્ધ બંડ પુકારી સમાનતા પ્રચારી લોકહિતાર્થ સેવાધર્મ શીખવ્યો તેથી જ બુદ્ધ તેમને મન પૂજ્ય છે.

ઉદાર મનોવૃત્તિ

આંબેડકર વિશિષ્ટ જાતિનું કોઇ અભિમાન સ્વીકારતા જ નથી. પણ તેમની વૃત્તિ શુદ્ધ બુદ્ધિવાદી છે. તેમના અનુયાયીઓમાં કેટલાક બ્રાહ્મણો છે; ને તેઓ બ્રાહ્મણ છે માટે નહિ, પણ તેમના અને આંબેડકરના સિદ્ધાંતો મળતા છે માટે, એકબીજાની કાર્યદિશા એક છે માટે. કેટલાય બ્રાહ્મણેતરોને ડૉ. આંબેડકરનું એ વર્તન પસંદ પડતું નહોતું. તમારા સહાયકોમાં બ્રાહ્મણો શા માટે જોઇએ એમ તેમની દલીલ હતી. પણ એવા વિચારોને તેઓ તો સ્થાન આપતા જ નથી. બ્રાહ્મણ હોય કે કોઇ પણ હોય, જેમાં તત્ત્વનિષ્ઠાને બાધ ન આવે, સમાજસેવા જે રીતે સાધ્ય થઇ શકે તે માર્ગ તેઓ સ્વીકારે છે. તેથી જ તેમના કાર્યમાં તેમને યશસિદ્ધિ મળે છે. તેમના અનુયાયીઓની તેમના પર પરમ ભક્તિ છે. એમના પર અનેક વેળા હલ્લો થવાની પણ ભીતિ હતી. તે વખતે તેમના અનુયાયીઓએ તેમનું રક્ષણ કરવા જે તત્પરતા બતાવેલી તે નમૂનેદાર ગણાય.

આવા, દલિત વર્ગ તરફ લાગણી ધરનાર, પ્રથમ પંક્તિના કાયદાપંડિત, ઉત્તમ અર્થશાસ્ત્રી, નામાંકિત વિદ્વાન, આજન્મ વિદ્યાભ્યાસંગી, પ્રામાણિક નેતા, વિખ્યાત ગ્રંથલેખક, અસ્ખલિત અંગ્રેજી વક્તા, નીડર વૃત્તિના ટીકાકાર, સમાનતાના ભોક્તા આપણા સમાજમાં હોવા છતાં આપણું લક્ષ તેમના ઉપર ગયું નહિ એ દોષ આપણો નહિ તો કોનો? દૈવાયત્તમ્ કુલેજન્મં, મદાયત્તમ્ તુ પૌરુષમ્.

(મરાઠી 'કિર્લોસ્કર'માંથી)

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ મહિને પહેલું ઇનામ જીતનાર ફોટો-ચિત્ર ભાઇ ચુનીલાલ ખરાદી (વડોદરા)નું 'જલસિંચન' છે. વિષયને અનુરૂપ વાતાવરણ ઉપરાંત ચિત્ર-લક્ષ્યને મદદરૂપ બીજું પાત્ર પણ ચિત્ર-જગ્યામાં યોગ્ય સ્થાને જ છે. આ વિષય ઝડપીને ભાઇ ખરાદીએ ગતિસૂચક ચિત્રની વિશિષ્ટતા ઉતારી છે. ટાંકામાંથી ઘડો ખેંચી હાંડામાં પાણી રેડતી બાળા પાણીની ધાર પર દૃષ્ટિ રાખી રહી છે અને એ જ બિન્દુ તરફ બીજી બહેનનું ધ્યાન પરોવાએલું ચિત્રમાં નજરે પડે છે. છતાં બારીકાઇથી જોનારને તે પાત્રોની camera-consciousness (પોતાની છબી પડે છે તે ભાન) જણાયા વગર રહેતી નથી. ચિત્રના જમણી તરફના નીચલા છેડા પર જરાક fog (ધુમ્મસ) જેવું લાગે છે. જો એ વસ્તુ નેગેટિવમાંથી જ પ્રિન્ટમાં છપાતી હોય તો, કાં તો કૅમેરાની ચાંપ દાબતી વેળા અજાણતાં લેન્સ સમીપ પાડનારની એકાદ આંગળી આવવાથી આ પરિણામ આવ્યું હોય; અગર કૅમેરાની ઘણી જ નજદીકમાં બીજી કોઇ વસ્તુ લેન્સની આડે આવવાથી તેમ થયું હોય. સાધારણરીતે લોકોના દૈનિક જીવનમાંથી ચિત્રો ઉપજાવવામાં ફોટોગ્રાફીની સાચી કલા સમાએલી છે. એ એક જ કલાને reality (ચાલુ જીવન) સાથે સીધો અને આવશ્યક સંબંધ છે. એ જ ધોરણે તાવતાં ભાઇ પી. કે. શાહ (મુંબાઇ)નું ફોટો-ચિત્ર 'street-cinema'—'રસ્તામાં સિનેમા'ને બીજું ઇનામ મળે છે. શેરીનાં છોકરાંને ઘેર બેઠાં ગંગાની માફક પૈસા બે પૈસામાં ચિત્રાલયનો આનંદ પૂરો પાડનાર ફેરીઆ અને તેના ઉત્સાહી ઘરાકોનું આ સુંદર ચિત્ર તો ભાઇ પ્રતાપરાયે ઝડપ્યું છે, પણ ચિત્રમાં આકારોનો ઉઠાવ નરમ છાયાવાળો હોવાથી પ્રસંગ ઊડીને આંખે બાઝતો નથી. સંયોજનામાં આ ચિત્ર બેશક સારું છે. ત્રીજું ઇનામ મેળવનાર ચિત્ર ભાઇ પ્રાણલાલ પટેલનું 'અવસ્થાને આરે' છે. ભાંગીતૂટી ઝૂંપડીના આંગણે ખાટલી પર બેઠેલ ફાટેલ કપડાંવાળા ખેડુતના દેખાવ પર ગામડાની ગરીબાઇ બોલી રહી છે. તેના આગલા પગનો ફણો કપાય છે અને બહુ જ આગળ ધસી આવતો લાગે છે એ આ ચિત્રનું દૂષણ છે; ઉપરાંત આવા ચિત્રમાં તીક્ષ્ણ રેખાંકન આવે એટલું ચોક્કસ ફોકસ રાખવાની જરૂર છે.

નીચેનાં ચિત્રો અનુક્રમે ગુણ પ્રમાણે નોંધપાત્ર ઠર્યાં છેઃ ભાઇ ડી.બી. ખોપકર (અમદાવાદ)નું 'પ્રતિબિંબ'; ભાઇ રામભાઇ

ત્રિવેદી (ઝાંઝીબાર)નું 'આષાઢ આવતાં'; ભાઇ ચુનીલાલ ખરાદી (વડોદરા)નું 'બ્હેન કા પ્યાર'; ભાઇ રમણિક વૈદ્ય (જામનગર)નું 'નિર્દોષ બાલક્રીડા'. ભાઇ વૈદ્યે રડતા બાળકના ચિત્રનું નામ 'નિર્દોષ બાલક્રીડા' કેમ આપ્યું હશે? વિષયને અનુરૂપ, ટૂંકું અને અર્થસૂચક નામાભિધાન જ આપવું ઘટે.


તમારા કૅમેરાને ઓળખો

તમારા કૅમેરાના લૅન્સની સાચી તાકાત (શક્તિ) જાણો છો? લૅન્સની ચિત્ર પકડવાની શક્તિનો આધાર લૅન્સની પહોળાઇ (વ્યાસ) ઉપર છે. એટલેકે લૅન્સનું મોં જેમ મોટું તેમ તેની શક્તિ વધારે.

લૅન્સના મોંને નાનુંમોટું કરવાના એ સાધનને ડાયાફ્રામ, ઍપર્ચર કે સ્ટૉપ કહે છે. લૅન્સનું એ મોં—ઍપર્ચર સાંકડું-પહોળું થઈ શકે છે. આ રચના, પ્રકાશનો પ્રવાહ કાબુમાં રાખવા માટે છે. વધુ પ્રકાશ લેવાનો હોય ત્યારે લૅન્સનું મોં પહોળું રાખવું પડે; પ્રકાશનો પ્રવાહ ઓછો કરવા મોં સાંકડું કરતા જવું પડે. લૅન્સની આજુબાજુ ઘણુંખરૂં ૧૬, ૧૧, ૮, એવા આંકડાઓ આપેલા હોય છે. આવા આંકડા એફ નંબરોથી ઓળખાય છે. મોટામાં મોટું ડાયાફ્રામ રાખતાં જે આંકડો આવે તે લૅન્સની શક્તિ ગણાય. દાખલા તરીકે કૅમેરાનો લૅન્સ તદ્દન ખુલ્લો રાખતાં '૧૧' નો આંકડો આવે તો તે લૅન્સ એફ. ૧૧થી ઓળખાય. ઘણુંખરૂં પેટી આકારના-બૉકસ-કૅમેરાઓના લૅન્સ એફ. ૧૧ હોય છે. એમાં ત્યાર પછી લૅન્સનું મોં સાંકડું કરવા માટે બીજાં બે નાનાં કાણાંવાળી પટ્ટીની યોજના હોય છે. તેનો નંબર ૧૬ અને ૨૨ હોય છે. જેમ ડાયાફ્રામ-એટલે લૅન્સનું મોં—મોટું તેમ આંકડો ઓછો—એફ ૪·૫, એફ ૫·૬ એફ ૬·૩ વગેરે; અને જેમ આંકડો વધારે એટલે કે એફ ૮, એફ ૧૧, એફ ૧૬ તેમ મોં સાંકડું (કાણું નાનું) બનતું જાય છે.

મોટા કાણાને જેમ નીચેના નંબરોથી નાનું બનાવીએ, તેમ લૅન્સના પ્રકાશને અંદર દાખલ કરવાની શક્તિમાં અરધોઅરધ ઘટાડો થાય છે અને તે પ્રમાણમાં એક્સ્પોઝરનો સમય બરોબર બમણો થાય છે. એટલે કે ડાયાફ્રામનો આંક એક કે·દ્રથી નીચે અગર ઉપર ખસેડતાં એકસપોઝર બમણું અગર અરધું કરવું પડે. મતલબ કે એકજ ધોરણના પ્રકાશમાં ડાયાફ્રામ ઝીણું થાય ત્યારે શટર (બારણું) વધારે વાર લગાડે એવા માપ પર રહેવું જોઇએ; એ જ ધોરણ પર ડાયાફ્રામ વધારે ખુલ્લું હોય તો શટરની ગતિ વધારવી પડે.

આ હકીકતને નીચલાં ચિત્રો દૃષ્ટાંતથી સ્પષ્ટરીતે સમજાવે છે.



નળનો કૉક જેમ વધારે ઉઘાડો તેમ પાણી વધારે જોસબંધ આવે છે; એ જ રીતે લૅન્સનું ડાયાફ્રામ વધારે ખુલ્લું રાખો તેમ સૂર્યનો પ્રકાશ ફિલ્મ ઉપર વધારે આવે; એટલા માટે એકસપોઝરનો વખત ઓછો આપવો જોઇએ. એથી ઉલટું, ડાયાફ્રામ સાંકડું રાખો ત્યારે એકસપોઝર વધારે આપવું જોઇએ.

બલવન્ત ભટ્ટ

આપણી નજરે

(અનુસંધાન પાછળ પાન ૪૦૫થી)

પેરિસના પ્રો. સીલ્વૅં લેવીનું તાજેતરમાં અવસાન થયું છે. હિંદુ અને બૌદ્ધ સંસ્કૃતિ ઉપર તેમણે ઘણું લખ્યું છે. બે વખતના હિંદના પ્રવાસ દરમિયાન શાંતિનિકેતનમાં પણ પુરાતત્ત્વ વિષે તેમણે ભાષણો આપેલાં. વૃદ્ધ વયે પણ તેમની અભ્યાસવૃત્તિ અને શકિત આદરણીય હતી.

હિંદ સેવકસંઘના પ્રમુખ શ્રી ગોપાળકૃષ્ણ દેવધરનું અવસાન મુંબાઇમાં તા. ૧૭મીએ થયું છે. સંઘના સ્થાપનકાળથી આજદિન સુધી તેઓ તેના માર્ગદર્શક રહેલા. તેમની સતત શાંત સેવાની તુલના તેમના ગુરૂ સ્વ. ગોખલે સાથે થઇ શકે.

શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકે આગેવાની લઇને હમણાં ગુજરાત પૂરતું હિંદી પ્રચાર અને દેશી રમતગમતો માટે વ્યાયામસંઘની પ્રવૃત્તિનું કામ ઉપાડયું છે.

કર્નલ જોરાવરસિંહજીના પ્રમુખપણા નીચે ચાલતા 'શ્રી કાઠિયાવાડ વ્યાયામ પ્રચારક મંડળ' તરફથી ભાવનગર મુકામે દર વર્ષની માફક તા. ૨૯-૩૦-૩૧ ડિસેમ્બર ૧૯૩૫ તથા ૧ લી જાન્યુઆરી ૧૯૩૬ને રોજ વ્યાયામ હરીફાઈ થવાની છે. ભાગ લેવા ઇચ્છનારને મંડળના મંત્રી શ્રી જાદવજી કે. મોદીને ભાવનગરને સરનામે અરજી કરવી.

ગલિયારા સાહિત્ય પારિતોષિકની યોજના વધુ વ્યાપક કરી ૧૯૩૬ની સાલમાં પુરુષ-સ્ત્રી-બાળકો ત્રણે વર્ગને લાભ મળે તે માટે ૧૯૩૨ની સાલ પછી જેમની ઉત્તમ સાહિત્યકૃતિ પ્રગટ થઇ હોય તેવા લેખકોને માટે કુલ ૩૦ ઈનામો આપવા રૂા. ૫૫૫ જાહેર થયા છે. જેમને આ યોજનાનો લાભ લેવો હોય તેમણે પોતાની ઉમેદવારી તા. ૩૧-૧-૧૯૩૬ પહેલાં નોંધાવવી. સંપૂર્ણ વિગતવાળી પત્રિકા નીચેને ઠેકાણે લખવાથી મળશેઃ જદુરાય ડી. ખંધડીઆ. ૫૬, રિજરોડ વાલકેશ્વર મુંબાઇ-૬.

સાહિત્યની નજરે

૧૦ ઉદયપુર

કિસનગઢથી અમે ઉદયપુર ગયા. ઉદયપુરનું ઐતિહાસિક મહત્ત્વ બહુ નથી; જોકે જે હસ્તિનીલ ભૂમિ સર કરવાને ઘોરી, તઘલખ અને મુગલ બાદશાહોએ ઘણા પ્રયત્નો કર્યા તે મેવાડનું પાટનગર આજે ઉદયપુર છે અને ઇતિહાસપ્રસિદ્ધ ચિત્તોડથી માત્ર એ ત્રીસેક માઇલ દૂર છે. રાજપૂત શૌર્યનો ઇતિહાસ, રાજપૂત જાહોજલાલીનું પ્રાચીન ધામ એ ઉદયપુર નથી પણ ચિત્તોડ છે; પણ ગભીર અને વિમલ જલના મૃદુ સ્પંદિત તરંગોથી પળે પળે ધોવાતું, અરવલ્લીના હૃદય સમીપ આવેલું ઉદયપુર શહેર નૈસર્ગિક સુંદરતાથી સભર ભર્યું છે. બનાસ અને ચંબલ નદીઓ ઉદયપુરની દસક્રોઇ ધનધાન્યથી સમૃદ્ધ કરે છે. તે ઉપરાંત પિચોલા, જયસમંદ, ઉદયસાગર વગેરે વિસ્તૃત સરોવરો મેવાડની વસતિને વિપુલ જલસંપત્તિ અર્પ્યા જ કરે છે.

ચિત્તોડ અને ઉદયપુર એ બંનેમાં ભલે ચિત્તોડ ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વ ધરાવે પણ, રાજસ્થાનના મુકુટમણિ સમા વિખ્યાત પુણ્યશ્લોક પ્રતાપસિંહજી તો ઉદયપુરમાં જ વસ્યા હતા; એટલું જ નહિ પણ ગુજરાત-બંગાળની ઘણીખરી નવલકથાઓમાં ઉદયપુર અગ્રણી ભાવ ભજવે છે. ઉદયપુરનું રાજ્યકુલ, જેમ પહેલાં તેમ જ હવે પણ, સમસ્ત રાજસ્થાનમાં મોખરે છે. કેટલાં યે નાટકોમાં ઉદયપુરનો મહેલ રંગભૂમિ બન્યો છે; કેટલાં યે કવિઓએ ઉદયપુરને પોતાની અંજલિ અર્પી છે. એ રોમાંચકારી ઇતિહાસ, એ પ્રચંડ અને ભવ્ય માનવતા, એ શૌર્ય સાહસ અને બલિદાનની કીર્તિગાથાઓ, સર્વ ઉદયપુરને અમરતા અર્પે છે. સાહિત્યમાં ઉદયપુર મહત્ત્વનું છે કેમકે તેણે સાહિત્યને પ્રેરણા આપી છે.

ઇ.સ. ૧૫૬૭માં સમ્રાટ અકબરે ચિત્તોડ ઉપર હલ્લો કર્યો ત્યારે વિખ્યાત મહારાણા સંગ (સંગ્રામસિંહ)ના પુત્ર ઉદયસિંહજીએ અરવલ્લીમાં આશ્રય લીધો અને પોતે જ બંધાવેલા ઉદયસાગર તળાવની નજીકમાં જ ઉદયપુર શહેરની સ્થાપના કરી.

ઉદયપુરના ઇતિહાસની બે વાતો ઘણી સૂચક તેમજ પ્રેરક છે. ઉદયપુરના એક મહારાણાનો એક સરદાર ઘણો વિચક્ષણ બુદ્ધિનો અને પ્રબલ પુરુષ હતો. તેના વ્યક્તિત્વના પ્રભાવને લઇને મહારાણાનું તેજ તેની પાસે ઝાંખું પડતું. જ્યાં એ નરનો વિરોધ હોય ત્યાં મહારાણા પણ પોતાની મુરાદો બર લાવી શકતા નહિ. અંતે એક દિવસ એ સ્થિતિ મહારાણાને અસહ્ય લાગી, એટલે તેમણે બે ખાવાની ગોળીઓ તૈયાર કરાવી: એક ઝેરી અને બીજી નિર્દોષ. અને પોતે પેલા સરદારને સાથે લઇને શિકારે નીકળ્યા. છેવટ ઘણે દૂર જ્યારે તેઓ બંને એકલા જ રહ્યા ત્યારે મહારાણાએ પોતાના ગજવામાંથી બંને ગોળીઓ કાઢીને સરદારને ગંભીરતાથી કહ્યું, 'સરદાર! આપણુ બંને વચ્ચેનો વિરોધ ઘણો લાંબો વખત ચાલ્યો છે. એમ દેખાય છે કે એક મ્યાનમાં બે તલવાર સમાઇ શકશે નહિ. આ રાજ્યમાં પણ એક સ્થળે હું અને તમે બંને સમાઇ શકીએ તેમ નથી. એટલે આજે મેં તેનો આખરી નિવેડો લાવવાનો વિચાર કર્યો છે. આ બે એકસરખી એક જ રંગની ગોળીઓ છે. તેમાં એક ઝેરી છે. ચાલો આપણે આપણો વિવાદ વિધિને હાથે ચૂકતો કરાવીએ. એક ગોળી તમે ખાઓ અને બીજી હું ખાઇશ; અને ભગવાન એકલિંગજીની જેના ઉપર વધારે કૃપા હશે તે જીવશે.' સરદારે તરત જ જવાબ આપ્યો કે 'અન્નદાતા એ વાતનો નિવેડો મારી આંખે તદ્દન સાફ દેખાય છે, અને તે હમણાં જ આપ જોશો. હું ઉદયપુરનું લૂણ ખાઉં છું અને મહારાણાનો તાબેદાર સેવક છું. મારી અને મહારાણાની વચ્ચે કોણે જીવવું એ પ્રશ્ન હોય જ નહિ. આપને એ ગોળી ખાવાની જ નથી. લાવો એ મને.' અને એ સરદાર તે બંને ગોળીઓ ખાઇ ગયો.

બીજા એક મહારાણાને તેનો કુમાર ઘણી બાબતમાં આડે આવતો, ને કુમારને અંકુશમાં લાવવાનો મહારાણાને એકે ય રસ્તો સૂઝતો નહિ. છેવટે થાકી, હારીને તેણે તેના રસોયાને બોલાવ્યો અને તેના હાથમાં ઝેરની પડીકી આપી તે ગુપચુપ કુમારના ભોજનના થાળમાં નાખવાની સૂચના કરી. રસોયો તે લઇ ગયો. બીજે દિવસે સવારે મહારાજ કુમારના મૃત્યુના સમાચાર

સાંભળી તે માટે દિલગીર થવાની તૈયારી કરીને બેઠા. સૂર્ય ઊગ્યો અને દિવસ ચડવા માંડ્યો. કલાક-એકલાક વીત્યા પણ કુમારના મરણના સમાચાર આવ્યા નહિ, એટલે વખતે રસોયાએ કાંઇ ભૂલ કરી હોય એમ ધારી મહારાણાએ રસોયાને બોલાવ્યો. રસોયાને બોલાવવા ગએલો માણસ તેને બદલે રસોયાના દીકરાને તેડીને આવ્યો. મહારાણાએ ક્રોધથી પૂછ્યું રસોયો ક્યાં છે? માણસે નમ્રતાથી ઉત્તર આપ્યો કે તે ગુજરી ગયો છે. મહારાણા ઘણા વિસ્મિત થયા. તેમણે છેવટ એના પુત્રને મરણનું કારણ પૂછ્યું. પુત્રે કહ્યું, રાણાજી, એ તો હું જાણતો નથી; પણ મરતી વખતે તેમણે માત્ર મને આટલા જ શબ્દો આપ નામદારને કહેવાના કહ્યા છે કે 'આજે દીકરાનો વારો તો કાલે બાપનો.'

નિર્ભયતા એ મેવાડનું ખાસ લક્ષણ લાગે છે. ક્ષત્રિયો તો તે માટે પ્રખ્યાત છે જ. રાજસ્થાનની શૌર્યકથાઓથી પરિચિત ગુજરાતને તે માટે વિશેષ કહેવું એ પિષ્ટપેષણ છે.

ઉદયપુરમાં સૌથી પહેલું જે સ્થળ અમે જોયું તેને અંગ્રેજીમાં ફુવારાનો બગીચો અને મૂળમાં 'સહેલીકા બાગ' કહેવામાં આવે છે. આ સ્થળને ફુવારાનો બગીચો કહેવામાં જરા યે અતિશયોક્તિ નથી; જોકે માત્ર ફુવારાનો બાગ કહેવાથી તેનો પૂર્ણ ખ્યાલ પણ આવતો નથી. મધ્યની ઇમારતમાં એક કુંડ છે; કુંડની વચ્ચે ચબુતરો છે; એ ચબુતરાની ટોચેથી, તેમજ તેને દરેક કાંગરેથી અને કુંડની પાળ ઉપર એકેક ફૂટને અંતરેથી પાણી ઊડીને સૂર્યના પ્રકાશમાં મનોહર મેઘધનુષ્ય રચે છે. એ દૃશ્ય કલ્પનાને ભરી મૂકે તેવું છે. તે જ પ્રમાણે જુદીજુદી જાતના અને આકારના વિવિધ ફુવારાઓ આસપાસ ચારે તરફ ગોઠવવામાં આવ્યા છે.

દિલ્હી તરફ લાંબો વખત રહેલા અને મકાન બાંધવાની પ્રાચીન સ્થાપત્ય-વિદ્યાના એક અભ્યાસી શ્રી ગજાનન પાઠકે કાઠિયાવાડ-ગુજરાતનાં મકાનો માટે યોગ્ય ટીકા કરી હતી કે અહીં શિયાળો વધારેમાં વધારે માત્ર બે માસ જેટલો હોય છે અને દસ માસ જેટલો વખત ગરમી હોય છે, તોપણ લોકો શિયાળામાંથી રક્ષણ પામવા માટે જેટલો યત્ન કરે છે તેના અર્ધ ભાગનો પણ યત્ન બીજી ઋતુમાંથી રક્ષણ લેવા માટે કરતા નથી. અને ખરેખર, ઉદયપુર અને અંબરમાં ગરમીથી બચવા માટે આવા જે વિવિધ યત્નો કરવામાં આવ્યા છે તે માત્ર જૂના કાળના અવશેષ રૂપે જોવાઇ અને ભુલાઇ જવાય તે ઇષ્ટ નથી.

ઉદયપુરમાં વિક્ટોરિયા હૉલ નામે મ્યૂઝિયમ છે અને તેમાં ઘણી પ્રાચીન મૂર્તિઓ અને શિલાલેખો છે જે ગુજરાત કાઠિયાવાડ માટે પણ ઘણા ઉપયોગી છે, કેમકે ઉદયપુરના મહારાણાના પૂર્વજો વલ્લભીપુરમાં હતા એવી એક માન્યતા છે. કર્નલ ટૉડ, જેમણે સમસ્ત રાજસ્થાનનો ઇતિહાસ લખ્યો છે તેઓએ આ મ્યૂઝિયમના અંકુરો નાખ્યાં. તેમણે પ્રાચીન હકીકતો તપાસી, પુરાવાઓ જોયા. પણ ઉદયપુરના નોકર રહ્યા એટલે બીજાં રાજ્યો કે રાજકુલો વિષેની તેમની હકીકત વિશ્વસનીય બની નહિ. અહીં પણ મ્યૂઝિયમ વ્યવસ્થિત નથી. પ્રાચીન અને નવીન બંનેને એકસાથે મૂકવામાં આવ્યાં છે.

ઉદયપુર શહેર પિચૌલા સરોવરને કિનારે કિનારે વસેલું છે. સરોવરની મધ્યમાં 'જગનિવાસ' અને 'જગમંદિર' એ મહેલો છે. તેમાં જગમંદિરમાં શાહજાદો ખુર્રમ એટલે શાહજહાં થોડો વખત આશ્રય લઇને રહ્યો

હતો, એટલું જ નહિ પણ તેમાંના એક મહેલની એક બારીમાંથી બીજો મહેલ નજરે પડે છે તે ઉપરથી તાજમહેલ કેવો બાંધવો તેનું વિચારબીજ તેને એ મહેલમાંથી મળેલું. પરંતુ જેટલી બુદ્ધિ આ મહેલોનું સ્થળ પસંદ કરવા માટે વાપરવામાં આવી છે તેટલી તેની અંદરની રચના માટે વપરાઇ નથી. પાણીના આટલા મોટા વિસ્તાર ઉપર ગમે ત્યારે દૃષ્ટિ નાખતાં એ સુંદર જ લાગે પણ એ તો કુદરતી સૌંદર્ય અને કુદરતની ભવ્યતા છે. માણસની કલાની ભવ્યતા અહીં પ્રમાણમાં ઓછી છે.

કાઠિયાવાડમાં કેટલાંક ગોહેલ રાજ્યો છે જેમાંનું એક ૨૪૦ કલાપીનું લાઠી છે. તે ગોહેલ શબ્દ ગુહ ઉપરથી આવ્યો છે એમ પણ એક માન્યતા છે અને તે કારણે કાઠિયાવાડનાં મોટાં ગોહેલ રાજ્યોને ઉદયપુરના ભાયાત ગણવામાં આવે છે; જોકે એ વિષયમાં ઇતિહાસવેત્તાઓમાં મતભેદ પ્રવર્તે છે.

ઉદયપુરની પડોશમાં જ ઇતિહાસપ્રસિદ્ધ ચિત્તોડ ઉપરાંત બે પ્રખ્યાત સ્થળો છે. એક શ્રીનાથજી અથવા નાથદ્વારા અને બીજું શ્રી એકલિંગજી મહાદેવનું મંદિર. જેના ઉપરથી ગોહેલ નામ આવ્યું છે તે ગુહના સાતમા વંશજ અપરાજિતના પુત્ર બપ્પ રાવળે એકલિંગજીનું મંદિર આઠમા સૈકામાં બંધાવ્યું હતું. એ આખો ઇતિહાસ જોકે આકર્ષક છે છતાં તેમાં મતભેદો છે. રામચન્દ્રના મોટા પુત્ર લવે લવકોટ એટલે લાહોર શહેર બાંધ્યું અને તેના વંશજ કનકસેને સૌરાષ્ટ્રમાં આવી વળા પાસે વલ્લભીપુરમાં ગાદી સ્થાપી. જ્યારે વલ્લભીપુરનો વિનાશ થયો ત્યારે સર્ગભા રાણી પુષ્પાવતી અંબા ભવાનીની યાત્રાએ હતાં ત્યાં તેમને આ પુત્ર અવતર્યો. તેનું નામ ગુહ પાડ્યું. તેણે ભીલ લોકોની મદદથી ઇડરની ગાદી લીધી.

ગુહના વંશજ અપરાજિતે ભીલોથી પરાજિત થઇને ફરી એકવાર વડનગરમાં બ્રાહ્મણ કુટુંબનો આશ્રય શોધ્યો અને ગુહનું રક્ષણ કરનાર કમલાવતીના વારસોએ અપરાજિતનું રક્ષણ કરી, બીજીવાર વલ્લભીપુરના રાજ્યવંશનો વેલો અખંડિત રાખ્યો અને ત્યાં બપ્પ રાવળનો જન્મ થયો. એ બપ્પ રાવળે હરિતમુનિની સલાહથી એકલિંગજી મહાદેવની પ્રતિષ્ઠા કરી અને સૈકાંઓ થયાં આજે એ સમગ્ર રાજપૂત કોમનું મુખ્ય તીર્થધામ છે. તેમાં શિવનું બાણ ચતુર્મુખ છે એટલું મને જરા નવાઈ જેવું લાગ્યું ખરું. અહીં અચકન ન પહેરેલું હોય એવા કોઇ માણસને અંદર દાખલ થવા દેવામાં આવતો નથી. અહીં માન્યતા એવી છે કે મેવાડનું ચિત્તોડનું વાસ્તવિક રાજ્ય એકલિંગજી મહાદેવનું છે અને મહારાણા એ તો માત્ર તેમના દીવાન છે. આ જ સ્થળે પ્રતાપસિંહના પ્રખ્યાત અશ્વ ચેતકનું બખ્તર અને જૂનોપુરાણો સામાન એક ભંડકમાં પડેલો હતો. ત્યાં ઊભેલા પાંચ-સાત ઘોડાને મેં પૂછ્યું કે ચેતક તમારો વડવો થાય ખરો કે નહિ અને તેમણે ડોકું હલાવી હા કહી; પણ મેં તેમનું માન્યું નહિ! ઉદયપુરમાં ચેતકના વંશના ઘોડા છે કે નહિ તે જાણવાનું સાધન મને મળ્યું નહિ: તેમજ તેનું બખ્તર, સામાન વગેરે સર્વ પણ આ પ્રમાણે ભંડકમાં હતાં, અને મ્યૂઝિયમમાં નહિ એટલે તે ચીજોનું ઐતિહાસિક મૂલ્ય લોકોને ઘણું ઓછું લાગતું હશે એમ લાગ્યું. અહીં મહારાણા પ્રતાપનું બખ્તર પણ છે. મહારાણા પ્રતાપનું બખ્તર તથા તલવાર અમે ઉદયપુરની મધ્યમાં આવેલા દરબારગઢમાં પણ જોયાં; અને બેમાં ખરાં કયાં તેનો નિર્ણય કોઇ કરી શકે તેમ નહોતું. રાણા પ્રતાપની તલવાર ઘણી નાની છે; આટલી નાની તલવારે આટલાં બધાં અને આટલાં મોટાં યુદ્ધો પ્રતાપસિંહે કર્યાં એટલે જ તો તે આટલા પ્રખ્યાત થયા નહિ હોય ને, એવો તર્ક પણ મને થએલો!

ઉદયપુરનો દરબારગઢ એટલે કે મુખ્ય મહેલ રજપૂતાનામાં સૌથી મોટો મહેલ ગણાય છે. તેમાં જુદે જુદે વખતે જુદાજુદા ફેરફારો કરવામાં આવ્યા છે. કેટલેક સ્થળે-ઓરડાઓની રચના અને દીવાલ પરનું કોતરકામ ઠીક છે, પણ અંબર જેટલું આંજી નાખનાર નથી.

પણ જયસમંદ એ નૈસર્ગિક સુન્દરતાના પૂજારીઓ માટે એક તીર્થધામ સમું છે. હિંદનું એ મોટામાં મોટું તળાવ ગણાવું જોઇએ. તેમાં છત્રીસ બેટો છે અને દરેક ઉપર નાનાંનાનાં ગામડાં વસેલાં છે. એ બેટવાસીઓ ખેતરો ખેડી પોતાનો નિર્વાહ કરે છે. જયસમંદ ઉપર જે બંધ બાંધવામાં આવ્યો છે તેની લંબાઇ ૧૩૦૦ ફૂટ છે. તે સાડા ત્રણસો ફૂટ પહોળો છે અને ૧૨૦ ફૂટ ઊંચો છે. એ સરોવર ૨૧ માઇલના ક્ષેત્રફળમાં વિસ્તરેલું છે. એ તળાવની ખરી ખૂબી તો એ છે કે કેટલાક મહાપુરુષોની માફક જ્યારે આપણે તેની સમીપ જઇએ ત્યારે તેની મહત્તાનો અને તેના વિસ્તારનો

ખરો ખ્યાલ આવતો નથી; પણ જ્યારે તેમાં બેસીને આગળ જઇએ ત્યારે જ દૃષ્ટિના સીમાપ્રાન્ત સુધી વિસ્તરેલો તેનો જલપટ આંખોને ભરી મૂકે છે.

ઉદયપુર તેમજ જયપુરમાં પ્રાચીન ચિત્રો ઘણાં મળે છે. મેં જૂના વખતમાં એક વાર્તા વાંચી હતી કે એક ચિતારાનાં ચિત્રો કોઇ જ ખરીદતું નહિ. એ ચિતારો ઘણો હોશિયાર હતો, પણ તેની કલા સમજી તેની કદર કરવા જેવા લોકો ત્યાં ન હતા. આખરે તેણે એક મિત્રની મદદ શોધી અને પોતાનું ઘણી મહેનતે તૈયાર કરેલું સારામાં સારૂં ચિત્ર તેની સમક્ષ મૂકયું. પેલા મિત્રે થોડી વાર કાંઇક વિચાર કર્યો; પછી ચિત્રને નીચે જમીન ઉપર પછાડી તેની ઉપર ચાલ્યો, તેનાથી પોતાના જોડા ઘસ્યા અને ચિતારાને કહ્યું જા. ચિતારો બિચારો ભગ્નહૃદય થઇને ચાલ્યો ગયો. થોડા વખત પછી તે મિત્રે જાહેર કર્યું કે તે ચિતારા પાસે અકસ્માતથી એક ઘણું જ પ્રાચીન વેદના વારાનું ચિત્ર આવ્યું છે! માત્ર બહુ રસિક અને બુદ્ધિમાન લોકો જ તેની કદર કરી શકે તેમ છે. તે વેચવાનું છે. તે ઉપરથી એ ચિત્ર માટે લેનારાઓની પડાપડી જાગી અને ચિત્ર દસ હજાર કે દસ લાખ રૂપિયે વેચાઈ ગયું! એ મિત્રના જેવી કોઇ કરામત આ જયપુર ઉદયપુરના ચિતારાઓ કરતા દેખાય છે.

પણ ઉદયપુરનાં તળાવો તે જ તેનાં જીવન્ત ચિત્રો છે, કે જેની છાપ કદી ભૂલાતી કે ભૂંસાતી નથી; અને ઉદયપુર છોડયું તોપણ તે ફરી ફરીને જોવાની ઇચ્છા મનમાં રહી જ ગઈ. સ્વ

બળ વિના જે કરે વડાઈ

(લેખક : રમણલાલ સોની)



કોઈ મુસાફર બંદુક લઇને
વનવગડે થઈ જાતો,
થાકયોપાકયો એક જગાએ
છાંયે આડો થાતો.

પડખે એણે બંદુક રાખી
ગોળી એક ભરેલી;
આંખો એની ઘારણભારે
બીજી કોર ઢળેલી.

એવામાં કો ફરતોફરતો
શિયાળ ત્યાંહીં આવ્યો.
બંદુક ત્યાં સૂતી દેખીને
મનમાં એ હરખાયો.

હળવે રહી એ પાસે આવ્યો
બંદુક લીધી ખેંચી,
પૂર ઝપાટે ગયો ઘડીમાં
ભરજંગલમાં પહોંચી.

ખભે ચડાવી બંદુક એણે
વનમાં માંડયું ફરવા,
વગડાનાં પશુઓ સૌ એને
દેખી લાગ્યાં ડરવા.

વાઘ સિંહ પણ બીનાબીતા
ચરણે આવી ઝૂકે,
રીંછ વરૂ યે આવી એના
પગમાં માથું મૂકે.

એ દેખીને શિયાળ હરખ્યો:
'વાહ! બન્યો હું રાજા;
ખોટ હવે શાની રહી મારે
નોકરચાકર ઝાઝા.

આઠે પહોરે હવે આંગણે
વગડાવું હું વાજાં,
વગડાના વૈભવનો માલિક
મોટો હું મહારાજા!

હવે મને રે ચિંતા શાની?
નિર્ભય સૌથી હું તો.'
એમ વિચારી બંદૂક છાતી–
સરસી લઇ એ સૂતો.

થોડી વારે ઊંઘી ગયો એ
સ્વપ્નું દીઠું એણે:
વગડાનાં પશુઓ આ આજે
વિફર્યાં લાગે શેણે?

રીંછ, રોઝ ને ગેંડો હાથી,
વાઘ, વરૂ ને ચિત્તો
હલ્લો કરવા આવ્યાં પેલાં
સાબર, સસલું, કુત્તો.

વાંદર સૌની આગળ આવ્યો
બોલ્યો: 'હે શૂરવીરો!
શિયાળનું છે ઢોંગી, એને
પકડો, બાંધો, ચીરો.'

વાંદરનાં આ વચન સાંભળી
શિયાળ બોલ્યો કૂદી:
'ઊભો રે, હું તને બંદુકે
હમણાં નાખું છૂંદી.'

અને પછી ઊંઘમાં શિયાળે
ધોડો દાબ્યો ત્યારે
થયો ભડાકો, ગળું વીંધાને
ગોળી ગઇ તે વારે.

ચીસ પાડીને શિયાળ મૂઓ
પશુઓ આવી જૂએ;
બળ વિના જે કરે વડાઇ
જીવ પોતાનો ખૂએ.

સાચી બનેલી વાત

થોડાં જ વર્ષ પહેલાં ખરી બનેલી આ વાત છે. કાઠિયાવાડના એક ગામની નિશાળે નવો વિદ્યાર્થી બેઠો. વિદ્યાર્થીના બાપે બધા નિશાળિયાઓને ગામના મોટા સરકારી અમલદારને હાથે મગજના લાડુ વહેંચાવ્યા. આ પ્રસંગે મુખ્ય ઓરડામાં સૌ ભેગા થયા. લાડુના ટોપલા આવે તેમાંથી સૌ છોકરાઓએ પોતપોતાની મેળે એકએક લાડુ લઇ લેવાનો હતો. ટોપલા ક્યારે આવે ને પોતે ક્યારે એમાંથી લાડુ મેળવી લે એની તાલાવેલી બધાને થવા લાગી. લાડુ આવતાં સહેજ વાર થઇ અને વિદ્યાર્થીઓ અધીરા થવા લાગ્યા. બધાની ધીરજ ખૂટવા આવી ત્યાં તો મગજની સુગંધ આવી.

ટોપલાઓ આવ્યા, ઓરડામાં મુકાયા અને અધીરા બનેલા વિદ્યાર્થીઓને શિક્ષકો કબજે રાખી ન શક્યા. લાડુ મેળવવા માટે પડાપડી થવા લાગી. કોઇ પડી ગયું, કોઇને વાગ્યું, કોઇને મોટો લાડુ મળ્યો, કોઇને નાનો મળ્યો. ધીરજ કરતાં શરીરબળ જેનામાં વધુ હતું તેવા સૌ હડસેલા મારી પોતાનો ભાગ મેળવવા લાગ્યા. ફક્ત એક જ છોકરો બીજાઓને હડસેલા મારી પોતાનો ભાગ જલદી મેળવવા કરતાં, વહેલોમોડો પણ ભાગ તો મળશે જ એવી ખાતરીથી એક બાજુએ શાંત થઇને ઊભો હતો. બધા વિદ્યાર્થી લાડુ લઇ ગયા. આ છોકરા માટે એક નાનો લાડુ બાકી રહ્યો હતો, તે પોતાનો વારો આવતાં લઇને ઘેર ગયો અને પોતાનાં ભાંડુઓ સાથે ભાગ પાડીને ખાધો.

ખૂણામાં ઊભેલા આ શાંત છોકરાને પેલા અમલદાર સાહેબ બરોબર નિહાળી રહ્યા. તે વખતે તો મેળાવડો વિસર્જન કરી સૌસૌને ઘેર ગયા. બે જ દિવસ પછી શહેનશાહને ગાદીએ બેસવાનો વાર્ષિક દિવસ હતો. આ દિવસે નિશાળમાં એ જ સાહેબને હાથે લાડુ વહેંચવામાં આવનાર હતા. સાહેબે એક સૌથી નાનો લાડુ લઇને અંદર ચાર આનાનો એક ચાંદીનો સિક્કો નાખ્યો. વખત થયે સૌ વિદ્યાર્થીઓ આવ્યા. સાહેબે હુકમ કર્યો કે એક પછી એક વિદ્યાર્થી આવીને બહુ શાંતિથી પોતાની મેળે એકેક લાડુ લઇ જાય. સ્વાભાવિક રીતે જ પેલા શાંત અને ધીરજવાળા વિદ્યાર્થીનો વારો છેલ્લો આવ્યો ને તેને ભાગે પેલો નાનો લાડુ આવ્યો, કારણકે એ નાનો લાડુ લઇને સંતોષ પામવા જેટલી શક્તિ બીજા કોની હોય ? એટલે સૌએ પોતાનો વારો આવતાં મોટામાં મોટો લાડુ દેખાય એ જ ઉપાડવાનો નિયમ રાખ્યો હતો. મેળાવડો પૂરો થયો. પેલો વિદ્યાર્થી પોતાને ઘેર જઈ લાડુને ભાંગીને ભાગ પાડે છે ત્યાં તો અંદરથી પાવલી નીકળી ! તરત જ તે દોડતો શાળામાં ગયો. મુખ્ય શિક્ષક હજી શાળામાં જ હતા. તેમને પેલી પાવલી આપી બનેલી હકીકત કહી. શિક્ષકે વિચાર્યું કે સાહેબને ત્યાંથી ટોપલી આવી છે તેથી આ પાવલી સાહેબની જ હોવી જોઇએ. શિક્ષક અને વિદ્યાર્થી બંને સાહેબને બંગલે ગયા અને શિક્ષકે ચાર આની પાછી આપવા આવેલા વિદ્યાર્થીને બતાવી સઘળી હકીકત કહી. આ વિદ્યાર્થીમાં ધીરજ સાથે આવું પ્રમાણિકપણું જોઇને સાહેબ પ્રસન્ન થયા અને તે વિદ્યાર્થીને સંબોધીને બોલ્યા કે તારી ધીરજ અને પ્રામાણિકપણાથી હું રાજી થયો છું. આ ચાર આની મેં જાણીજોઇને જ લાડુમાં મૂકી હતી અને તે તારે માટે જ હતી; કારણકે બે દિવસ પહેલાં થએલા મેળાવડા વખતે પણ બીજાઓની માફક લાડુ લેવા પડાપડી ન કરતાં તું તારો વારો આવતાં સુધી શાંત ચિત્તે ખૂણામાં ઊભો હતો એ મેં જોયું હતું. તારામાં ધીરજ અને પ્રામાણિકતા બંને છે એની આજે મારી ખાત્રી થઇ છે.' એમ કહી તે પાવલી તથા એક સુંદર ચોપડી તે વિદ્યાર્થીને ભેટ આપી.

જે ગામમાં આ બનાવ બન્યો તે ગામ વઢવાણ કૅમ્પ, અને સાહેબ તે રૂબેન બેન્જામીન. વિદ્યાર્થીનું નામ છૂપું રહે તો ?

વેણીલાલ બૂચ



માધુકરી

અજાણ્યો યોદ્ધા
(શિખરિણી)

ન હો મારે કંઠે ગરવી વરમાળા વિજયની
ઝીલેલા છાતીના જલદ જખમો માળ બનશે;
ન કીર્તિસ્થંભોની, ન યશગીત ગાથા તણી સ્પૃહા,
મને વ્હાલું યુદ્ધે જીવનભર ખેલી ખપી જવું.

ઉનાં અશ્રુ આંખે પ્રભુ મુજ નિહાળી ન ભરજો,
દયાળીનો ઘેરો રુદનધ્વનિ ના કોઈ કરજો;
ન અર્પો સ્નેહી કો મુજ શબ પરે ફૂલ-ગજરો,
અને મારે કાજે દીપ અગર ના ધૂપ ધરજો.
ભલી મારી મૂંગી ગરીબડી સમાધિ પર લખો—
'અજાણ્યો યોદ્ધો કો લડી પડી સુતો છે સમરમાં'. -ચુનીલાલ પાટડિયા


મુંબાઈ નગરીનું ઈતિહાસદર્શન

આજની અલબેલી મુંબાઇ નગરીનો ઇતિહાસ બહુ જૂનો તેમજ ભવ્ય છે. બે હજાર વર્ષ પૂર્વે મુંબાઇ સપ્તદ્વિપના નામથી જાણીતું હતું અને તેના ઉપર દક્ષિણના રાષ્ટ્રકૂટ રાજાઓનું આધિપત્ય હતું કાળચક્ર ફરવા સાથે મુંબાઇનું સ્વામિત્વ પણ એક સત્તા પાસેથી બીજી સત્તા પાસે બદલાતું રહ્યું. નવમી સદીની શરૂઆતમાં કોંકણની આજુબાજુના સરદારોએ આ દ્વિપોનો કબજો લીધો. એ વખતનું મુંબાઈ જુઓ તો છૂટાછવાયા બેટો અને તે પર માછીમારોનાં ઝૂંપડાંઓથી વિશેષ કશું નહિ.


તેરમી સદીના અંત ભાગમાં મુંબાઇ અને માહીમ પર ગુર્જર નરેશ રાજા ભીમદેવની આણ વર્તતી. મુંબાઇની વસાહત કરનાર પણ ભીમદેવ હતો. એ દ્વિપો ઉપર એણે મોટામોટા પ્રાસાદો બાંધ્યા; બાગબગીચા વસાવી એ સ્થળને બહુ રમણીય બનાવ્યું; આજુબાજુની અણખેડાએલી જમીન ખેડી ફળદ્રુપ બનાવી; દરિયાકિનારે નાળિયેરીનાં ઝાડ વવડાવ્યાં અને થોડા વખતમાં તો એણે આસપાસના પ્રદેશના દિદાર ફેરવી નાખ્યા. વાલકેશ્વર, મુંબાદેવી અને કાલબાદેવીનાં મંદિરો આ સમયમાં બંધાયાં. પરિણામે યાત્રાળુઓની અવરજવર આ સ્થળોએ થવા લાગી અને મુંબાઇની વસ્તી પણ પ્રમાણમાં ઘણી વધી.

લગભગ ચૌદમી સદીના વચગાળામાં મુસલમાનોએ આ ટાપુ ઉપર છાપો માર્યો. તેમના આધિપત્ય વિષે ઇતિહાસમાં વિશેષ ઉલ્લેખ નથી. એ સમયના અવશેષ રૂપ માહીમનો કિલ્લો અને તેને પડખે જ પીર મહદુમ ફકીરઅલીનો રોજો આજે પણ જોઈ શકાય છે.

સને ૧૪૯૮માં પોર્ટુગીઝ લોકોએ હિંદુસ્તાનના કિનારા ઉપર પગ મૂકયો ત્યારથી તેમની નજર આ ટાપુ તરફ હતી. ફ્રાન્સિસ ડી આલ્મેડાની સરદારી હેઠળ લગભગ ઓગણીસ વેપારી જહાજોએ સને ૧૫૦૯ના જાન્યુઆરીમાં પાણી અને ખોરાક મેળવવા આ ટાપુઓ પર લંગર નાખ્યું. સહીસલામતી-ભરેલો કિનારો જોઇ આ સ્થળને ગમે તેમ કરી પોતાના કબજામાં લેવાનો તેમણે મનસૂબો કર્યો અને તે માટેના પ્રયત્નો જારી રાખ્યા. ન્યુનો ડી કનહા નામનો પોર્ટુગીઝ સરદાર જ્યારે દીવ પર ચડાઇ લઇ ગયો ત્યારે તે મુંબાઇના બારામાં થોભ્યો અને



મુંબાઇના આજના કહેવાતા 'કોટ' વિભાગને જ્યારે સાચેસાચ ફરતો કોટ હતો તે વેળાનો, ચર્ચગેટ સ્ટ્રીટની આગળના બાગમાં એ કિલ્લાની દીવાલ અને દરવાજો બતાવતો ફોટોગ્રાફ–(Courtesy: Times of India.)



મૂળ દ્વિપો, તથા પાછળથી પુરાઇને વસેલા વિભાગો દર્શાવતો મુંબાઈ બેટનો નકશો
COURTESY: THE TIMES OF INDIA

એ બંદર જીતી લેવાની મનમાં ધારણા કરી આગળ વધ્યો. સને ૧૫૩૪ના ડિસેમ્બરમાં તેણે વસાઇ જીતી તાબે કર્યું અને લડાઇના અંતે ગુજરાતના સુલતાન બહાદુરશાહ સાથે સંધિ થઇ તેની શરતો મુજબ વસાઇ અને તેની આસપાસનો પ્રદેશ સુલતાને પોર્ટુગલના રાજા ડૉન જોએઆ ત્રીજા (૧૫૨૧–૫૭)ને સુપ્રત કર્યો. આ રીતે વસાઇ અને તેની આજુબાજુનો કંકર-પ્રદેશ, જેમાં મુંબાઇના ટાપુઓનો પણ સમાવેશ થતો હતો તે, મુસ્લીમોના હાથમાંથી પોર્ટુગીઝોના તાબામાં ગયો. મુંબાઇનો વિસ્તાર તે વખતે બહુ ટૂંકો હતો: એક તરફ હાલના ઍપોલો બંદરથી મહાલક્ષ્મી સુધી અને બીજી તરફ ગિરગામથી ઉમરખાડી સુધી.

સને ૧૫૩૪ થી ૧૫૪૮ સુધી ગણોત આપી મુંબાઇનો પહેલો પટ્ટો મેળવનાર મેસ્ટ્રેડીઆગો નામનો પોર્ટુગીઝ શાહસોદાગર હતો. ત્યારપછી કાયમનો પટ્ટો ડૉ. ગ્રેશિયા ડી ઑર્ટાને મળ્યો અને તેણે વાર્ષિક ગણોત તરીકે રૂ. ૫૩૭ આપવા કબૂલ્યું.

સત્તરમી સદીની શરૂઆતથી અંગ્રેજોએ સુરતમાં કોઠીઓ નાખી વેપાર શરૂ કર્યો ત્યારથી તેમના મનમાં ઠસી ગયું કે કોઇ પણ રીતે મુંબાઇના ટાપુઓ હાથ આવે તો વેપારને ઘણી સગવડ થાય. વલંદા લોકોને સાથે રાખ્યાથી આ કાર્ય સહેલાઇથી પાર ઊતરશે એમ વિચારી વલંદાઓને ટાપુઓનો અર્ધો ભાગ આપવાની લાલચ આપી તેમનો સાથ માગ્યો. સને ૧૬૨૬ના ઑક્ટોબરની ત્રીજી તારીખે વલંદા અને અંગ્રેજોનાં લડાયક જહાજોએ સુરતથી રવાના થઇ મુંબાઇના બારામાં પ્રવેશ કર્યો. ટાપુ કબજે કરતાં બહુ મુશ્કેલી નડી નહિ. દારૂના નશામાં ચકચૂર બનેલા ખલાસીઓ અને સૈનિકોએ ખૂબ લૂંટ ચલાવી અને છેવટે આખા યે શહેરને આગ લગાડી પછી લૂંટેલો માલ પોતાનાં વહાણોમાં ભરી તેઓ સુરત ભણી રવાના થઇ ગયા.

અંગ્રેજોની લાંબા સમયની મુંબાઇના ટાપુઓના માલિક બનવાની ઇચ્છા ઇંગ્લંડના રાજા ચાર્લ્સ બીજાનાં લગ્ન પોર્ટુગલની રાજકુમારી સાથે થવાથી બર આવી. ઇંગ્લંડના રાજાને મુંબાઇ બેટ પોર્ટુગલ તરફથી કન્યાદાનમાં મળ્યો. પોર્ટુગીઝ વાઇસરૉય એન્ટોનાઓ ડી મેલો ડી કેસ્ટ્રોએ કચવાતે મને અંગ્રેજોને મુંબાઇનો કબજો સોંપી પોર્ટુગલના રાજાને લખ્યું કે 'આપ નામદારના ફરમાનને આધીન થઇ મુંબાઇ અંગ્રેજોને સુપ્રત કરું છું, પણ મને લાગે છે કે ભવિષ્યમાં મુંબાઇ લિસ્બન કરતાં પણ વેપાર-ઉદ્યોગમાં જરૂર આગળ વધશે. વળી અંગ્રેજો આ ભાગના વહીવટકર્તા થવાથી આપણો વેપાર જરા પણ સુરક્ષિત રહેશે નહિ. જેવા અંગ્રેજો મુંબાઇમાં પગ મૂકશે કે થોડાં જ વર્ષોમાં પોર્ટુગીઝોને હિંદુસ્તાનમાં ટકવું પણ ભારે થઈ પડશે.'

મુંબાઇ અંગ્રેજ સમ્રાટ પાસે આવ્યા પછી તેનો વહીવટ રાજા તરફથી નીમાએલા પ્રતિનિધિઓ ચલાવતા. પણ ઇસ્ટ ઇન્ડિયા કંપનીનું જોર હિંદુસ્તાનમાં વધવાથી કંપનીનાં માણસો અને રાજાના પ્રતિનિધિઓ વચ્ચે ઝગડા થવાથી છેવટે વાર્ષિક દસ પૌંડના ગણોતથી સને ૧૬૬૮ના માર્ચની ૨૭મી તારીખે લટર્સ પેટંટની રૂએ ઑન. ઇસ્ટ ઇન્ડિયા કંપનીને મુંબાઇનો પટ્ટો લખી આપ્યો અને ૧૬૬૮ના સપ્ટેમ્બરની ૨૩મી તારીખે ઇંગ્લંડના રાજાના પ્રતિનિધિ કૅપ્ટન ગ્રે પાસેથી ગુડયર યંગ નામના કંપનીના અફસરે મુંબાઇ બેટનો કબજો લીધો. લગભગ ૧૯૦ વર્ષ સુધી કંપનીએ આ ટાપુનો ભોગવટો કર્યો. છેવટે સને ૧૮૫૮ના નવેમ્બરની પહેલી તારીખના ઢંઢેરા મુજબ મહારાણી વિક્ટોરિયાએ કંપની સરકારને ખસેડી આખા હિંદમાં પોતાનું સાર્વભૌમત્વ જાહેર કર્યું, તે પ્રમાણે મુંબાઇ પર પણ ઇંગ્લંડના સમ્રાટ તરફથી નીમાએલ સરકારનો અમલ છે.

—રાયસિંહજી કાનજી રાઠોડ

ગાંગો તેલી

'સહેજે પંથનો પાર ન આવે, ભજન થકી ભવ તરશે રે...'

મારા એક મહેમાન આવેલા. તેમને હું ગામમાં ફેરવતો હતો. રસ્તે તેમણે ભજનની ઉપલી લીટી ઊંચા સરોદે ગવાતી સાંભળી. એ ઊંચા પણ કર્કશ અવાજમાં કંઈક આકર્ષણ છે એમ મને મારા મહેમાનના કાન ચમક્યા તે જાણી લાગ્યું.

તેમણે મને એ ગાનાર કોણ છે તે પૂછ્યું. 'અરે! એ તો ગાંગો તેલી. એવાં મીઠાં ભજન લલકારનારા ગામમાં છે ત્યાં સુધી જ અમારું ગામ જીવતું છે, ભાઈ!' હું કંઇક હસવામાં એકાએક બોલ્યો. પણ મને પાછળથી ખબર પડી કે તે દિવસનું ઉપહાસવાક્ય તદ્દન સત્ય હતું.

પણ મારા બોલવાની પરવા ન કરતાં મારા મહેમાન મને સીધા ગાંગાની ઘાણીએ ઘસડી ચાલ્યા. ગાંગો તે વખતે એની ઊંટની ઘાણી પર ચીંથરા જેવી બેઠા ઘાટની કાળી મેશ ટોપી અને તેલથી તરબોળ કાળું કેડિયું તથા ઈજાર પહેરી બેઠો હતો અને ભજન લલકારતો હતો. એનો બાંધો દેખાવે તો કૃશ લાગે, પણ એનું શરીર તદ્દન નરવું. પરસેવે રેબઝેબ એનો ચહેરો પહેલી નજરે તો વ્યગ્ર દેખાય, પણ એ બહુ શાંત અને સરળ હતો. ભજન ગાતોગાતો એ ઘાણીમાં તલ ઓરતો હતો અને નીચે તેલ ટપકતું હતું. મારા મહેમાને તરત જ કંઈક આડીતેડી વાતો એની સાથે રસથી કરી નાખી. એમને ગામડાના કારીગરોમાં કંઇ ઓર રસ હતો; એમને તેમની પરવા ન હતી. તેમણે ગાંગાનું જીવન જાણ્યું અને એના કામ વિશે પણ માહિતી મેળવી. છેલ્લેછેલ્લે ગાંગાથી રે'વાણું નહિ. એણે એની હમેશની ટેવ પ્રમાણે એની ફિલસૂફી પણ છેડી. ભોજાના ચાબખા યે સંભળાવ્યા અને અખાની ફિલસૂફી પણ કહી નાખી.

ગાંગાના જન્મ અને કુળ સંબંધે અનેક વાતો ચાલતી. કહે છે કે ગાંગો જન્મ્યો ને તરત એનાં માબાપ મરી ગયાં. એ અનાથ બન્યો ને એક ડોશીએ એને ઉછેરી મોટો કર્યો. મોટો થતાં તે એક ઘાંચી પાસે મજૂર રહ્યો અને પોતાનું તથા ડોશીનું પેટ ભરવા લાગ્યો. ડોશી જતાં ગાંગાનું કોઈ રહ્યું નહિ. છેવટે પોતાની કમાણીની બચતમાંથી એ પરણ્યો ને એને છોકરાં થયાં.

ગાંગાની બૈરી પણ ઉદ્યોગી ભારે. એણે તો આવતાં જ રૂ પીંજવાનું કામ શરૂ કરી દીધું. ધીમેધીમે એનું પીંજણ બહુ સારું લેખાયું અને વધારે મૂલે પણ એને સૌકોઇ રૂ પીંજવા આપવા લાગ્યું. એનું પીંજણ ચાલતું હોય ત્યાં બરફનો વરસાદ પડતો હોય એવો દેખાવ લાગે. પીંજવાનું ન હોય ત્યારે એ દળણું દળે કે સૂતર કાંતે.

પછી તો ગાંગા પાસે સારી જેવી મૂડી એકઠી થઇ અને એણે પોતા માથે ઘાણી ને બળદ લીધાં. એ તેલ કાઢે અને વેચે. ગાંગો એના ધંધામાં એટલો પ્રવીણ થયો કે પછી તો ગાંગા પર જ તેલના ભાવ આધાર રાખે. ગાંગો એના છોકરાને તેલની ફેરીએ પણ મોકલે. ઘણીવાર એ પોતે પણ નીકળે. ગાંગાનું તેલ એટલે મધ જેવું ઘટ ને ગુણકારી. તલ અને અળસીનું એનું તેલ એ વેચવા નીકળે કે જરા વારમાં વેચાઇ જાય.

ગાંગાને ખેડુતો તલ આપે અને ગાંગો તેમને તેલ ને ખોળ આપે ને મજૂરી લે. તલ ને બીજાં તેલી બી પણ એ વેચાતાં લે. ધીમેધીમે એને ઘણો નફો થયો. એણે એક ઘર ને વાડો વેચાતાં રાખ્યાં. પછી તો એણે એક ઊંટ ખરીદ્યો અને ઊંટની ઘાણી પણ માંડી. એમ ગાંગા પાસે બે ઘાણી થઇ. એક પર પોતે બેસે ને બીજી એનો છોકરો ચલાવે. ઘાણી ફરે ને ગાંગાનું ચિત્ત ચકરોળે ચડે. એને કંઈક વિચારો સ્ફૂરે ને તરંગો ઊઠે. એ નવીનવી યોજનાઓ ઘડે. એની હૈયાઉકલત સારી હતી.

ધીરેધીરે ગાંગો સાધનસંપન્ન થતો ચાલ્યો. પછી એણે એક દુકાન જેવું કર્યું ને ત્યાં જાતજાતનાં તેલ રાખવા માંડ્યાં. એ ધાન રાખતો ને ગાંધીવટું પણ કરતો. એ વેપારી બન્યો.

ગાંગો તલનું તેલ કાઢે અને સરસિયાનું પણ કાઢે. એરંડિયું કાઢવામાં ગાંગા જેવો કોઇ કાબેલ નહિ. એ રાઈ, ટોપરા અને ભોંયશીંગનું તેલ પણ કાઢતો. ગામડાંની સ્ત્રીઓને ઘણા કારણે પ્રિય, ઉપયોગી અને ઘરમાં ચાલુ રાખવા જેવું લીંબોળીનું તેલ પણ ગાંગો તૈયાર કરતો. આમળાં અને નારંગીનું તેલ બનાવતાં પણ ગાંગાને આવડે. અને ગાંગાનું ધુપેલ તેલ એટલે તો પૂછવું જ નહિ?

ગામમાં કોઇ સાધુ, સંત કે ફકીર આવે તો ગાંગો તેમની સેવામાં ખડે પગે તૈયાર હોય જ. તેમની પાસેથી એ ધર્મજ્ઞાન મેળવે અને ભજનો શીખે. એના વિચારો બહુ સારા, પણ આચારમાં મૂકતો હોય એમ લાગતું નહિ. એ ધૂની ને બેપરવા હતો.

ગાંગે મરતાં લગી કામ કર્યું ને ઘાણી ફેરવી. એને એના કામ સિવાય બીજું કાંઇ સૂઝે નહિ; બીજું કામ એને ગમે પણ નહિ. એ પૈસાદાર બન્યો તો યે મજૂર જેટલું કામ કરતો. મજૂરીમાં એને કાંઈ નાનમ કે નામોશી દેખાતાં નહિ.

ગાંગો ગયો ને ગામ ગરીબ બન્યું.

—રામસિંહ કા. રાઠોડ

રાંધવામાં અગ્નિનો ઉપયોગ કેટલો?

આદિ માનવ (primitive man)ની મોટામાં મોટી શોધ બે: એક ચક્ર અને બીજો અગ્નિ.

પૈડાથી ભૌતિક શાસ્ત્રની શરૂઆત થઇ; અગ્નિથી રસાયનશાસ્ત્રની.

અગ્નિ એ બેધારી તલવાર છે. કુશળ વાપરનારના હાથે એ આશીર્વાદ નીવડે છે; અણઘડના હાથમાં એ શાપ સમાન છે.

રસોઇને પણ આ જ બાબત લાગુ પડે છે. આજે આપણે રાંધવા માટે અગ્નિનો જોઇએ એ કરતાં વધુ ઉપયોગ કરીએ છીએ, એમાં શક નથી.

રાંધવામાં અગ્નિનો સમજપૂર્વક ઉપયોગ કરવાથી આપણે આરોગ્યમાં વધારો, કાર્યદક્ષતા (efficiency)માં સુધારો અને પૈસાનો બચાવ કરી શકીએ. એ જ મુજબ ઢંગધડા વિનાના ઉપયોગથી ઉલટાં પરિણામો આવે.

અગ્નિના યોગ્ય ઉપયોગથી માનવીના આહારનો પરીઘ વિસ્તૃત બને છે. અનાજો, કઠોળો અને કંદમૂળ તૈયાર ખોરાકમાં

ફેરવી શકાય છે. વાપરવાયોગ્ય શાકભાજીઓનું પ્રમાણ વધી જાય છે. જ્યારે દેવતાના દુરૂપયોગથી ખોરાક નિઃસત્ત્વ થાય છે, ક્ષારો અને પ્રજીવકો (vitamines)નાશ પામે છે. ખરાબ ખોરાકથી શારીરિક અને માનસિક અવ્યવસ્થા ઉત્પન્ન થઇ પૈસાનો બગાડ થાય છે.

ખાદ્ય પદાર્થો તૈયાર કરવામાં અગ્નિનો ઉપયોગ કરવાનો સર્વોત્તમ રસ્તો કયો?

જે વસ્તુઓ કાચી ખાઇને જીરવી શકાતી હોય તેને કદી રાંધવી નહિ. જે વસ્તુઓ શેકયે સારી થતી હોય એને બાફવી નહિ.

બાફેલા બટાટા અને સક્કરકંદ ખાઇ જુઓ અને એની સાથે શેકેલા બટાટા અને સક્કરકંદનો સ્વાદ સરખાવો.

એક રીંગણ પાણીમાં બાફો, બીજું ભરસાઠમાં શેકો. બન્નેનું ભડત બનાવો, અને પછી બેઉનો સ્વાદ સરખાવી જુઓ. જેનો જીવનરસ પાણીમાં ઓગળી ગયો છે એ રીંગણ કરતાં શેકેલા રીંગણનો સ્વાદ અને પોષક શક્તિ અનેક રીતે ચડિયાતાં હોવાનો અનુભવ થશે.

જે શાકભાજીઓ અને વસ્તુઓ બાફયા વિના છૂટકો નથી તેમાંથી, પોતાના પાણીથી બફાય એટલી હોય તેટલીને તેમના જ કુદરતી પાણીથી બાફવી. વરાળ ચાલી ન જાય એટલા માટે જોઇતી સાવધાની રાખવી. જેમની શક્તિ હોય એમણે તો આને માટે ખાસ waterless cookers (પાણી વિનાના કૂકર) આવે છે તે વસાવવા.

જે વસ્તુઓ પાણીમાં બાફવી જ પડે એમને પણ જોઇતા જ પાણીમાં બાફવી અને ઓસાવવી નહિ. ઓસાવ્યાથી ઘણા કિંમતી ક્ષારો (અને ખાસ કરીને પ્રજીવક 'બ' અને 'ક' જે પાણીમાં પીગળ્યાં હોય છે તે) વહી જાય છે.

વળી જે વસ્તુઓ પાણીમાં બાફ્યે ખાવાયોગ્ય બનતી હોય તેમને તળવી નહિ.

ખોરાકમાં તળેલી વસ્તુઓ ઓછામાં ઓછી રાખવી, કારણ કે એ પચવામાં ભારે હોવાનો દરેક જણનો અનુભવ છે. આ હિસાબે ઢેબરાં, પૂરી કે કચોરી કરતાં રોટલી, રોટલા કે ખાખરા હમેશના ઉપયોગ માટે વધારે ઇચ્છવાયોગ્ય છે.

અગ્નિનો ઉપયોગ કરવામાં ઉપર દર્શાવેલા રસ્તાઓ અને સાવધાનીઓ લેવામાં આવે, અને એ ઉપરાંત બને એટલાં અનાજ કઠોળ અને શાકભાજીઓ છોડાં સાથે વાપરવાનો આગ્રહ રાખવામાં આવે, ઓસાવવાની ટેવ છોડી દેવામાં આવે, અને મરીમસાલાનો અતિ ઉપયોગ બંધ કરી દેવામાં આવે તો આરોગ્ય સંબંધી નાનીનાની ફરિયાદો નાબૂદ થવાની; અને કેટલાક રોગો તો શરૂઆતથી જ અટકવાની ખાત્રી પણ આપી શકાય.

—રમણલાલ એન્જીનિયર

ઘરમાં પ્રકાશ કેટલો જોઇએ?

તેનું માપ બરોબર જાણવું હોય તો આરસો એ સારામાં સારૂં સાધન છે. પણ સારી નજરવાળાથી જ તેનો બરાબર ઉપયોગ થઇ શકે. પ્રથમ તો તમને માફક આવતો પ્રકાશ કેટલો જોઇએ તે નક્કી કરવું. આ માટે આંખને ત્રાસ ન થાય એટલા દિવસના પ્રકાશમાં રહી થોડો વખત વાંચવું. કેટલાકને ઝાડની છાયા પૂરતો પ્રકાશ માફક આવી રહે છે.

એ રીતે વાંચ્યા બાદ કાચમાં તમારી આંખો જોશો તો અંદરની કાળી કીકી બહારના વર્તુલના અર્ધ કાપે ત્રીજા ભાગની પહોળી જણાશે; એટલેકે બે બાજુ બીજી બે કાળી કીકીઓ મૂકીએ તેટલી. આટલું યાદ રાખ્યા બાદ તમે કોઈપણ પ્રકાશનું માપ લઇ શકશો. પ્રથમના પ્રકાશ કરતાં તેમાં વધઘટ હશે તો તે પ્રમાણે કીકી ઉપર તેની અસર જણાશે. વધુ હશે ત્યારે કીકી સંકોચ પામેલી જણાશે અને થોડો હશે ત્યારે ખેંચાઇને વધારે પહોળી થશે.

ગિરિરાજ

અજમેરથી અમે મથુરા જવા માટે ટ્રેઇનમાં બેઠા ને સાંજે ભરતપુર પહોંચ્યા. અહીં ટ્રેઈન બદલવાની હતી. અમે જે ડબ્બામાં બેઠા હતા તે ડબ્બામાંથી 'ગિરિરાજધરણ કી જે' એવો પ્રચંડ ધ્વનિ ઉતારૂઓએ કર્યો. મેં ટ્રેઈનમાં બેઠાંબેઠાં જ ચારે બાજુ જોયું, પણ મને ગિરિરાજનાં દર્શન ન થયાં. અમે મથુરા ઊતર્યા. છત્તા-બજારમાં 'આનંદભુવન' નામની ધર્મશાળામાં મુકામ કર્યો. અમારા કાર્યક્રમ પ્રમાણે બીજે દિવસે ગિરિરાજ જવાનું હતું, સવારમાં અમે ઘોડાગાડી ભાડે કરી લીધી અને ગિરિરાજ જવા ઊપડયા. પાકી બાંધેલી સડક, બંને બાજુ મોટાં મોટાં વૃક્ષોની હારો અને એ વૃક્ષોની ઉપર એક ડાળીએથી બીજી ડાળી ઉપર કૂદાકૂદી કરતાં અને સતત કિલકિલાટી કરતાં અસંખ્ય માકડાંઓ વગેરે જોતા, વચમાં જમના નદીની નહેર ઓળંગતા, (આ નહેરથી આ બાજુનો પ્રદેશ ખૂબ ફળદ્રુપ બન્યો છે) અમે ગોવર્ધન નામના ગામે આવી પહોંચ્યા. અહીંથી જ ગિરિરાજ અથવા ગોવર્ધન પર્વત શરૂ થાય છે. ગિરિરાજ નામ ઉપરથી મેં ગિરનાર અને આબુ કરતાં પણ મોટો પહાડ હશે એમ કલ્પેલું. તેને બદલે અહીં અમે સરોવરની પાળ માફક ખૂબ નીચો, આશરે અરધો માઈલ પહોળો, ને માઇલોના માઇલો સુધી લાંબો ટેકરો એવો ગિરિરાજ જોયો. આ ગિરિરાજની તળેટીમાં ગોવાળીઆઓને ગાયો ચરાવતા જોઇ સ્વભાવિકરીતે મારા મોંમાંથી ઉદ્ગાર નીકળી પડયા કે શ્રીકૃષ્ણ આ જ પ્રમાણે ગોપબાલકો સાથે અહીં ગાયો ચરાવતા હશેને?

જતીપરા ગામની લગોલગ આવેલા આ ગિરિરાજની તળેટીમાંના મંદિરમાં શ્રીનાથજીની મૂર્તિને એવી સરસરીતે શૃંગાર–આભૂષણો ધરાવવામાં આવે છે કે મેવાડમાં આવેલા શ્રીનાથજીની આબેહૂબ પ્રતિમા જોઇ લ્યો. અહીં બેસતા વર્ષને દિવસે અન્નકૂટ વખતે ખાસ કરીને વૈષ્ણવ સંપ્રદાયનાં પુષ્કળ માણસો દર્શનાર્થે આવે છે. ગિરિરાજ ઉપર અસલના વખતનું શ્રીનાથજીનું મંદિર છે. આ મંદિરના જેવી જ આબેહૂબ આકૃતિનું

મંદિર શ્રીનાથજીમાં છે. અહીં એક ભોંયરૂં છે ને બધી દંતકથાઓની માફક આને માટે પણ કહે છે કે આ ભોંયરૂં ઠેઠ મેવાડમાં આવેલા શ્રીનાથજીના મંદિર સુધી લાંબું છે. ગિરિરાજ ઓળંગીને જતા આનોર નાગનું ગામ આવે છે. વૈષ્ણવ સંપ્રદાયના ગ્રંથોમાં શ્રીનાથજીના આ મંદિર, ગિરિરાજ વગેરે સબંધી પુષ્કળ આખ્યાયિકાઓ પ્રસિદ્ધ છે. આ ગિરિરાજની પરિક્રમા કરવા માટે જન્માષ્ટમી પછી દર વર્ષે વૈષ્ણવ સંપ્રદાયના આચાર્યોની આગેવાની નીચે યાત્રાળુઓનો એક મોટો સંઘ નીકળે છે. તેઓ ચાલીને થોડા થોડા માઇલ મુસાફરી કરે છે. ઠેરઠેર તંબુઓ અને રાવટીઓ સાથે મુકામ કરતા જાય છે. રાત્રે ભજન-કીર્તન, રાસલીલા વગેરે થાય છે. આ રીતે ધાર્મિક દૃષ્ટિએ પણ પ્રવાસનો આનંદ કરતાંકરતાં લીલી પરિક્રમા પૂરી કરી, ભાઇબીજે મથુરા પહોંચી, યમુનાજીમાં નાહી સંઘ વિખરાઇ જાય છે.

—કેશવલાલ જટાશંકર મહેતા

નવાં પુસ્તકોની નોંધ

કાવ્યકલગી: ગૂંથનાર અને પ્રકાશક-મનુ હ. દવે ઉપલી શેરી સિદ્ધપુર, ૧-૦-૦; **અંતરની વાતો:** લેખક 'સોપાન', પ્રકાશક-ક્ષેમશંકર દવે અંજલિ ગ્રંથમાલા ડેન્સો હૉલ કરાચી, કાચું ૧-૪-૦, પાકું ૧-૮-૦; **દરિયાના મામલા:** લેખક-'ચારુદત્ત', પ્રકાશક-ઉપર પ્રમાણે, ૦-૪-૦; **સંજીવન** (નાટક): લેખક અને પ્રકાશક-સનાતન જન્મશંકર બૂચ, વિલ્સન રોડ કોલ્હાપુર, ૦-૧૦-૦; **સુનીતા શ્રૉફ** એમ. એ.: લેખક-યજ્ઞેશ હ. શુક્લ, પ્રકાશક-ગુણસુંદરી કાર્યાલય, ૧૧૪ વિઠ્ઠલભાઇ પટેલ રોડ, મુંબાઇ-૪, ૦-૧૨-૦; **ઇતિહાસદર્શન** (ખંડ બીજો પુસ્તક પહેલું): લેખક-'ધૂમકેતુ', સોલ એજન્ટ-ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય ગાંધીરોડ અમદાવાદ, ૦-૮-૦; **કેટલાંક કાવ્યો** (ભાગ ૩): લેખક અને પ્રકાશક-ન્હાનાલાલ દલપતરામ કવિ, એલિસ બ્રિજ અમદાવાદ, ૧-૦-૦; **ગુરુદક્ષિણા:** લેખક અને પ્રકાશક-ઉપર પ્રમાણે, ૧-૮-૦; **ખંડિત મૂર્તિઓ** (કાવ્યસંગ્રહ): લેખક-પ્રકાશક-ઈન્દુલાલ ગાંધી સમરસેટ સ્ટ્રીટ કૅમ્પ કરાચી, ૧-૦-૦; **બાલવિજ્ઞાન અને ભૂગોળની વાતો:** લેખક-પ્રકાશક-વિઠ્ઠલરાય યજ્ઞેશ્વર આવસથી તખ્તેશ્વર પ્લૉટ ભાવનગર, ૦-૮-૦; **રેખાચિત્રો** (જૂનાં અને નવા): લેખક-સૌ. લીલાવતી મુનશી, પ્રકાશક-જીવનલાલ અમરશી મહેતા, મીરઝાપુર રોડ અમદાવાદ, ૨-૮-૦; **નરવીર, વિચાર કરવા માટે, કૉમરેડ લેનીન:** લેખક ચન્દ્રભાઇ કા. ભટ્ટ, પ્રકાશક-'ચાલો વિચારીએ' ગ્રંથમાલા માટે કાન્તિલાલ કાકા, 'ચાલો વિચારીએ' કાર્યાલય એલિસબ્રિજ અમદાવાદ, કિં. અનુક્રમે ૦-૨-૬, ૦-૨-૬, ૦-૩-૦; **ચાલો વિચારીએ:** લેખક-પિનાકી, પ્રકાશક-ઉપર પ્રમાણે, ૦-૨-૦; **ખગોલ ગણિત** (ભાગ ૨ સૂર્યદર્શન): લેખક-પ્રકાશક-હરિહર પ્રા. ભટ્ટ, પ્રસ્થાન કાર્યાલય મારફત, પારસી અગિયારી સામે અમદાવાદ, ૦-૮-૦; **પ્રત્યક્ષ પંચાંગ** (૧૯૯૨નું) સાયન તથા નિરયન ગ્રહસ્થિતિ સહિતનું: યોજક-હરિહર પ્રા. ભટ્ટ, સંપાદક તથા પ્રકાશક-કૃષ્ણરામ વ્હાલજી ભટ્ટ, ૮૦ કાલ્હેલ સ્ટ્રીટ, મુંબાઈ-૨; **મ્હારાં સૉનેટ:** કર્તા અને પ્રકાશક-બલવન્તરાય કલ્યાણરાય ઠાકોર, ચુનારવાડો ભરૂચ, મળવાનું સ્થળ બધા જાણીતા બુકસેલરો, ૧-૦-૦; **સોવીયેટ નવજુવાની:** કર્તા, પ્રકાશક અને મળવાનાં સ્થળ ઉપર પ્રમાણે, ૧-૪-૦; **તવારીખની તેજછાયા** (પુસ્તક ૪-૫): જવાહરલાલ નેહરૂના અંગ્રેજી પુસ્તક ઉપરથી અનુવાદક-વેણીલાલ બૂચ, પ્રકાશક સૌરાષ્ટ્ર સાહિત્યમંદિર રાણપુર, ૦-૮-૦; **તનમનિયાં** (બાલગીતો): લેખક-સોમાભાઇ ભાવસાર, પ્રકાશક-કાન્તિલાલ કેશવજી કારીઆ ભાવનગર, ૦-૨-૬; **ચાંદરણાં:** લેખક-ચન્દ્રવદન મહેતા, સંપાદક-જમુભાઇ દાણી અને સોમાભાઇ પટેલ, પ્રકાશક-સુંદર સાહિત્ય પ્રકાશન મંદિર, ન્યૂ ઇરા સ્કૂલ ગોવાળિયા ટૅંક મુંબાઇ-૭, ૦-૬-૦; **શકુંતલા રસદર્શન** (ત્રિઅંકી નાટક): લેખક અને પ્રકાશક-બટુભાઈ લાલભાઇ ઉમરવાડિયા, ગોપીપુરા સુરત, ૦-૧૨-૦; **કથાવલિ** બીજી (ટૉલ્સ્ટૉય ગ્રંથાવલિનો આગળ મણકો): અનુવાદક-વિશ્વનાથ મગનલાલ ભટ્ટ, પ્રકાશક-પ્રસ્થાન કાર્યાલય અમદાવાદ, ૧-૪-૦; Report of the Borsad Plague Relief Inquiry Committee 1935.

ગુજરાત વર્નાક્યુલર સોસાએટીનાં નવાં પ્રકાશનો

મીરાતે અહમદી વૉ. ૨ ખંડ ૩: અનુવાદક-દી.બ. કૃષ્ણલાલ મો. ઝવેરી, ૧-૦-૦; **ભાગવત**-રત્નેશ્વર કૃત, સ્કંધ ૧-૨: સંપાદક-કેશવરામ કાશીરામ શાસ્ત્રી, ૧-૦-૦; **હિન્દુસ્તાનનો પ્રાચીન ઇતીહાસ**-ઉત્તરાર્ધ: અનુવાદક-છોટાલાલ બા. પુરાણી ૧-૦-૦; **ધર્મ અને સમાજ** પુ. ૨: કર્તા-સ્વ. રમણભાઇ મહીપતરામ નીલકંઠ, ૧-૦-૦; **અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન** ખંડ ૧: લેખક-હીરાલાલ ત્રિ. પારેખ; ૧-૦-૦; **ગ્રંથ અને ગ્રંથકાર** પુ. ૯: સંપાદક-હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ, ૧-૦-૦; **પ્રાચીન અને મધ્યકાલીન ભૌગોલિક કોશ** ખંડ ૧: લેખક-ડાહ્યાભાઈ પી. દેરાસરી, ૦-૧૨-૦; **વહાણવટાની પરિભાષા:** સંગ્રાહક અને સંપાદક-હરિલાલ રંગીલદાસ માંકડ, ૦-૮-૦; **ગુજરાતી સાહિત્યમાં સૉનેટ:** લેખક-સુંદરજી ગો. બેટાઇ, ૦-૪-૦; **ગુજરાતની વનસ્પતિઓ:** લેખક-વૈદ્ય બાપાલાલ ગરબડદાસ, ૦-૪-૦; **કેળનો બગીચો:** લેખક મગનલાલ ગજ્જર, ૦-૪-૦.

પોતાના પ્રામાણિક અને સ્વતંત્ર મતને વળગી રહેવા માટે સર ટૉમસ મોરને ઈંગ્લંડના રાજા આઠમા હેન્રીએ જ્યારે કારાવાસમાં નાખ્યો ત્યારે તેની મુલાકાતે આવેલી તેની પ્રેમાળ પત્નીએ ત્યાંનાં દુઃખ તથા દુર્દશા જોઈ દ્રવતે અંતરે કહ્યું કે 'તમે તમારી નાહક જિદથી આ દુઃખ ભોગવી રહ્યા છો. નહિતર જીવનની આ ઉત્તરાવસ્થામાં આપણા મહેલમાં સુખ-ચેનમાં રહેત.' પત્નીનો ઉભરો ઠલવાયા પછી મોરે તેને શાંતિથી પૂછ્યું, 'પરંતુ આ કેદખાનું પણ આપણા મહેલ જેટલું જ પ્રભુના દરબારની નજીક નથી?'

અનેકાર્થી શબ્દઃ **વાદી**=મદારી; દાવો કરનાર ફરિયાદી; ગાવા બજાવવામાં જે સ્વરથી સપ્તક બાંધવામાં આવે તે સ્વર, અથવા રાગનો પ્રધાન સ્વર; કોઇપણ વાદમાં માનનારો જેમકે વેદાંતવાદી.

ગણિતગમ્મત


૩૪×૩૪=૧૧૫૬

૩૩૪×૩૩૪=૧૧૧૫૫૬

૩૩૩૪×૩૩૩૪=૧૧૧૧૫૫૫૬ વગેરે. આ પ્રકારના બીજા શોધી શકશો?

કહેવતોના અર્થ: 'ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રૂએ.' જાહેર રીતે રોવાથી, ગુના માટે સજા પામેલો પોતાનો દીકરો છે એમ જાણ થઇ જાય તેથી આબરૂ જાય, અને લાગણીને લીધે રડ્યું ખાળી રખાય નહિ:—એટલેકે ત્રિશંકુ જેવી વિચિત્ર પરિસ્થિતિમાં આવી પડેલાં માણસો માટે આ કહેવત વપરાય છે. એવા જ સમાન અર્થની બીજી કહેવત: 'હૈડકાણે ગુમડું ને સસરો વૈદ્ય.'

હિરકચા (અરધા કાચા ને અરધા પાકા) પોપૈયાને વચ્ચેથી ચીર્યા પછી તેની કપાએલી કિનાર ઉપર રસના જે મોતીઆ બાઝે છે તે સ્વચ્છ રૂ ઉપર લઇ લઇને હરસ પર લગાડવાથી જરા લગ-લગશે; પણ સૂકા કે દૂઝતા ગમે તેવા હરસ એથી નાબૂદ થઇ જશે.



ઉપરની આકૃતિમાં વચ્ચેનું વર્તુલ ડરડાએલું લાગે છે તે એ આકૃતિમાંની આગુ બાજુની ત્રાંસી ખુણિયા લીટીઓને લીધે. બાકી વાસ્તવિકરીતે તો વર્તુલ સાચુંજ છે.

ઘણાખરા કરોળીયાઓને આઠ આંખો હોય છે; તેઓ સંગીતના ખાસ શોખીન હોય છે.

તારવાળા વિજળીના ગોળાને બદલે જર્મનીમાં સોડિયમ ધાતુની વરાળવાળા બત્તીના ગોળાનો પ્રચાર પુષ્કળ થાય છે. વીજળીની બત્તીના સામાન્ય ગોળા કરતાં એનો પ્રકાશ વધારે હોઇ એ લાંબો વખત ટકે છે, અને ધુમ્મસના આવરણમાં પણ એ પ્રકાશ જોઇ શકાતો હોવાથી મોટરની ટૉચલાઇટમાં એ જ ગોળાઓનો વપરાશ છૂટથી થાય છે.



માણસ પોતાનું મોં વધારેમાં વધારે કેટલું પહોળું કરી શકે તેના જીવતાજાગતા પુરાવા રૂપ, ૭૦ વર્ષનો આ બુઢ્ઢો સૅમ રિમ્પ્સન શિકાગોના વિશ્વમેળા વખતે રૉબર્ટ રિપ્લે તરફથી વિશ્વવૈચિત્ર્ય તરીકે રજુ થયો હતો. (છોટાલાલ માનસિંગ)



ફ્રૅંક આર્કિન નામના આ માણસને લડાઇમાં ગોળી વાગેલી. તેના કાણામાં સિગારેટ રાખીને તે પી શકે છે!

સદ્‌ગત ગોપાલ કૃષ્ણ ગોખલે એટલી ગરીબ અવસ્થામાં ઉછર્યા હતા કે આઇસ્ક્રીમ ખારો હોય છે કે મીઠો તેની ખબર પ્રોફેસર થયા ત્યાં સુધી ન હતી.

નૉર્વેની નહેરોમાંની કેટલીકનું પાણી એટલું ચોકખું હોય છે કે દોઢસો ફીટની ઊંડાઇએ પડેલી ૧૧ ઇંચના પરીઘની વસ્તુ પણ તેમાંથી જોઇ શકાય છે.

છેલ્લા સમ્રાટ બહાદુરશાહ ઝફરનો એક પૌત્ર અલીગઢ કૉલેજમાં રસોડાના ઉપરી તરીકે નોકરી કરતો હતો. સરકાર તેને માસિક રૂ. ૫)નું પેન્શન આપતી.



ચિત્રકારોને કુદરતના અભ્યાસાર્થે રખડપાટે જવા માટે ઉપર બતાવેલાં જોડીઆં ખુરશી-મેજ ઉપયોગી છે. એની રચના એવી છે કે કોઈ પણ પ્રકારના કાર્ય માટે તે અનુકૂળ સ્થિતિમાં ગોઠવી શકાય. વળી વજનમાં તે એટલું હલકું તથા નાનું છે કે બગલમાં મારીને લઇ જઇ શકાય. કોઇ પણ સુથાર તે બનાવી શકશે.



ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

વિગતો માટે જુઓ પૃ. ૪૨૮

ડાબી બાજુ • ઉપર: 'જલસિંચન'–ચુનીલાલ ખરાદી (વડોદરા): પહેલું ઈનામ; નીચે: 'રસ્તામાં સીનેમા'–પી. કે. શાહ (મુંબાઈ) બીજું ઈનામ; જમણી બાજુ • ઉપર: 'અવસ્થાને આરે'–પ્રાણલાલ પટેલ (અમદાવાદ) ત્રીજું ઈનામ; નીચે: 'આષાઢ આવતાં'–રામભાઈ ત્રિવેદી (ઝાંઝીબાર) નોંધપાત્ર.